
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સળંગ અંક ૧૨૪ મો

તંત્રી
રવિશંકર રાવળ
સંપાદક
બચુભાઈ રાવત
વર્ષ ૧૧
અંક ૪
ચૈત્ર સં. ૧૯૯૦



પરબ ફોટો : કનૈયાલાલ શેઠ (સુરત) આ અંકની હરીફાઈમાં ત્રીજું ઈનામ મળેલું ચિત્ર

કુમાર

ચૈત્ર ૧૯૯૦

અંક ૧૨૪

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકે. વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

સુરતના એજન્ટ: વનરાજ બ્રધર્સ: લીમડા ચોક: સુરત

કલકત્તા: ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ

મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



સાગરસંગીત
ચિત્રકાર • કનુ દેસાઈ

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

ચૈત્ર · ઓગણીસસો નેવું

સોપાન

❡ પગથિયાં જેમ ઘરને મોટી સગવડ છે તેમ શોભા પણ છે. પગથિયાં ચડવાં અને ઊતરવાં તેમાં બાળકોને કેટલો આનંદ આવે છે! પગથિયાં એ સ્વભાવે જ એક કાવ્ય છે. પૈડું જોયું કે ફેરવવાનું મન થાય જ; ધમણ જોઈ કે એને શ્વાસ લેતી કરાવ્યા વગર રહેવાતું જ નથી; તેમજ સોપાનપરંપરા જોઈએ કે ચડ-ઊતર ચાલી જ. આનું કારણ શું? પૈડું, ધમણ અને પગથિયાં ત્રણે જીવનનાં પ્રતીક છે. જે બાળક નાનપણમાં પૈડું ફેરવવામાં રસ લેતું તે જ બાળક મોટપણમાં ભાગીરથીને કાંઠે ઋષિપત્તનમાં ધર્મચક્ર ચલાવતું થયું અને આજે એ ધર્મચક્ર સાતે ખંડમાં પોતાની અસર જણાવી રહ્યું છે. જે બાળક લુહારને ત્યાં ધમણ ચલાવવામાં એકાગ્ર થતું એ જ બાળક મોટપણમાં સમાજમાં પ્રાણ ફૂંકવામાં પોતાનો પ્રાણસર્વસ્વ વાપરતું થાય તો તેમાં આશ્ચર્ય શું? અને સોપાન ચડવાનું તો દરેક જીવનું કાર્ય જ છે. કોણ જાણે કેટલાં અબજ વર્ષો વીતી ગયાં હશે, દરેક જીવ પગથિયાં ચડતો જ જાય છે. ચોરાશી લક્ષ યોનિ એ કંઈ અતિશયોક્તિ નથી; હોય તો અલ્પોક્તિ જ છે.

❡ અને ઈશ્વરે પણ યોજના કેવી કરી છે! જેમજેમ ઉપર ચડીએ છીએ તેમતેમ આપણને વધુ ને વધુ દૂર અને દૂર દેખાય છે. જેની ઉન્નતિ થઈ છે તેનામાં દૂરદૃષ્ટિ—વિશાળ દૃષ્ટિ આવવાની જ. બાળપણનું જ્ઞાન જુઓ અને મોટપણનું જુઓ.

❡ ત્યારે આપણે વધુ કમાવાની, વધુ સંઘરવાની ઉતાવળ શા માટે કરીએ? માત્ર મોટા થવાની આકાંક્ષા રાખીએ, ઊંચા થવાનો પ્રયત્ન કરીએ; અને તે પણ એકદમ કૂદીને નહિ, પણ સ્થિર પગલેથી ચડીને—એકએક પગથિયા ઉપર પોતાનો આખો ભાર મૂકીને. આટલું કરીએ એટલે આપણી બાજુનું કાર્ય થઈ રહ્યું. બાકીનું બધું સોપાનેશ્વર જીવનનાથ પરમાત્માના હાથમાં છે. એણે પુરુષાર્થના સાધન તરીકે આપણને સોપાન આપ્યું છે, ચડવાની વૃત્તિ આપી છે તે સાથેસાથે કહ્યું છે—**आरोहणं तु सायासम्। अनायासं तु पातनम्॥**


દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

(હસ્તલિખિત 'સોપાન'માંથી)




ઔંધ નરેશનાં રામાયણનાં ચિત્રો, ચિત્રકલાના ઉપાસક અને આશ્રયદાતા તરીકેની તેમની ખ્યાતિ, સંસ્કૃત મહાભારતની પ્રત માટે તેમની આગેવાની અને સૂર્યનમસ્કારના પ્રખર પ્રચાર માટેના તેમના પ્રયત્નો, આ બધાથી તેમનું નામ હિંદુસ્તાન આખામાં જાણીતું થયું છે. તેઓ ખરેખર મહારાષ્ટ્રની આજની દુનિયામાં આગેવાનીભર્યું વ્યક્તિત્વ ધરાવે છે અને મહારાષ્ટ્રના એક સંસ્કારમૂર્તિ ગણાય છે. રાજ્યવિસ્તાર કરતાં સંસ્કૃતિનો પ્રભાવ મોટો છે એ તેમનું નાનકડું સંસ્થાન જોઇ સિદ્ધ થાય છે. ઔંધ સંસ્થાન માત્ર ત્રણચાર લાખની આવકનું, ત્રણેક હજારની વસ્તીવાળું મુખ્ય શહેર (ઔંધ) ધરાવતું અને છ્યાં-છવાયાં ગામો પર દીવાની ફોજદારી સાચવતું હોવા છતાં, મહારાષ્ટ્રના પ્રગતિ મંડળમાં આગળ નામ ધરાવે છે એ જાણી કોઇને પણ સાનંદાશ્ચર્ય થાય. પણ તેનાં કારણો જાણીએ છીએ ત્યારે તેના સંસ્થાપક સૂજ્ઞ શ્રી પંત સાહેબ માટે માન અને આદરની લાગણી થયા વિના રહેતી નથી

૭૦ વર્ષની અવધે પહોંચતા આ કલાકાર વિદ્વાન રાજવીની શારીરિક સ્ફુર્તિ અને ઉત્સાહ જોતાં ભલભલા યુવાનોનું પાણી ઊતરી જાય. સૂર્યોદય પહેલાં તો તે સ્નાન કરી ઔંધથી બે માઈલ દૂર પોતાની કુળદેવીનું મંદિર એક ૫૦૦ ફીટ ઊંચી ટેકરી ઉપર છે ત્યાં ચડીને દર્શન કરી આવે. એ સ્થાનને મૂળપીઠ કહે છે. મરાઠા રાજ્યના સંસ્થાપન વખતે આ મૂળપીઠ. આસ-પાસ ફરતી ટેકરી પર દેખાતા કિલ્લાઓનું કેન્દ્ર હશે એમ લાગે. આ ટેકરી પર નાનકડો કિલ્લો છે અને તેમાં લડાઈ સમયની બધી જરૂરિયાતો પૂરી પડે એવી ગોઠવણ છે. વચમાં માતાનું મંદિર છે. શારીરિક પરિશ્રમથી પ્રજાને મજબૂત અને સશક્ત રાખવાના આગ્રહી પંત સાહેબે ઘણા યુવાનોને આ ટેકરી પર રોજ ચડી દર્શન કરી આવવાની પ્રતિજ્ઞા લેવડાવી છે. પોતાના કુટુંબનાં માણસોને પણ રોજ સવારમાં વહેલાં આટલી વિધિ તો કરવી જ એવો નિયમ કરાવ્યો છે. આથી તે બધામાં તેજસ્વિતા અને સ્ફુર્તિ ખીલતાં રહે છે. મારા મિત્ર પંઢરીનાથજી પણ ત્યાં હોય ત્યારે દિવસમાં એકવાર ત્યાં જવું જ એવું વ્રત પાળે છે.



આ ઉપરાંત મહારાષ્ટ્રમાં સૂર્યનમસ્કારથી શરીર સુદૃઢ કરવાની ધૂન ચાલુ કરવાનું સર્વ માન તેના અગ્ર નેતા તરીકે શ્રી પંત સાહેબને જ ઘટે છે. એ વિષય ઉપર તેમણે અંગ્રેજી



ઔંધ સંસ્થાન તથા તેને લગતા પ્રદેશનું સ્થાન દર્શાવતો નકશો

તેમજ મરાઠી ભાષામાં પુસ્તકો બહાર પાડયાં છે; વ્યાખ્યાનો આપ્યાં છે. ગુજરાતીમાં પણ તેનો અનુવાદ થયો છે. તેમના નિકટના સંબંધીઓ કુટુંબીઓ તેમજ રાજ્યનાં માણસો સર્વને પંત સાહેબનો પહેલો પ્રશ્ન 'રોજ સૂર્યનમસ્કાર કરો છો ને ?' હોય જ. પણ આ પ્રશ્ન માત્ર ઉપચારરૂપ નથી હોતો. ઘણાયે માણસો સૂર્યનમસ્કારનું આ વ્રત અતિ શ્રદ્ધા અને નિયમિતતાથી પાળે છે શ્રી પંત સાહેબ પોતે આટલી ઉંમરે ૩૦૦ જેટલા નમસ્કાર કરે છે અને તેના ફળ રૂપે તેમની સુદૃઢ દંતપંક્તિઓ, સાબૂત દૃષ્ટિ અને આખા દિવસની કાર્યક્ષમતા દૃષ્ટિગોચર થાય છે.

સૂર્યોદય પહેલાં બે કલાક જાગૃત થઇ, સ્નાન વગેરે પતાવી, મૂળપીઠનાં પગથિયાં ચડી દર્શન કરી આવે. પછી પોતાના ખાસ ખંડમાં જઇ દુગ્ધપાન કરે; પણ તે એકલા નહિ. પોતે ગાદી પર બેઠા હોય, એક બાજુ ઘરની ગાયોનું દૂધ એક રૂપાના ઘડામાં ભર્યું હોય; નાની મોટી વાટકીઓ, પ્યાલાઓ, ટંબલીઓ પાસે હોય; એક ડબ્બો પેંડાનો હોય; એક મોટી બરણીમાં કેસરીજીવન ભર્યું હોય. પછી રાણીસાહેબથી માંડી છેલ્લું બે માસનું બાળક પણ ત્યાં આવીને પોતપોતાની શક્તિ પ્રમાણે દુગ્ધપાન, પેંડા જીવન વગેરે લે. મહેમાન પૈકી કોઈ ત્યાં આવે તેને પણ વિના અપવાદે લાભ મળે. અહીં કુટુંબ-મેળો પણ થઈ જાય. પછી ભલે આખો દિવસ કોઇકોઇને મળી ન શકે. બાળકો, કન્યાઓ, પૌત્રો વગેરેના બનેલા એક કુટુંબજૂથ વચ્ચે બેઠેલા પંત સાહેબને જોતાં અદશ્ય થતી કુટુંબભાવનાનો છેલ્લો પ્રવેશ લાગે. કુલગૌરવ અને રાષ્ટ્રગૌરવની મૂર્તિસમા પંત સાહેબ એમના જમાનાના છેલ્લા પુરુષ છે એમ લાગે છે.

દુગ્ધપાન થયા બાદ બહારગામથી આવેલા મહેમાનો સાથે વાર્તાલાપ, ચર્ચા વગેરેમાં જ્યારે પંત સાહેબ ઊતરે છે ત્યારે પોતાના પદને વીસરીને એક ખરેખરા વિદ્યા, કળા, ઇતિહાસ, પુરાણ, તત્ત્વજ્ઞાન વગેરેના મરતીમર્યા પુરુષ તરીકે તે પ્રત્યક્ષ થાય છે. દુગ્ધપાનવાળા ખંડમાં તેમણે તેમનાં માનીતાં ચિત્રો રાખ્યાં છે. તે દરેક બનાવતી વખતે પોતાના સંગ્રહનું અભિમાન તેમનાથી સહજ થઇ જાય છે. થોડાં પણ કેટલાંક ઐતિહાસિક શસ્ત્રોનો તેમનો સંગ્રહ ઉઘાડતાં મહારાષ્ટ્રનું શૌર્ય તેમનામાં સજીવન થતું લાગે: 'આ તલવાર બીજાપુરના સુલતાનની; આ કટાર–આ બરછી આમ પકડાય; આ મુદ્ગર, આ શસ્ત્ર અમારા મરાઠાઓનાં. આજકાલના જુવાનો પુસ્તકોનો ભાર પણ ખમી ન શકે તેમને કહું છું કે મરાઠાની તાકાત પાછી મેળવો. મહારાષ્ટ્રીય તરીકે કડાણુકાય બનો. અરે, આ ખડ્ગ હાથમાં તો લ્યો; તમારામાં શૂર ફૂટશે.'

પોતે સ્વયંભૂ કલાકાર હોવાથી અલબત્ત, ચિત્રોની જાતપસંદગી કરી દરેક મહારાષ્ટ્રીય ચિત્રકારનાં તેમ જ રવિવર્માથી માંડી આજના નવીન યુગ સુધીનાં ચિત્રો સંઘર્યાં છે. પણ તેમાં અભિનવ ભારતીય કળાને સ્થાન મળ્યું નથી. બંગાળી ચિત્રકારોમાંથી યુરોપી ઢબે ચીતરનાર શ્રી જે. પી ગાંગુલી અને શ્રી હેમેન્દ્રનાથ મઝુમદારનાં જ ચિત્રો છે. નવી શૈલી તરફ તેમનો કંઇક વિચિત્ર મનોગ્રહ છે. તેઓ પોતે સારા ચિત્રકાર છે તેમજ સંસ્કૃત સાહિત્યના પરમ ઉપાસક હોવાથી ભાંડારકર ઇન્સ્ટીટ્યુટ તરફથી બહાર પડતી મહાભારતની સંશુદ્ધ આવૃત્તિ માટે ચિત્રો કરાવવા એક લાખ રૂપિયા કાઢ્યા છે. પણ તે ચિત્રો કરાવવાનું પોતાની દેખરેખ નીચે ઔંધમાં જ રાખ્યું છે, એટલે તે કામમાં તેમની રૂચિ, સંસ્કાર અને શૈલી જવાબદાર છે. આ બાબતમાં તેમની સંપૂર્ણ સ્વાધીનતા હોવાથી બીજાઓની ચર્ચા કે ટીકાને અવકાશ મળતો નથી એમ જણાય છે. તેમણે અતિ ઉત્સાહપૂર્વક સ્વીકારેલા એવા છતાં એકપક્ષી મતથી તૈયાર થએલી એ કૃતિઓ સાર્વજનિક ઉપયોગ માટે પ્રકટ કરતાં પહેલાં ઘણું સંસ્કરણ અને સુબદ્ધ યોજના માગે છે.

ગ્રંથાલય, ચિત્રસંગ્રહો, શિલ્પસંગ્રહ બધું તેમણે રાજવાડાના જુદાજુદા ખંડોમાં રોજ નજરે પડે તથા ઉપયોગમાં લઇ શકાય એમ ગોઠવ્યું છે અને મહેમાનો તથા અતિથિઓ માટે બહુ સુલભ રાખ્યું છે. તેમણે પોતે કરેલાં રામાયણ મહાભારતનાં ચિત્રો ચોપડીઓમાં જોઇએ છીએ તે પરથી બહુ સાચો ખ્યાલ આપતાં નથી, પણ તેમના નિવાસની બાજુમાં એક મોટું દેવીમંદિર કરાવ્યું છે તેના વિશાળ સભામંડપમાં એ બધાં રાખ્યાં છે ત્યાં જોઇએ છીએ ત્યારે તેમની કલાઉપાસના, ઉદ્યોગ અને પરિશ્રમશક્તિનો ખ્યાલ આવે છે. એ દરેક ચિત્ર લગભગ ચાર ફૂટ પહોળું અને ૫ કે ૫ાા ફૂટ ઊંચું છે અને દરેકમાં બહુ સ્વચ્છ રંગાટ તથા સુસ્પષ્ટ ચિત્રાંકન



પંત સાહેબ પોતે સ્વયંભૂ કલાકાર છે

જોઈ તેમના કલાકારપદ માટે શંકા રહેતી નથી.

એ જ મંડપમાં ફરતી અટારી બાંધી તેમાં મ્યૂઝિયમ ગોઠવ્યું છે. તેમની પાસે મુગલ, રજપૂત વગેરે સમયનાં હિંદી ચિત્રોનો જે મોટો સંગ્રહ છે તે બધો અહીં ગોઠવ્યો છે. ઉપરાંત સામાન્ય જનતાને રૂચે એવી ચીજો, રમકડાં, ચિત્રો પણ રાખ્યાં છે, જેથી દર્શને આવનાર પ્રજાજનોને રોજ આત્મરંજન કે વિકાસ માટે તે સુપ્રાપ્ય બને. ઉપરાંત વખતોવખત સભામંડપમાં વ્યાખ્યાનો પ્રવચનો હોય જ. તે ધાર્મિક જ હોય એવું કંઈ નહિ; બધા જ વિષયો માટે તે મંડપ વ્યાખ્યાનગૃહની ગરજ સારે છે.

તેમણે ફોટોગ્રાફી પણ સાદ્યંત પોતાની પ્રવૃત્તિમાં સમાવી દીધી છે. શ્રી રામભાઉ ચિતારી નામના ગૃહસ્થ તે કામ પાછળ જ રોકાએલા રહે છે સીનેમા ફિલ્મો, મૅજિક લૅન્ટર્ન સ્લાઇડો, એન્લાર્જમેન્ટ વગેરે જે કંઈ જોઇએ તે અહીં જ કરી લેવાય છે. રંગીન ફોટોગ્રાફીમાં પણ તેમણે વિરલ સફળતા બતાવી છે શિવાજી મહારાજના બધા કિલ્લાઓના રંગીન ફોટોગ્રાફો તથા મહારાષ્ટ્રનાં દૃશ્યો, સૂર્યોપાસનાની ક્રિયા, અજન્તાની ગુફાઓ, ઉત્તમ કૃતિનાં રજપૂત ચિત્રો એમ અનેક વિષયો પર લગભગ બે હજાર મૅજિક લૅન્ટર્ન સ્લાઇડોનો તેમની પાસે સંગ્રહ થયો છે.

આ ઉપરાંત તેઓ પોતે ઔંધની બહાર પૂના, મુંબાઇ, સીમલા વગેરે સ્થળે જાય ત્યારે ભાષણો પણ આપે છે અને ઔંધની સાંસ્કારિક પ્રવૃત્તિની સુંદર છાપ પાડે છે. વિદ્યાવિષયક વ્યાખ્યાનો ઉપરાંત પોતે વર્ષમાં બે વાર એ જ મંદિરના



સભાગૃહમાં બુવાકીર્તન કરે છે: એક અનંત ચતુર્દશીને દિવસે અને બીજું શિવાજી જયંતીને દિવસે. હું આ છેલ્લી શિવાજી જયંતીને દિને જ ઔંધનો અતિથિ બન્યો હતો, એટલે મને એ તકનો લાભ સહજ મળી ગયો. મહારાષ્ટ્રમાં બુવાકીર્તનનો ઘણો પ્રચાર છે અને તે પ્રજાસંગઠનમાં અગત્યનું સ્થાન પામ્યાં છે. તેમાં ઔંધ નરેશની પ્રવૃત્તિ પણ મહત્ત્વ પામી છે. કીર્તન વેળા તે બુવા સંપ્રદાયનું સંપૂર્ણ પરિપાલન કરે છે. શિવાજી જયંતી મહોત્સવને વિશેષ જાગૃતિ આપનાર તરીકે તેમનું નામ આગળ છે અને મહારાષ્ટ્રીય રાજ્યના એ આદ્ય સંસ્થાપક પુરુષ તરફની તેમની ભક્તિ તથા નિષ્ઠાના સંસ્મરણ રૂપે તેમણે શિવાજી મહારાજના જીવનના અઢાર ગુણલક્ષણો પર અઢાર કીર્તનો પૂરાં કરવા ધાર્યાં છે. તે પૈકી આ વખતનું આઠમું હતું. કીર્તન પોતે લખે છે અથવા લખાવે છે. ઇતિહાસની ભૂમિકા પાકી રાખીને તેઓ શબ્દોથી એવું સરસ ભાવસ્વરૂપ ઉપજાવે છે કે શ્રોતાઓ તેથી આકર્ષાઇને સંમુગ્ધ બની ત્રણ ત્રણ કલાક સુધી ધીરજથી શ્રવણ કરે છે. કીર્તનનો મહિમા, પ્રભાવ અને અસર મને તે દહાડે વધુ સમજાયાં તે સાથે બુવાજીનું સ્વાર્પણ, પોતાનાં પ્રજાજનો પરનો પ્રેમ અને સરળતા, વ્યાખ્યાન વિશારદતા તથા સંગીત જોઇ હું મુગ્ધ થયો. એ પ્રસંગમાં ક્યાં યે રાજા તરીકે પ્રશંસા કે માનનો પ્રકાર નહોતો. વ્યાખ્યાન પોતે ઔંધના પ્રેસમાં છપાવી રાખ્યું હતું, પણ પોતે તો સંપૂર્ણ મૌખિક રીતે જ આપ્યું હતું એ વળી એમની સ્મરણશકિતનો પુરાવો હતો. પોતાની વાણી વડે તે અતિ કરુણથી માંડીને અતિ ઉલ્લાસિત પ્રબળ રુદ્રરસ જગાવી શકે એવું પ્રભુત્વ તેઓ ધરાવે છે. આ વખતના વ્યાખ્યાનમાં તેમણે શિવાજી મહારાજને ધૈર્યમૂર્તિ તરીકે દર્શાવ્યા હતા. મહારાષ્ટ્ર, રાષ્ટ્રસેવા તથા રાષ્ટ્રને સ્વાર્પણ એ જ તેમનો ગાજતો મંત્ર હતો.

વ્યાખ્યાન તો જયંતીની રાત્રિએ હતું, પણ સવારમાં



શિવાજી મહારાજની મૂર્તિ પાલખીમાં પધરાવીને તેનું આખા નગરમાં રાજશાહી ઠાઠથી સરઘસ ફર્યું હતું તેમાં પંત સાહેબ પોતે પગપાળા ચાલતા હતા. બીજા નગરજનો, અધિકારીઓ વગેરેએ પણ તેને પૂરો ઉત્સવદિન માન્યો હતો. સવારમાંથી જ દિવાળી કે બેસતે વર્ષે જેમ આપણે પાઘડી, ખેસ, દુપટ્ટા, અંગરખાં વગેરે ખાસ પોશાક તરીકે પહેરીએ છીએ તેમજ અહીં પણ સરઘસમાં અને વ્યાખ્યાનમાં બધાએ ખાસ પોશાક પહેર્યો હતો. મહોત્સવના ત્રણ દિવસો સાથે આવતા હોવાથી આઠેક દિવસના જુદાજુદા કાર્યક્રમો હતા. તેમાં બહારગામના ખાસ આમંત્રિત વિદ્વાનોનાં ભાષણો પણ હતાં. દરરોજ રાત્રે વારાફરતાં સીનેમા, લૅન્ટર્નચિત્રો અને નાટ્યપ્રયોગો થતા. તેમાં એક રાત્રે ગામના વિદ્યાર્થીઓના પ્રયોગો હતા. એક રાત્રે બાળકોએ રંગલીલા કરી અને એક રાત્રે શ્રી પંત સાહેબના ઘરની જ કન્યાઓએ તથા તેમની સખીઓએ રાજ્યના એક યુવકે લખેલો દેવયાની-શર્મિષ્ઠાનો પ્રસંગ ભજવી બતાવ્યો. તેમાં પુરુષપાત્રોની જરૂર પડી ત્યાં શુક્રાચાર્ય તરીકે એક કમાન્ડરે તેમજ વક તરીકે ઔંધના જ એક કૉલેજિયને ભાગ લીધો હતો. શર્મિષ્ઠાનો ભાગ પંત સાહેબના સ્વ. મોટા પુત્રની પુત્રી આક્કાસાહેબે લીધેલો અને સાથે બીજી તેમની બહેનો હતી. દેવયાની થનાર હાઈસ્કૂલના હેડમાસ્તરની પત્ની હતાં. આમ આ નાના સમુદાયમાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાજ-સંસ્કૃતિનો વિકાસ જોઈ મને બહુ જ આનંદ થયો. લેખક પોતે રંગભૂમિ પર આવી પોતાના લેખના પાત્રમાં ખરી રાજ-કન્યા દાખલ થઈ તે ખાતર હર્ષ બતાવી ગયા. શર્મિષ્ઠાએ પિતાના રાજ્યને બચાવવા જ્યારે દેવયાનીનું દાસત્વ સ્વીકાર્યું ત્યારે આક્કાસાહેબે જે કરુણરસ ઉત્પન્ન કર્યો તેથી પ્રેક્ષકો તેમજ પાત્રોની આંખ ભીની થઇ ગઇ હતી, રાષ્ટ્ર ખાતર ભોગ આપનારી રાજપુત્રી તે દિવસના પ્રયોગનું સફળ પાત્ર બની હતી.

રાજ્યમંદિરની આ સાર્વજનિક પ્રવૃત્તિઓમાંથી પાછા આપણે પંત સાહેબે જમાવેલાં બીજાં ક્ષેત્રોમાં નજર કરીએ, તો રાજ્યમંદિરના ચોકની એક બાજુએથી નીકળતાં, બીજા નાના ચોકમાં એકબે શિલ્પીઓનાં ટાંકણાં આરસની દેવ-મૂર્તિઓ સરજી રહેલાં નજરે પડે. સાઠ વર્ષ ઉપરની વયનો આ પાડોબા એક વાર રાજવાડાનો કડિયો હતો. તેનો સારો હાથ જોઇ પંત સાહેબે પથ્થરના જુદાજુદા ઘાટ તેને સોંપવા માંડ્યા અને અત્યારે તે ખરેખર શિલ્પી બની ગયો છે! મકાન બાંધવાની બધી તરકીબો અને એ ધંધાનું સક્રિય જ્ઞાન તો તેને પેઢી દર પેઢીનું હતું જ. તેના પુત્રમાં વળી તેનાથી યે ચડિયાતી શકિત જોઈ પંત સાહેબે તેને હાથીદાંતની કારી-ગરી શીખવાની સગવડ કરી આપી. તે હવે માણસની સંપૂર્ણ તસ્વીરમૂર્તિ નાનામાં નાના રૂપમાં હાથીદાંતમાં ઉતારી શકે છે. આ બંને પિતા-પુત્ર કારીગરો ઔંધનાં જ પ્રજારત્નો છે અને પંત સાહેબની કૃપાથી જ સંતુષ્ટ રહે છે. પંત સાહેબનો એક આગ્રહ



સાઠ વર્ષની વય ઉપરના આ પાંડોબા એક વાર રાજ-
વાડાનો કડિયો હતો…આજે તે શિલ્પી બની ગયા છે




ઉપર જમણી બાજુ : પંત સાહેબનું શિલ્પ; નીચે હાથમાં ધરી
રાખેલી પાંડોબાના પુત્રે હાથીદાંતમાં કોતરેલી તસ્વીરમૂર્તિ

ગયો છે કે પોતાની બધી પ્રવૃત્તિઓનું પ્રકાશનકેન્દ્ર ઔંધ જ બની રહે. તે માટે પોતાનાં પુસ્તકો ઔંધના જ છાપખાનામાં છપાવે છે. અજંતાનું પુસ્તક છપાવતાં ચિત્રોના બ્લૉક તથા છાપામનો પ્રશ્ન આવ્યો તે પરથી બ્લૉક બનાવવાનું ખાતું રાજમંદિરના જ એક ભાગમાં ખોલ્યું. સાથે રંગીન છપાઇ માટે પણ યંત્ર રાખ્યું:–અને આ બધું પોતાના ચિત્રખંડમાંથી નજરે પડે એવી રીતે, કે જેથી વખતોવખત તેનું સૂચન કે નિયંત્રણ પોતે જ કરી શકે. આ બધાં ખાતાંમાં ઔંધના જ પ્રજાજનોને રાખ્યા છે.

પોતાના વ્યક્તિત્વ, પોતાની વિદ્વત્તા અને વ્યાપક સંબંધો વડે આમ ઔંધને જાણીતું કરવા માત્રથી જ તેમને સંતોષ થયો નથી. પોતાના રાજ્યમાં ઔદ્યોગિક સાહસો દ્વારા પ્રજા સમૃદ્ધ બને એ લક્ષ પણ તેમણે રાખ્યું છે અને હિંદવિખ્યાત ઓગલેવાડી તથા કિર્લોસ્કરવાડી જેવી મોટી ઔદ્યોગિક ગ્રામ-સંસ્થાઓને ઉત્તેજન આપી સ્થિર તથા ઉન્નત કરી છે. આ બંને સંસ્થાઓ હિંદુસ્તાન આખામાં નમૂનારૂપ બની છે. તેનો વિશેષ પરિચય આવતા અંકમાં કરીશું.

ઔંધની રજા લઇએ તે પહેલાં ત્યાંના ગ્રામવાસીઓ વિષે થોડુંક કહી લઉં. મહારાષ્ટ્ર વિષે આપણે બહુ વિચિત્ર મત ધરાવી બેઠા હોઇએ છીએ. દક્ષિણી ને ગુજરાતીના પરસ્પર કટાક્ષો-વિરોધો આજકાલના સુશિક્ષિત લોકોમાં પણ જોવા મળે છે, તેનું કારણ વેપાર, ઉદ્યોગ કે નોકરીની હરીફાઇ જ હશે. ખરી રીતે બંને પ્રાંતના પ્રજાજીવનમાં ખાસ જુદાં લક્ષણો હોય એવું મને લાગ્યું નથી. મહારાષ્ટ્રની ગ્રામપ્રજા સરળ, નમ્ર અને વિવેકી લાગે છે. અલબત્ત, મહારાષ્ટ્રનાં ગામડાં ગુજરાતને હિસાબે રંક લાગે છે, એટલે ઘણા લોકો અસહાય અને પરોપજીવી છે. છતાં ગામડાના ગૃહસ્થો તો ખરેખર ગુજરાત-કાઠિયાવાડના જેવા જ સુજનતાવાળા જણાયા છે. મહેમાન માટે આદર, પ્રસન્ન વ્યવહાર વગેરે તેઓ સરળતાપૂર્વક દર્શાવી શકે છે. નોકરો ને મજૂરો પણ (મુંબાઇ, પૂના બાદ કરો તો) નરમ અને દબાયેલા લાગે છે. હું તો ત્રણ-ચાર દિવસના એ પરિચયમાં ઔંધની સુંદર સ્મૃતિઓ મેળવી શક્યો છું. પંત સાહેબના કુટુંબનો આદરભાવ પણ સ્મરણીય હતો.



શ્રીમાન બાળ સાહેબ પંત
પ્રતિનિધિ ઔંધસંસ્થાન

—ર.મ.શ

નેપથ્યમાંથી

નહાવા માટે બદલવાને કે ધોઇને પહેરવાને બીજું વસ્ત્ર ન હોવાથી, રાત્રે અંધારામાં એ વેગળું મૂકીને નહાઇ લઈ એનું એ ફરી પહેરી લેવું પડે છે એવી હિંદનાં અસંખ્ય માણસોની ભીષણ કંગાલિયતના કહેવતરૂપ થઈ પડેલા ગેલા ઉદાહરણને, આ અંકમાંના 'પાંચાલી' નામના કાવ્યમાં ભાઇશ્રી ઉમાશંકર જોષીએ, મૂડીવાદીઓ તથા મજુરોના રૂપકમાં, જે ઘટાવ્યું છે તે સ્વ. ગોવર્દ્ધનરામે યોજેલા એ જ રૂપકની કરુણ રજુઆત બીજે રૂપે કરે છે. કથાપ્રવાહના વેગ સાથે વહેતી અને 'મિશ્રોપજાતિ'ના ઠેકાઓથી નિયંત્રિત એની પ્રચૂર ધારાવાહિતા કલ્પનાની ચમક અને ઊર્મિના વેગ વડે ખળખળતી હોવાથી રંજક બને છે. શરૂઆત જ જુઓ:

શહેરની ઝાકઝમાળ રોશની
જેનાં મીઠાં જીવનતેલથી બળે, વગેરે.

અને પછી. ત્યાં રોજ લૈ ફાનસ જાય રાત્રિએ
ઉમંગી કો એક યુવાન, પેટવે
અજ્ઞાનમાં અક્ષરજ્ઞાનદીવડા.

વળી, કો તારલો તેજસળીથી આંજણાં
અંધારનાં આંજી જતો જ આભમાં.

ગયા અંકમાંનું ભાઇશ્રી શ્રીધરાણીનું 'અવલોકિતેશ્વર' અને આ 'પાંચાલી' બંનેને સરખાવી જોવા જેવાં છે. બંને મિશ્રોપજાતિમાં છે; બંનેનાં કથાવસ્તુ લોકકલ્યાણના ધ્યેય ઉપર ગૂંથેલાં છે; ઉદાહરણમાં ભિન્નતા હોવા છતાં ચોટ બંનેની સરખી જોરદાર છે. 'ઉચ્છ્વાસતો કાનન મર્મર ધ્વનિ' જેવી પંક્તિઓ વડે શરૂ થતી કર્ણમધુર ને કલ્પનારંગી શૈલી જેમ 'અવલોકિતેશ્વર' કાવ્યની સળંગ ધારામાં લહેરિયાં પાડતી રહે છે તેમ

અને છટા વૈભવ ભાદ્રલોકના
દરિદ્રતા જે તણી જીવતી ચહે

જેવા તીખા કટાક્ષથી શરૂ થતી નગ્ન વસ્તુસ્થિતિની ભાઇશ્રી ઉમાશંકરની રજુઆતની શૈલી 'શબને સચેતની વેગધારા'માં એટલી જ તીવ્રતાના ડંખ દેતી પૂરી થાય છે.

ગઇ તા. ૧૨ મી મેએ ભાઇશ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી પત્રકારિત્વ અને સમાજશાસ્ત્રના અભ્યાસ માટે અમેરિકા ગયા. ઊપડતાં પહેલાં થોડા દિવસ પર રચાએલું આ અંકમાંનું કાવ્ય 'દ્વિધા' એમનું એ વેળાનું મનોમંથન રજુ કરે છે. મનમાં બે લાગણીપ્રવાહ વહે છે; વિચારનાં મોજાં એ બે પ્રવાહને ઉછાળે ચઢાવે છે અને બંને અથડાઇને દર્દમય વમળ ઉત્પન્ન કરે છે. એક બાજુ મહત્ત્વાકાંક્ષાની વિતાનવીંઝતી પાંખોનો ફફડાટ છે, સાગરપાર જઇને ત્યાંની સિદ્ધિઓ વરી લાવવાના—મહા ઉદધિઅશ્વની પીઠે ચડી . . . . વિતલમાં જઈ નાગપુત્રીની વરમાળ પહેરી લાવવાના—ગગનમાં ઊડી આકાશદીવા તારલાઓને ફૂંકીફૂંકીને હોલાવવા જેવા આદર્શસાધનાના ઊર્મિઉછાળ છે; બીજી બાજુ અહીંની પ્રાપ્તિનું, અહીં જામેલા હૃદયસંબંધોનું હૂંફાળું આકર્ષણ છે; એક તરફ અપ્રાપ્ય પામવાની જ્વલંત વાંછના છે, તે સાથે બીજી બાજુ મેળવ્યું છોડતાં જીવ ચાલતો નથી ને હૃદય રાગભારે ઉભરાય છે. સૂઝ નથી પડતી બેમાંથી કયા મનોપ્રવાહને અનુસરવું. આમ દ્વિધા વૃત્તિનો જે ગજગ્રાહ વ્યાપે છે તેને છેલ્લી બે લીટીમાં સમગ્ર જીવનના દૃષ્ટિબિંદુએ ઘટાવી સાર સારવે છે: મૃત્યુપારનાં જગત ખોળવા જે દિવસે હું પુલકિત અંતરે તૈયાર થઈશ તે દહાડે પણ આ જીવનવિશ્વ છોડી જતાં આવો વિષાદ વ્યાપવાનો જ.

ભાઇશ્રી પ્રભુદાસ ગાંધીએ બિજનોર જિલ્લામાં ચાલતા ખાંડના ઉદ્યોગ વિષે વિગતવાર માહિતી આપતો એક પત્ર પૂ. મહાત્માજી ઉપર લખેલો: તે 'કુમાર'ના વાચકો માટે ઉપયોગી જણાવાથી એમણે પ્રકાશન અર્થે મોકલ્યો છે, જે એ વાંચતાં યથાર્થ જણાશે. તે પહેલાં એ જિલ્લાનો થોડો પરિચય આવશ્યક ગણી, એમણે જ પૂરી પાડેલી હકીકતો પરથી અહીં આપ્યો છે. લેખની સાથે છાપેલો નકશો પણ એ સમજવામાં ઉપયોગી થશે.

હરદ્વાર પાસે મેદાનનો ગવાસ શરૂ કર્યા પછી ગંગા પૂર્વાભિમુખ થતાં પહેલાં દોઢસો માઈલ સુધી સીધી દક્ષિણે વહે છે. તેટલા ભાગમાં ગંગાની પશ્ચિમે સહરાનપુર, મુજફરનગર અને મેરઠ તથા પૂર્વકિનારે બિજનૌર ને મુરાદાબાદ જિલ્લાઓ આવેલા છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ ગુરુકુલની સ્થાપના હરદ્વારમાં ગંગાને સામે કાંઠે કરેલી, એટલે મૂળ ગુરુકુલ બિજનૌર જિલ્લામાં હતું; પણ પૂરથી એ નષ્ટ થવાને કારણે પાછું સહરાનપુર જિલ્લામાં એટલે કે હરદ્વારમાં આવી ગયું છે. ગુરુકુલ પ્રથમ બિજનૌર જિલ્લામાં હોવાને કારણે આર્યસમાજનો પ્રચાર, સામાજિક રૂઢિ તોડવા આદિના કાર્યમાં તે આગળ વધેલો હોવાથી, દાયકા પહેલાં આટલામાં બીજા જિલ્લાઓ કરતાં વધુ ચેતનવંતો હતો. અસહકાર યુગમાં એ મોખરે ન હોવા છતાં પાછળ નથી રહ્યો. ગુરુકુલમાં વસતા મિત્રોને પ્રયત્ને ભાઇશ્રી પ્રભુદાસનો લગ્નસંબંધ પણ આ જિલ્લામાં થયો. એમનાં પત્ની સૌ. અંબાદેવીનું મૂળ ગામ બિજનૌર શહેરથી દસ માઇલ દૂર હલ્દૌર કરીને છે. હલ્દૌરમાં ગુરુકુળની કે બીજી કોઇ એવી શિક્ષણવિષયક સંસ્થા ન હોવા છતાં કેટલાક ઉત્સાહી આર્યસમાજીઓએ પોતાની કન્યાઓને ઘરમેળે ભણાવવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો. પરિણામે આ તરફની વિદ્યાપીઠોની 'શાસ્ત્રી' 'સરસ્વતી' આદિ પદવીઓ (જે બી.એ. અને એમ.એ. જેટલી ગણાય છે તે) મેળવેલી પાંચસાત સન્નારીઓ આ ગામમાં તૈયાર થઇ. તેમાંનાં એક તે સૌ. અંબાદેવી.

ઇ. વ.

શિયાળાની ઝાકળથી બચવા ખેતરમાં ચાર થાંભલી પર નાનું છાપરું ગોઠવેલું એવું એક

ઝા·ક·ળિ·યું

જ્યાંથી કોઈના જીવનની મહત્ત્વાકાંક્ષાઓનું ઝળાંઝળાં તેજ પ્રકટવાનું હતું, પણ...

છેક નાનપણની વાત છે.

અખાત્રીજની સવારે હાથમાં શુકનની એક રાતાચોળ શાખ લઈને મકનો ખાંટ અમારે ઘેર આવ્યા. મોટાભાઈને પગેલાગણું કરી, 'ઘરના આંબાની છે' કહી એમની આગળ શાખ મૂકી અને ઓસરીની કૂંભીને અઢેલીને બેઠા. એમની સાથે મારી ઉંમરનો એમનો દીકરો હતો. એણે માથે ફાળિયાના બે વીંટા વીંટાળ્યા હતા અને બીજે છેડે કશાકની પોટલી બાંધી ખભે નાખી હતી.

'બેટા ગોવા, ઘરમાં જઈને કાકીને છોડી આલ મકાયા.' ગોવો અંદર ગયો. મકનો ખાંટ ફાળિયું બાજુએ મૂકી માથે હથેળી ફેરવી પલાંઠી વાળીને મોટાભાઈ ભણી સહેજ ખસીને બેઠા અને ઢીંચણ પર હાથની કોણીઓ ટેકવી હથેળીઓમાં લમણા રાખીને મોટાભાઈ ચોપડાઓ તપાસતા હતા તે તરફ અચંબાથી જોઈ રહ્યા. થોડી વાર રહીને કાંઈ મીઠું સંભળાવવાના હોય એમ બોલ્યા: 'મૈં કું...' પણ મોટાભાઈનું ધ્યાન ખેંચાયું નહિ, એટલે ખોંખારો ખાઈ ઠીકઠીક મોટેથી બોલ્યા:

'મૈં કું, શામળભાઈ હવે તો પાછા ભણવા જતા રહેશે, ત્યારે લાવને બે મકાયાં લેતો જાઉં. છેલછેલ્લી મકાઈ હતી કૂવાને કાને.' પછી મારા તરફ ફરીને પૂછ્યું, 'કેમ, ઓણસાલ તો આંબા ઠીક આવ્યા છે; કેરી ખાવા નહિ રોકાઈ જાઓ?' ને મારા જવાબની રાહ જોયા વગર મોટાભાઈ ભણી ફરીને કહેવા લાગ્યા: 'ભણતર તો છોકરાંને ક્યાં લગરીકે જંપવા દે છે? પણ ભાઈ, મોટા થશે ત્યારે માલેસ્ટણ થઈને બોલ બોલના હજાર રૂપ્યા ખેરવશે તો!'

મોટાભાઈ કહે, 'પણ આપણાં ગામડાંનાં માણસ ક્યાં કોઈ છોકરાને ભણવા મોકલે છે!' અને તરત જ એમણે ચોપડો લીધો. છેડેથી ચોપડાને ઝાલી એનાં પાનાં આંગળી નીચે ફરફર ફરફર જવા દઈને જોઈતે પાને આંગળી દાબી ત્યારે બધો વખત મને થયાં કરતું હતું કે મકનાજીની જિંદગીના એટલા દિવસો મોટાભાઈએ ઉકેલ્યા અને આજના દિવસ ઉપર આવીને એ અટક્યા. એમની બંનેની વચ્ચે કંઈ આંકડાની વાત ચાલવા માંડી. ગોવો અંદરથી આવીને ઓસરીની પગથારે બેઠો હતો. હું પાસે જ હતો. મેં પૂછ્યું: 'શું ભણે છે?' એ કંઈ સમજ્યો નહિ કે કોણ જાણે, પણ એણે ઝટ જવાબ ન દીધો ત્યાં મકનોજી મોટેથી બોલ્યા:

'મોટાભાઈ, તમારો તો અમપર પરવત જેવડો પાડ છે. જલમારામાં કદી ભૂલાશે નહિ. મારા ગરીબના ગજા પરમાણે એનું વળતર વાળીશ એ પણ ચોક્કસ સમજજો. આ ઓણનું વરસ મારો ગોવો તમારે ત્યાં બેઠુ રહેશે, પછી તો થયું ને? તમારે વીસ રુપયડી આપીને આમે બેઠુ તો રાખવો પડત ને? તો મારા આ પંદર વાળી દેજો એટલામાં, એટલે મારે માથેથી તમારું રણ ઊતર્યું. ને આવતે જલમ મારે તમારે ત્યાં બળદ થઈને નો અવતરવું પ! બાપ! કેવે ખરે ટાણે તમે મને એ બાર રૂપ્યા દીધા'તા! ભગવાન તમને બાગબાદશાહી પમાડે!'

મોટાભાઈએ જરી ઊંકારો કર્યો: 'તે આવડો દસ વરસનો છોકરો શું ખેતી પાર ઉતારી આપવાનો હતો?'

'અરે! પોરનું આખું વરસ મારે કૂવે મેં એને બેડમાં પાધરો કર્યો છે ને! આપણા શામળભાઈથી તો મોટો લાગે છે.' અને મારા તરફ ફરીને બોલ્યા. 'શામળભાઈ તમને કેટલાં થ્યાં?'

મેં કહ્યું, 'ચૌદમું ચાલે છે.' પણ હું બારથી ય નાનો લાગતો.

'મારા ગોવાને તો પોર હોળીગાળે પંદરમું બેસશે પંદરમું. ને પછી તો આખા આદમીનો પગાર લાવશે

સામાન્ય શબ્દાર્થધારી નામની પણ કરુણ કથિતાર્થવાળી એક નવાજ નવલિકાલેખકની વાર્તા

વરસે દા'ડે રૂપિયા પચ્ચા'નો; ને ચાર વરસમાં પાંચ વીસો કમાણીના ભેગા થશે એટલે એને રૂપાળી કન્યા લાવી આપશું ને એ એનાં ઘરખોયડાં માંડશે એટલે અમે પછી નચંત.'

મેં ગોવા સામે જોયું. મારા કરતાં જાણે દસ વરસ મોટો હોય એવો મને એ જણાયો. ત્યાં મકનાજીએ મને પૂછ્યું, 'કેઈ ચોપડીમાં છો, ભાઇ?'

'ચોથી.'

મોટાભાઇએ કહ્યું, 'ચોથી અંગ્રેજી હો!'

'ને આપણી?' મકનાજીએ નવાઇના મને પૂછ્યું.

'આપણી સાત પૂરી કરી ને પછી એક.' મેં સમજાવવા માંડ્યું.

'જો બેટા ગોવા, આ તારા કરતાં તો કયાંય નાના છે, પણ જો એટલામાં આટલી ભણી ઊતર્યા. એણુ તારી શાબાશી છે. જોઉં, કેવો એના પાર ઉતારે છે!'

મેં પૂછ્યું: 'ગોવાને કેટલું આવડે છે?' ગોવો તો મારી તરફ ટીકી રહ્યો. મકનાજી કહે:

'બાપ, અમારે વળી ભણતર કેવાં? બધાં ભણે તો હળ હાંકનાર પણ કોઇ જોઇએ ને? અમારે ને અમારા બાપદાદાને વગર ભણ્યે આયખું ગયું, ને ઇમ છોરાંય કૂટી કાઢશે સાઠસિત્તેર વરસ જોતજોતાંમાં. ધરતી તો એની એ જ છે ને?' ને મોટાભાઇ ભણી ફરીને કહેવા લાગ્યા, 'આ......તમારા બાપ તો ટીપણામાંથી તેથ (તિથિ) તે ય માંડમાંડ ઉકેલતા; આ તમે હિસાબી નીકળ્યા, ને ભાઇને વળી બાલે સ્ટણ બનાવશો. કોક પૂરવ જલમનાં પુન્ય વાળાને કરમે વિદ્યા હોય. કોણ જાણે, અમે કાળા અક્ષરને કુહાડે મારીએ છીએ, પણ અમારી પરજા વળી હુસ્યાર પાકે ને દાણીતલાટીની અમલદારી કરતી થઇ જાય તો કાંઇ કહેવાય નહિ.'

મોટાભાઇએ ઝટઝટ ખત કરી લીધું ને હિસાબ મકનાજીની મરજી પ્રમાણે ગાંઠી વાળ્યો. બોલ્યા, 'છોકરો સારું કરી બતાવશે તો કાંક શરપાવ આપીને તમારું મન મનાવશું. લૂગડાંમાં તો એક ઝૂલડી, એક ચેપાકું, એક પંચિયું, ફાળિયું માદરપાટનું ને કોરાની પછેડી, એટલું ને? ચોમાસું ઊતર્યે અડપોદરાનો જોડો મંગાવી આપશું. બસ થયું ને?'

પછી તો ભાભીએ મને એ દિવસે ઘણાં ટાંપાંટૈયાં બતાવ્યાં. બહારથી ઘડીમાં છાણાં મંગાવે, તો પાસેના ઘેરથી છાશ લઇ આવવાનું કહે. વળી જતો હોઉં ત્યાં કહે, બેસ બચુને હીંચકા નાંખ; હું જ લઇ આવું છું.' ગોવો મારી હિલચાલ તરફ નજર રાખતો હતો એમ મને આખો વખત લાગ્યા કરતું હતું. છાણાં લેવા ગયો ત્યારે એણે મને મદદ પણ કરી ને સૂકાં સૂકાં કાઢી આપ્યાં. મોટાભાઇએ મકનાજી પાસે ઢોર બાંધવાના ઢીલા પડેલા ખીલા ફરી મજબૂત રોપાવ્યા, ને બે ભારા લાકડાં એમ ને એમ પડ્યાં હતાં તે કપાવી લીધાં. બપોર ચડ્યે નિશાળમાંથી ભાભીનો દુર્ગો આવ્યો એટલે એને ને મને ભાભીએ અંદર રસોડામાં બોલાવીને ખાવા બેસાડી દીધા. મકનાજી અને ગોવાને કોઢમાં બેસાડ્યા. કાલે મહેમાન આવેલા તોય ગળ્યું નહિ કરેલું, ને આજે આ લોકોના માનમાં ભાભીએ કંસાર કર્યો એ જોઇ મને નવાઇ લાગી. કોઢમાં જઇને બીજીવાર કંસાર પીરસી આવી ભાભી કહે: 'મકના કાકા, તમારો દીકરો ઘેર જ છે એમ ગણજો મારે શામળ છે એટલો ગોવાને નો ગણું તો મને ભગવાન પૂછે!'

સાંજ પડી ને મકનાજી ગળગળે અવાજે ભાભીને ને મોટાભાઇને જેગોપાળ કરીને ઘેર ગયા. થોડે છેટે મૂકવા જઇને ગોવો ઘેર આવ્યો. વૅકેશન પૂરી થવાને થોડા દિવસ હતા ત્યાં સુધી મોટાભાઇએ ગોવાને ફેવોખેતર બતાવવાનું કામ મને સોંપ્યું. કયાંક વાડમાં છીંડાં પડ્યાં હોય તે ય બરાબર કરાવી લેવાનાં હતાં. ગામમાંથી બે જણ સાથે ભાગની ખેતી કરવાનું નક્કી કર્યું હતું એગના ખેડુઓ સાથે પણ એને ગોઠવી બધની ભેળો એનો ચલમ પીનો કરવાનો હતો.

'ગોવન્દા!'


એ ચોંક્યો: 'મને બોલાવો છો?' અમે ખેતરની વાડે વાડે ફરતા હતા. 'આવું ઠાકોર જેવું નામ કયાંથી લાવ્યા, ભિયા?' પણ મેં તો પછીથી એ જ નામ વપરાતું કરી દીધું; ને એ નામે બોલાવવાથી એને પણ ગૌરવ જેવું લાગતું. ને મને એ મારાથી બહુ મોટો લાગતો.

'તે......ગોવન્દા! આ બધી સૂકી બાદ્ર જમીન તું લીલીછમ કરી દઇશ?'



અર્ઘ્ય

ચિત્રકાર રસિકલાલ પરીખ



મુંબાઈ પાસેના એલિફન્ટાની ગુફાઓમાંના વિખ્યાત પ્રાચીનશિલ્પ
ત્રિમૂર્તિનું એક તરફનું સ્વરૂપ

'વરસાદ ફરી દા'ડો આવવા તો દો. ત્યારે એની ગમ પડશે. આ તો શું, પણ અમારે તો આ આખા કૂવાનાં ખેતર કરતાંય મોટો એકલો બાજરવાડો છે. કેટલાં જણ રાતદિન કરીએ ત્યારે તો લણાઈ રહે.'

'તો તો ઠીક ધાન પાકતું હશે. એટલો પાક છે ત્યારે પછી તારા બાપાએ તને ભણવા કેમ ન મૂક્યો?'

'પાકમાં તો ભાગ હોય ને પાછા? ને અમારું તો બધું વાણીઓ ખળામાંથી જ ઉસરડી જાય. બાપા કહે છે કે ધાનના ઢગલા કરતાં દેવાનો ઢગલો ક્યાંઇ મોટો છે.'

'પણ ભણેકરે તો દેવું તો દસ દિ'માં વાળી દેવાય.'

'સાચી વાત છે?' એણે ચમકીને મારી સામે જોયું.

'હા. પાંચે સાતે વરસે હું મુંબઇ યુનિવર્સિટીનો ગ્રૅજ્યુએટ થઇશ એટલે મને આપણે અહીં કેવો હોદ્દો મળશે, તને ખબર છે? અને પછી એલએલ બી કે બારિસ્ટર થાઉં એટલે સામો તેડવા આવીને રાજા મને દીવાન ન બનાવે તો થઇ રહ્યું.' મોટાભાઇએ એ વખતે મગજમાં ઘુસાડેલી મહત્ત્વાકાંક્ષાઓને વ્યક્ત કરવાની મોકળાશ અનુભવતો હું બોલ્યે જતો હતો. ગોવંદો ટીકી જ રહ્યો. એનો ચહેરો કોઇ પીઢ માણસના ચહેરાની પેઠે ગંભીર ને ચિંતાતુર લાગતો હતો.

'હેં શામળભાઇ! ત્યારે મારા ભાઇને બાલેસ્ટર બનવા ન મળે?'

મારાથી ખડખડાટ હસી પડાયું. એ બધું ગંભીરપણે કહેતો હતો એમાં શંકા હતી જ નહિ. ગોવંદાએ તો આગળ જ ચલાવ્યું:

'એમાં હસવાનું શું છે? તમારા બાપદાદા પણ ક્યાં ભણ્યાગણ્યા હતા? તમારા ભાઈ તમને ભણાવે છે ને? એમ અમારો હાથીડો ય ભણશે વળી.'

મને એણે ખસિયાણો પાડ્યો. પણ તરત જ એણે મને રીઝવી લીધો: 'હેં શામળભાઇ, તમે દીવાન થાઓ તો તમારા હાથ નીચે માણસ તો જોઇશે ને?'

'હા, હા; કરીને અરધું હકારમાં ને અરધું હાસ્યમાં એમ એને ખોટું ન લાગે તેમ મેં બધું લપેટી લીધું. ગોવંદાએ જાણે પોતાના મન સાથે જ કહ્યું: 'બાપા પણ કહેતા'તા ને જ, કે અમે તો ભલે કાળા અક્ષરને કુહાડે મારીએ છીએ, પણ છોકરાં અમલદારી કરતાં થઇ જાય વળી.'

વૅકેશન પૂરી થતાં હું તાલુકાની સ્કૂલે ભણવા ગયો.



મને તાલુકે મૂકીને મારા ઘોડાને પાછું ઘેર લાવવાનું કામ મોટાભાઇએ ગોવંદાને સોંપ્યું હતું. આખી વાટે ગોવંદો ઘોડાની સાથેસાથે ઉતાવળાં ડગલાં ભરતો હતો અને હાંફળોફાંફળો વચ્ચેવચ્ચે કંઇ પૂછતો હતો.

'તમે દિવાળી ગાળે આવો ત્યારે મારા ભાઇને ભણવા દેવાનો છે. હો!'

'તમે નવરાતરમાં નહિ આવવાના? લીલાં મકાયાં ખાવા નહિ મળે, દિવાળી ઉપર તો!'

અને પહોંચ્યા પછી બધા વિદ્યાર્થીઓ આગળ મને તો કંઇ ઝાઝું પૂછ્યું નહિ, પણ એ સૌની તરફ કંઈ જુદી જ નજરથી એણે જોયાં કર્યું. જાણે દરેક વિદ્યાર્થીની અંદર એને એનો હાથીડો દેખાતો ન હોય!

ફરી પાછો દશેરાગાળે એ લીલાં મકાયાં લઇને આવ્યો ત્યારે એણે અમુક બેત્રણ નાના છોકરાઓને એમાંથી થોડાં આપવાનું કહ્યું પણ ખરું; અને પછી મને પાસે બોલાવી ધીરેથી પૂછ્યું:

'આમાં કોઇ ખેડુના દીકરા ભણવામાં ખરા કે?'

'કોઇક જ! નહિ તો બધાને ત્યાંથી અહીં મકાયાં ખૂબખૂબ ન આવતાં હોત?'

'તમારી પેઠે કોઇને ન આવે?'

'ના રે! મોટાભાઇ કાંઇ દરસાલ મકાયાં મોકલતા હતા એમ જાણે છે?'

'મેં પૂછ્યું ત્યારે મોટાભાઈ તો કહે કે જા. પણ એમનાં વહુ.........'

'કંઇ નહિ; એ તો હોય! પણ મને કહે તો ખરો, આ મકાઇ તેં તારે હાથે જ ઉગાડી?'

'ત્યારે કોને હાથે? આ શિયાળો ઊતર્યે પાછાં ઘઉંનાં ખળાં ત્યારૂ સમજજો. પણ હવે પોંક આ-

પવા નહિ આવું. મને તમારા મોટાભાઇનાં વધુ વઢે!'

'કોઇ વઢશે નહિ.'

એ પાછો ઘેર જવા નીકળ્યો ત્યારે રસ્તા સુધી એની સાથે હું ગયો. થોડેક છેટે રસ્તે પહોંચ્યા પછી એણે આજુબાજુ કોઇ સાંભળતું તો નથી ને એમ જોઇ લીધું, અને મારા કાન પાસે મોઢું લાવી ઊભો રહ્યો. પણ વાત એટલા બધા મહત્ત્વની હતી કે ધીરા બોલવામાં પણ એને વિશ્વાસ ન હતો.

'હાથીડો કૂવે આવી ગો હો! ક્યારનો ય—આ પંદર દા'ડાથી.'

એ ધીરો પાડીને બોલ્યો અને તરત રસ્તે દોડવા મંડ્યો. મેં એને હાથને ઇસારે અને બૂમ પાડીને ઊભા રહેવા કહ્યું; પણ હવે મને સમજાય છે કે એ ઊભો રહી શકે એમ ન હતું. એ મારી અને બીજા વિદ્યાર્થીઓની સ્થિતિ જોયા પછી આવું બોલતા શરમાતો હતો. એને મન આ ખબર આપવા એ એક મોટી—વર્તમાનપત્રોમાં આવતા કોઈ પણ આંતરરાષ્ટ્રીય ધડાકા કરતાં ય મોટી—બીના હતી.

એ થોડીક થોડીક વારે પૂંઠ વાળીને જોતો હતો ને દોડતો હતો. મેં બૂમ પાડી ને રૂમાલ હલાવ્યો.

'હા, હા; મુખીના દીકરા પાસે ભણે છે.'

એણે શાનોક જવાબ આપ્યો. મેં એને ઊભો રાખવા ફરી રૂમાલ ફરકાવ્યો.

'હા, હા; તમે આવશો એટલે નિશાળે મૂકશું.'

એણે ફરી કોઇ અણપૂછ્યા પ્રશ્નનો જવાબ આપ્યો અને રસ્તાના વળાંક પાછળ તે અદૃશ્ય થયો. આંખો લૂછતો લૂછતો હું પાછો વળ્યો અને મારી તથા બધા વિદ્યાર્થીઓ તરફ કંઇ જુદી જ તરેહથી જોવા લાગ્યો. મારી આગળ ઘણા પ્રશ્નો તરવરવા લાગ્યા. ગોવંદાને કેમ ભણવા ન મળ્યું? એ તો ધાન પકવે છે, ને અમે બધા તો મોજ કરીએ છીએ. એવાઓ મજૂરી કરે છે ત્યારે તો આપણને ભણવા મળે છે. એ શા માટે મજૂરી કરે છે? ન કરે? એને ગરજ છે તો કરે છે ને? એનું ભલું એમાં હશે.' આમ ઘણાઘણા ઘોંટાળિયા વિચારો મગજમાં ઉથલપાથલ મચાવી ગયા. આ બનાવ પછી મને નિશાળના વિદ્યાર્થીઓ પ્રત્યે એક જાતનો ઊંડો અણગમો જ રહ્યા કરતો.

વિન્ટર વૅકેશન પડી ત્યારે ઘેરથી ઘોડું લઇને ગોવંદો નિશાળને ઝાંપે આવીને હાજર થઈ જ ગયો હતો. આખે રસ્તે એણે કંઇ ને કંઇ બોલ્યા કર્યું:

'કહે છે કે તમારા કૂવામાં ઓણના જેવા ઘઉં કદી નીકળ્યા નથી. જુઓને, પાછલાં ત્રણ વરસમાં નહિ મળેલી એટલી મકાઇ મેં આ એક ચોમાસામાં પકવી. એ જ કૂવો ને એ જ ખેતર.'

'પણ માણસ જુદો ને?'

'હા; માણસ કોઇ સારાં પગલાનો જોઇએ નહિતો ધરતી કાંઇ ના પાડે છે? લણાય એટલું લણો ને!'

'ત્યારે તો હું મોટાભાઇને કહીશ કે તને જિંદગીભર રાખી લે.'

'ના, ના; તમે એમ સમજ્યા કે મારે લીધે સારી ખેતી થાય છે? ભૂલો છો, ભૂલો!'

'ત્યારે?'

'તમે કહો જો!'

મેં તો ખેતી જોઇ પણ ન હતી, છતાં મેં કહ્યું: 'હું તો કહું છું કે ખેતી સારી થઇ તારે પગલે.'

'કહું છું, મારે પગલે નહિ. એટલી પણ સમજ પડતી નથી? હાથીડાને પગલે!'

અને એ ખડખડાટ હસ્યો. એના મુક્ત હાસ્યથી રસ્તા પર થોડીવાર સ્તબ્ધતા ફેલાઇ ગઇ. મારૂં હસવું મશ્કરીમાં ન ગણાય એ ખાતર હું મન થવા છતાં હસ્યો નહિ. એને મારે પૂછવું હતું કે હાથીડો કંઇ ભણે છે ખરો, એનું ચિત્ત અભ્યાસમાં લાગે છે કે કેમ, પણ ત્યાં તો એ જ બોલ્યો:

'મુખીના છોકરાને આવડતું હતું એટલું બધું ય હાથીડે જાણી લીધું. ઊલટો મુખીનો છોકરો કોરો રહી ગયો ને પાછળ પડી ગયો. સાંજ પડ્યે છોકરાં તો આંક બોલે છે; પણ હાથીડો તો આખો દા'ડો પંખીડાં ટોવા માળે ચડે ત્યારે ય આંક ગાય છે. મોટાભાઇ તો એક દિવસ કહે કે હાથીડો મોટો વેદવાન થશે.'

મોટાભાઇએ કયા અર્થમાં કહ્યું હશે તે તો એ જાણે; પણ ગોવંદાને બધાં અનુકૂળ ચિહ્નો જણાતાં હતાં. એણે રસ્તે મને બે ત્રણવાર ફરીફરીને કહ્યું કે, 'એક વાત તો તમને નથી જ કહેવાનો!'

'પણ શેની? કંઇ જાણવા જેવું હશે તો?!'

'તમે એકવાર તો ઘેર—અરે કૂવે તો પહોંચો; જણાઇ જશે.'

એણે એ 'એક વાત' ન કહી એટલું જ નહિ, પણ ઘેર પહોંચતાં પહેલાં ચારપાંચ વાર ફરીફરીને ગંભીર ચહેરે એણે કહ્યું: 'ના, ના; તમે ગમે તેટલું કરોને, એ વાત તો તમને નથી જ કહેવાનો.'

એ સિવાયની બધી વાતો એણે મને કહી દીધી હતી એમ મારે માની લેવાનું હતું.

સાંજ પડી. ભાભીનો દુરગો અને હું કૂવાને ખેતરે ગયા. અમને જોઈ ગોવંદો દોડી આવ્યો અને મને શેઢે શેઢે ફેરવવા લાગ્યો. જુઓ, આમાંથી આટલી મકાઈ થઈ, ને આ ઘઉં આટલા થશે. આ ખેતરમાંથી મઠ લીધા અને ફરી ચેણો વાવવો છે, વગેરે મને સમજાય નહિ એવી ઘણી વાતો એણે એકી શ્વાસે કહી નાખી. મને થયું કે ઉનાળામાં જે સૂકીભઠ્ઠ જમીન પર અમે સાથે ફર્યા હતા એને એણે કેટલી લીલીકુંજાર કરી દીધી છે! મેં એની સામે જોયા કર્યું તો એ મને મારાથી કેટલો ય મોટો—એત્રણ પેઢી મોટો—માણસ લાગ્યો.

'પેલું બતા'વા લઈ જાને, ગોવંદા!' ભાભીના દુરગાએ કહ્યું.

મેં પૂછ્યું: 'શું?'

'કંઈ નહિ, હીંડયા આવો મારી પછાડી પછાડી.' કહેતો ગોવંદો ચાલ્યો. શિયાળુ મકાઈનાં બે ખેતર અને ઘઉંના મોટા ખેતરના શેઢા ભેગા થતા હતા ત્યાં કંઈ છાપરું દેખાયું કે તરત એ બોલ્યો:

'જોયું આ ઝાકળિયું ?'

અને એણે હરખમાં ને હરખમાં અરધુંક નાચી લીધું.

'કોણે બનાવ્યું ?'

'મેં વળી ! થાંભલીઓ મેં કાપી, ને ઉપાડી લાવ્યો હાથીડો. પહેલું એને સૂઝ્યું કે આપણે કૂવે ઝાકળિયું કરીએ. ને હાથદાથ કરીને અમે જોતજોતાંમાં ઊભું કરી દીધું. છાપરું ઠીક લાગે છે ને ભિયા ?'



દ્વિધા

(પૃથ્વી · સૉનેટ)

પણે ઉભરતા મહા ઉદધિઅશ્વ પીઠે ચડી,
અપાર પૃથિવિ તણા સકળ પાર લેવા લડી:
ઊડી ગગન ફૂંક ફૂંક નભદીપ હોલાવવા:
સરૂં વિતલ નાગપુત્રી વરમાળધારી થવા:
અને અહીં ખળંત આ ઝરણુ, ને ઊભા ડુંગરા,
વચાળ નવ પલ્લવે લચિત ઝૂંપડી, સુંદરા
પ્રતિક્ષણ પ્રતિક્ષતી—નીતરતી પીળાં પોપચે;
મૂકી સકળ કૂચવું ? હૃદય જુદ્ધ ભારી મચે !

અજંપ મુજ અંગમાં: હૃદય રાગભારે ભર્યું:
જવલંત મુજ વાંછના-રૂધિર ક્યાંક થોડું ઠર્યું:
અપ્રાપ્ય સહુ પામવું: નહિં ય મેળવ્યું છોડવું:
વિરાટહૃદયી થવું!—સકળ વિશ્વ જેમાં જડયું;
ઊડીશ પુલકી કદિક જગ મૃત્યુનાં ખોળવા !
વિષાદ પણ વ્યાપશે જીવનવિશ્વ છોડી જવા!

કૃષ્ણલાલ શ્રીધરાણી

અમે ઝાકળિયા પાસે આવીને અંદરથી તથા આજુબાજુ એને જોવા લાગ્યા. એને નાની ઝૂંપડી કહી હોય તો ચાલે. પણ ઝૂંપડી શબ્દમાં તો ઘરનો ભાવ છે. ખેડુતને વળી ઘરની 'માયા' કેવી ? એને તો શિયાળાની ઝાકળથી બચવા માટે માથા પર કંઈ છાપરું જોઈએ. તે ચાર થાંભલી પર ગોઠવી દે એટલે મોટી મહેલાત થઈ ગઈ. બાકી તો મોટાં ઘેરાવદાર ઝાડ એ જ હમેશનાં છાપરાં.

'જુઓ, અહીં હાથીડો બેસીને એનું લેસન કરે છે.' એણે ઘાસના પાથરા તરફ આંગળી કરી. ઝાકળિયાના છાપરા નીચે બે બાજુ બે પાથરા બિછાવ્યા હતા અને વચ્ચે અંગ્ઠામાં લાકડાનું એક મોટું ખોઢુ અરધું બળેલું પડ્યું હતું. એની તળેથી ધુમાડાની પાતળી સેર નીકળતી હતી તે બીડીના ધુમાડાની સેર જેવી જણાઈને ખોદામાં માણસપણાનું આરોપણ કરવા પ્રેરતી હતી. થાંભલીએ પાણીનાં બે તુંબડાં લટકાવ્યાં હતાં. છાપરા પર માટીનું કાળું શકોરૂં ઊંધું પાડેલું હતું અને એની પાસે એક નાની નાળિયેરની કાચલી હતી.

'અહીં બેસીને બધા આંક એણે ગોખી નાખ્યા.' ગોવંદાએ ઉમળકાભેર કહ્યું. ત્યાં ભાભીનો દુરગો મારી બાંય ખેંચીને બોલ્યો: 'મારી કનેથી ચોપડી લઈને નકામો ફાડી આપે છે. એમ કંઈ ભણાય, કાકા ?'

અને એણે કટાણું મોઢું કરીને હોઠે આવેલું મશ્કરીનું હસવું દબાવી દીધું. ગોવંદાને આ સહેજ પણ ગમ્યું નહિ. પણ ત્યાં સામે શેઢેથી હાથીડો દોડતો

દોડતો આવ્યો અને એનો ચહેરો પ્રફુલ્લ થયો. આઠનવ વરસનો હાથીડો એ ગોવંદાનું સર્વસ્વ હતો. એને પોતાને ડીલે કંઇ અંગરખું ન હતું, પણ હાથીડાએ એને મોટો પડે એવો કોટ પહેર્યો હતો. ઢીંચણથી સહેજ નીચી એવી રાતી કિનારવાળી પોતડી કાછોટો મારીને પહેરી હતી. એને માથે ગંદી ખાદીની ટોપી હતી. આવતાં વેંત એ અમારી તરફ આશ્ચર્યથી જોવા લાગ્યો. ભાભીના દુરગાએ એકદમ ચપળ બની જઇને બિલાડીની તલપથી હાથીડાના કોટના ખીસામાં હાથ નાખ્યો અને બેવડી-ત્રેવડી વળી ગએલી આંકની પાતળી ચોપડી બહાર કાઢી.

'જુઓ, આમ ભણાતું હશે ? મોટા ભણેશરી ! મારી ચોપડી બગાડી નાખી !'

દુરગાએ જરી મોં બગાડ્યું અને કોઇએ ટાપસી પૂરી નહિ એટલે મારી તરફ જોઇને હસતે ચહેરે બોલ્યો: 'આ ડાકરડાં શું ભણવાનાં વલખાં કરતાં હશે, હેં!'

ગોવંદાનું મોઢું પડી ગયું. હાથીડાનું આશ્ચર્ય આંસુ સુધી પહોંચી ગયું. શું કરવું એની મને સૂઝ પડી નહિ, પણ પછી તરત જ મેં ગજવામાંથી ચાર પૈસા કાઢીને દુરગાને આપ્યા: 'લે આની તું તારે માટે નવીનોક ચોપડી લાવજે. આ જૂની એને આપી દે.'

દુરગો ખુશ થઈ ગયો; કેમકે આંકની ચોપડી તો એક પૈસામાં જ મળી શકે છે એની મને ખબર હતી જ. હાથીડો ચોપડી મળતાં આનંદિત થઈ ગયો. ગોવંદો અજબ આભાર-લાગણીથી નીચે જોઈ રહ્યો.– 'તમારા જેવા ન હોય તો અમારે વળી ભણવાં કેવાં ?' એણે જાણે પોતાના મનને સમજાવવા બોલવા માંડયું.

મેં કહ્યું, 'કાલે આપણે હાથીડાને નિશાળમાં મૂકી દઇએ. મહેતાજી મારા ઓળખીતા છે. એટલે ખાસ ધ્યાન આપશે.'

ગોવંદો હદબહાર ખુશ થઈ ગયો અને ફરી સૌ હરખમાં આવી ગયા.

'હવે તો પેલી વાત કહેવી છે ને ?'

'અરે તમે ય કેવા છો ? એ વાત તો તમને બતાવી પણ દીધી ને હમણાં, ઠેઠ છાપરાથી તે પાથરા સુધી.' ગોવંદો ખડખડ હસી પડયો.

અને એના ઝાકળિયા ભણી ફરી એક દૃષ્ટિ નાખી હું ઘેર ગયો.



એક દિવસે હું ફરતો ફરતો ઝાકળિયે પહોંચ્યો. મારી તરફ છાપરેથી એક પંચિયું સુકાવા લટકાવેલું હતું એટલે હું ઠેઠ ગયો તોપણ ઝાકળિયા નીચે બેઠેલા ભાઇઓને મારા આવવાની ગમ રહી નહિ. એમની વાતચીતથી હું આગળ વધતો અટકી ગયો. બંને ભાઇ ખાતાંખાતાં વાતો કરતા હતા:

'જો. હવે તુ ભણવામાં બાકી રાખે તો તારો વાંક!'

'મને આંકમાં માસ્તર પહેલો નંબર આપે છે, પછી ? દુરગાએ પેલી ચોપડી એટલા સારુ તો પાછી પડાવી લીધી. પણ હવે એનું કાંઈ કામે નથી.'

'કંઇ નહિ; આપણે શું ? ભણાય ત્યાં લગણ ભણવું. પણ શામળભાઇ તને બારીસ્ટર બનાવ્યા વગર રહેવાના નથી.'

'જા, જા; ગાંડાની પેઠે શું બોલે છે ?' હાથીડો એની કોમની રીત પ્રમાણે મોટા ભાઇને પણ તુંકારે જ બોલાવતો.

'હા, હા; તને મુંબઈ હુમરશાહીનો ગાજર-

વેટ બનાવશે, ને.........'

મેં મહામહેનતે હસવું દાબી રાખ્યું.

'ને....એ દીવાન થશે તો છેવટે તને મામલીદાર તો બનાવશે જ.'

'કોને,–મને?'

'હા, હા; તને. આ આવડાક હાથીડાને મોટો તો થવા દે. કેમ કંઇ બધા ઉપરથી મામલીદાર થઇને જ અવતરે છે?'

'હા–હા–હા–હા!' હાથીડો હસી પડ્યો. 'હું મામલીદાર થાઉં તો તને શું કરું, કહે જો!'

'મને? મને તો તું પટાવાળો રાખીશ; કે પછી હું મારે કૂવે કામ કરતો હોઇશ ને તું રસ્તે ઘોડે ચડીને જતો હોઇશ તો મને વેઠે પકડીશ; નહિ?'

'હા–હા–હા–હા!' ફરી હાથીડો હસી પડ્યો. 'તો તો જરૂર હું મામલીદાર બનું 'લ્યા! બસ ભણી જ નાખું!'

'જો, હસવામાં નથી કાઢવાનું. બાપુ કહેતા હતા, મને અહીં મૂક્યો ત્યારે, કે આ હોળીએ મને પંદરમું બેસશે એટલે હું તો પૂરા આદમીનો પગાર લખી શકીશ. અને પછી ચારેપાંચે વરસે ઠીક પૈસા ભેગા થશે એટલે બાપુ મને ઘર મડાવી આપશે, અને હું મારે આયખું ફૂટી કાઢીશ. આ આપણા લીંબાકાકાની પેઠે કે બાપુની જ પેઠે કે આપણાં બધાં મનેખની પેઠે. પણ તું? તારે તો ભણ્યે જ જવાનું, આઘુંપાછું જોયા વિના. આ ઝાકળિયામાંથી ઝળાંઝળાં તેજ પ્રગટાવવાનું છે, સમજ્યો કાંઈ?'

'એમાં ઝાકળિયાને શું છે?' હાથીડો મોટા ભાઇનું બધું બોલવું સાંભળીને અને થોડું સમજીને કંઈ ન સૂઝતાં બોલ્યો.

'અરે વાહ! તું આખરે તો આવો જ બહેલો વાળીશ કે? આ ઝાકળિયાને સામે મોટી હવેલી બાંધજે, કોક દાડો મામલીદારમાંથી દીવાનની પાયરીએ પહોંચે તો.' અને કોળિયો ગળે ઉતારીને ખુલ્લે ગળે આગળ લંબાવ્યું, 'મારી પેઠે તારાંમારાં છોકરાં—આપણામાંથી કોઈનાં ય છોકરાં—ભણ્યા વનાનાં નો રહે એ જોજે. અલ્યા, તું મોટો ઠેઠ માણસ બને ને તને અહીં એક નિશાળ કાઢી આપતાં તે શું આડશે?'

'એ તો ખરું, પણ મને નિશાળે મોડું થશે; મારો નંબર જશે. લે, આલ જો થોડી કઢી તારામાંથી; બટકું પલળે એટલી.'

હું જરી ખસીને એમની આગળ ગયો. ગોવંદો એના શકોરામાંથી થોડી કઢી હાથીડાના કાચલામાં રેડવા જતો હતો તે ચોંકી ઊઠ્યો અને થોડી હતી તેમાંથી થોડીક કઢી નીચે ઢળી ગઇ. મેં કહ્યું,

'ઘેરથી વધારે કઢી કેમ લાવતા નથી?'

'કેમ, એક જણને જોઇએ એનાથી તો વધારે આપે છે, ઊલટું.'

'પણ હાથીડો ને તું બે છો તો બે જણા જેટલી લાવતા હો તો?'

'રોટલો એક વધુકો મળે છે એ ઓછું છે?'

'તો થોડી કઢી લાવતાં શું થાય છે? તારે લીધે હાથીડાને હેરાન થવું પડે ને?'

'પણ હાથીડો ક્યાં ખેડુ રહ્યો છે?'

'હા, હા; ભૂલ્યો; હાથીડો ક્યાં ખેડુ છે!' અને હાથીડા ભણી જોઈ મેં કહ્યું, 'દોડ, દોડ, નિશાળનો ઘંટ ક્યારનો ય વાગી ગયો.' અને તરત જ એ ખાવાનું પડતું મેલી, 'તું ખાઇ જજે' એમ ગોવંદાને કહીને દોડ્યો. 'ભણવામાં કેટલો જીવ છે એનો!' કહીને હું ય ગોવંદાને એકલો નિરાંતે ખાવા દેવા માટે એ બે ભાઇની વાતચીત વાગોળતો વાગોળતો ચાલ્યો ગયો.

* રજાઓ પૂરી થવા આવી હતી. મારે એક બે

નમું

•મિશ્રોપજાતિ•

નમું તને, પથ્થરને? નહિ નહિ
શ્રદ્ધાતણા આસનને નમું નમું:

જ્યાં માનવીનાં શિશુ અંતરોની
શ્રદ્ધાભરી પાવન અર્ચના ઠરી,
કે મુક્ત તલ્લીન પ્રભુપ્રમત્તની
આંખો જહીં પ્રેમળતા ઝરીઝરી.

તું માનવીના મનમાં વસ્યો અને
તને ય આ માનવ માનવે કર્યો;
મનુષ્યની માનવતાની જીત આ
થએલ ભાળી અહીં તેહને નમું.

તું કાષ્ઠમાં, પથ્થર વૃક્ષ સર્વમાં,
શ્રદ્ધા ઠરી જ્યાં જઇ ત્યાં બધે જ તું.

તને નમું, પથ્થરને ય હું નમું,
શ્રદ્ધાતણું આસન જ્યાં નમું તહીં.

સુન્દરમ્



દિવસમાં હવે સ્કૂલે જવાનું હતું. રાતે ભાભીએ દુરગાને છાનો રાખવા માથું પંપાળતાં પંપાળતાં કહ્યું,

'શામળ, ઇસ્કોલ કયારે ઊઘડે છે?'

'આ સોમવારે, કેમ?'

'કેમ, તે, તારે બદલે હવે પેલા ઠાકરડાને ભણવા મોકલવો છે. તારા ભાઇ આવે એટલે એનું ગોઠવી દઇએ. ભારે ભણેશરી છે, ભાઇ!' અને દુરગાને વાંસે હાથ ફેરવીને બોલ્યાં, 'બાપો મારો! છાનો રહી જા જોઉં!'

હું તો બાઘાની પેઠે જોઈ રહ્યો. ગોવંદાની પેઠે ક્યાંક બેડુ રહેવા ગયો હોઉં એવું પરાયું મને પોતાના ઘરમાં જ લાગ્યું. ભાભીએ હાથનો પંજો ઊંચો કર્યો: 'તે ઠાકરડાનાં છૈયાં મારા દુરગાની ઉપર નંબર રાખશે, ને ઘરના રોટલા એમને ખવાડી મારા દુરગાને હું રોવરાવીશ એમ? મારાં છવ્વીસે છેક પાણીમાં બૂડયાં છે ને!'

પછી તો એમણે ક્યાંકથી પેલી આંકની ચોપડીની ય વાત કાઢી અને મારા જવાબ લેવામાં આવ્યા. મોટાભાઇના આવી જતાં પહેલાં મહામહેનતે વાત પતાવી. બીજા બે દિવસ હું રહ્યો એમાં મેં દુરગાને પૈસા આપીને, લાવીને, પરીક્ષા થયે પાછા આવતાં એને માટે કંઇ કંઇ લાવીશ એવા લાંચો આપીને, એ પોતે જો પહેલે નંબરે આવે તો ઇનામની લાલચ બતાવીને,—અને મારી આગળ તો એ સાવ નાનું બચ્ચું હતો એટલે અનેક ભોળવણી-બીક-લાંચથી, મેં એને સાધ્યો અને એની મારફત અથવા એને પોતાને સાધવાથી જ ભાભીનું મન પણ સંપાદન કરી શકાયું. મને લાગ્યું કે ગોવંદામાં—અને તેને લીધે હાથીડામાં—હું જેટલો રસ લઉં છું તેટલો ભાભીના દુરગામાં, અરે મારામાં જ કેમ મેં કદી ય લીધો ન હતો. અને હવે તો હાથાડાને લીધે દુરગામાં મારો રસ વધવા માંડ્યો! મને લાગ્યું કે હોળીગાળે પરીક્ષા આપીને આવીશ ત્યાં સુધી હવે નિર્વિઘ્ને હાથાડો ભણી શકશે. ઘેરથી કંઇ ખાસ વધારે ખાવાનું તો મોકલવાનું હતું જ નહિ, ને છોકરા બિચારા ઝાકળિયામાં પડ્યા રહેતા હતા. હાથાડો પંખીડાં ટોવા લાગતો, બીજું કંઇ નાનુંનાનું પરચુરણ કામ કરતો, એટલે એનો બોજો અગારા ઘર પર નજેવો જ હતો.

મને સ્કૂલે મૂકીને ગોવંદો પાછો ફરતો હતો. કંઇ વાત સૂઝી નહિ એટલે ગોવંદાને ગમતી વાત જ મેં ઉપાડી:

'હું હોળી પર તો આવી જઇશ. એટલામાં કે ત્યાર પછી તરત જ હાથાડો બાળપોથીમાં પાસ થઇ જશે અને પહેલીમાં આવશે. ઉનાળામાં એને પહેલી ને બીજી બે ય હું શીખવાડી દઇશ. બહુ હોંશિયાર છે.'

'હા, ખેતીના કામમાં ય કંઇ ઓછો પાવરધો છે? ઝાકળિયાનું કામ મેં તો હવે શું કર્યું છે? બધું કામ એનું છે એમ જ કહોને, મારા ભાઈ! ને મને કયારડા પાવામાં, બળદિયા ચારવામાં, ક્યાં ય મને કામ કરવા દેતો નથી. પછી એનું ગજું હોય કે ન હોય. એટલી એની હોંસ છે!'

'ખરેખર, મારાથી ય હોંશિયાર છે.'

'ના, ના; તમે એ શું બોલ્યા? તમારાથી તે શેનો હોંશિયાર? પણું અત્યારે તો એને કામ કરવા દઉં છું, પણ હવે ઉનાળેથી સાવ ઇસ્ટાપ! બસ ભણાય એટલું એ એને ભણ્યે રાખે. કામ કરનારા અમે બેઠા છીએ કાઠાં બાવડાંવાળા!'

'બધું બરોબર કરી દઇશું.'

'વારુ.' કહેતોક ને તે ઘોડું દોરીને રસ્તે વળ્યો. ઘોડા પર બેઠો પણ નહિ. ખાઈપીધેલો માણસ હોય, દુનિયાની ચિંતાનો માથે ભાર હોય અને બિચારા ચોપગા પ્રાણી પર પોતાનો ભાર લાદવા માગતો ન હોય એવા પાકટ પુરુષ જેવો એ મને એની પીઠ ઉપરથી જણાયો.

મુહા મહીને મ ઘણી રાહ જોઇ. રસ્તા પર ભાત-ભાતનાં અનેક આકારનાં માણસો પસાર થઇ જતાં હતાં, તો એ બધામાં એક ગોવંદો પણ હોય એ ઘટના કેમ અશકય હતી તેની મારા મનમાં મૂંઝવણ વસી ગઇ હતી. પણ પાછલા પંદરમાં મોટાભાઇ જ તાલુકે આવી ચડયા. ગઇ સાલના ખેડુએ આગળથી કાંઇ પૈસા લીધા હશે અને અરધા ખેતીએ કંઇ અડચણ આવતાં ધારેગ થએલો ને પૈસા પાછા નહિ આપેલા કે શું-તે એની સામે મોટાભાઇએ કેસ માંડયો હતો ને એની મુદત હતી એટલે આવ્યા હતા. પોકની પોટલી મને આપતાં બોલ્યા:

'હાકરડો કહે કે ભાઇને પોંક આપી આવું. મોઢામાં જીભ નહોતો ઘાલતો; લે!'



લીલો મોડો ખાસ્સો પાંચશેરેક પોક મારા હાથમાં પડતાં બીજા વિદ્યાર્થીમિત્રોને મારી કેટલી અદેખાઈ આવી હશે એ તો હું જ જાણું છું. ગોવંદો મારો જબરદસ્ત હિતચિંતક વાલી હોય એવું મને એ વખતે તીવ્ર ભાન થયું.

હોળીની રજાઓમાં ઘેર જતી વખતે કોને માટે શું શું લઇ જવું એની મૂંઝવણ થઇ ને કશું જ ન લઇ જવાનો નિકાલ સુગમ લાગ્યો. ઘેર ગયો ને તરત જ દુરગાએ કંઇક માગ્યું પણ ખરું; અને મેં એને સીધો જવાબ નહિ દીધો એટલે બેત્રણ દિવસ તો એ આશામાં રહ્યો અને કાંઇકની લાલચે મારી સાથે સીધો ચાલ્યો. પણ બેત્રણ દિવસ પછી આ વચગાળા-ની આખી રામાયણ ગોવંદાએ મને કહી સંભળાવી:

'તમે કહેતા'તાને, કે કઢી કેમ વધારે લાવતો નથી! પણ પછીથા રોટલો ય બંધ કર્યો ને મારા એકલાના ખાવામાંથી અમે બેય પતાવતા. એ તો મુખીનો ખેડુ કોક દન વળી બટકું વધે તો આપતા રહે, એટલે પૂરું પડતું.......ને કોક દન મોટાભાઇનાં વહુ કહેશે કે ઘેર બેસીને જ ખાઇને જાને; એટલે મારે બેળેબેળે રોટલાનો ડૂચો એકલાને ગળે ઉતારવો પડે, ને હાથીડો ટટળે આખો દન......ને પહેલાં તો હાથીડો જ ભાત લેવા જતો. લઇને આવતો હોય તો વાટે દુરગો ને એના ગોઠિયા હાથીડા પછાડી કુતરાં દોડાવે...... ને આ આકળિયામાં ગોદડી છે તે કોની માનો છો? આપણા ઘરની નહિ, હો! મુખીના ખેડુએ આંણી આપી વળી......પણ મારા મનને કાંઈ થતું નથી. હાથીડો નંબર પહેલો રાખે છે. હવે તમે આવ્યા છો તો બબ્બે ને તત્તણ ચોપડીઓ ભણાવીને અંગરેજીમાં દાખલ કરાવી દો,' ને થોડીવાર રહીને બોલ્યો, 'મારી આંખે હાથીડાને ભણી ઉતરેલો ભાળું એટલે જનમારો જીત્યો! મારાથી જીવાશે એટલું!'

આ બધું સાંભળવું એ મારે માટે ભારે હતું, પણ ભાભીની વાત સાંભળવી એ એથી યે વધારે ભારે હતું. રાતે મોટાભાઈ ને હું વાળુ કરતા હતા ત્યાં એ બોલ્યાં:

'હવે આપણો શામળ તો ભણી ઊતર્યો. ઘણું થયું! આ દુરગાને ય બાળપોથીથી આગળ નથી જવા દેવો! ઠોઠ છે; છેલ્લો નંબર રાખે છે! ઘેર બેઠાં શીખશે ખતપત્તર જેટલું. શામળ પેલા હાકરડાને ભણાવે છે તો દુરગાને એટલું નહિ શીખવાડે!'

એવા ઠંડા કટાક્ષથી એ બોલતાં હતાં કે મારા ગળામાં કોળિયો અધવચ જ ચોંટી ગયો. થોડું પાણી પીવા માટે પ્યાલું લીધું અને પ્યાલાની આડે રહીને જોઇ લીધું કે મોટાભાઇની આંખમાં શું હતું. મોટા-ભાઇ હમેશના ઓછાબોલા એટલે એમની નજર જ મારે માટે બસ હતી. આમ તો હું ભાગ્યે જ પૂરેપૂરું એમની સામે જોતો.

બીજે દિવસે ભાભીએ મને બરોબર લીધો: 'એ હાકરડાં સગાં લાગે છે? ને દુરગો તો હરામનો હશે. કદી એને પૂછ્યું કે તને કેટલું આવડે છે? રોજ મંતર મારમાર કરે છે!'

પછી તો રહેતાં દુરગા ડેસ વાળેલાં પેરી જાય, કે

ખાતાંખાતાં ખાંસી આવે, કે પાણી ઉતાવળે પીવા જાય ને નાકમાંથી થોડું નીકળી આવે તો એવા બધા પ્રસંગે મારા નામનું આવી બનતું.

કર્યો હશે, અને બીજાઓ વાત કરતાં જીભ પર શબ્દોને પંપાળ્યા કરે એ એમને બીલકુલ પસંદ ન હતું.

'એ...ટ...લે હાથીડો પહેલે નંબરે હતો! હં... હં હં અં... અં હં અં...!'

'તને આંક ન આવડયા એટલે એ પહેલે નંબરે હતો! કેવી વાત કરે છે? જા તારી માને જ સંભળાવ!'

ભાભી રસોડામાંથી બહાર આવીને બરાડી ઊઠયાં:

'હવે શું તમે ય છોકરા જેવા થાઓ છો? અને દુરગા ભણી ફરીને બોલ્યાં, 'તું ય શું તારા બાપની જેવો થાય છે? કહીદે ને, કે પછી માસ્તરે હાથીડાને કહ્યું કે બધાને બેઉ ગાલે એકેક તમાચો ચોડી દે, અને એણે ચપોચપ ચોડી દીધા. ચોડી જ દે ને? આપણા ઘરના રોટલા ખાઇને એના હાથ તો તાનામાતા રહે છે. તે દુરગાને લપડાકો મરાવવાની આપણને ઓછી હોંસ છે કંઇ!'

દુરગો ધીમેથી ગણુગણ્યો: 'માસ્તર કહે કે હાથીશંગ બધાને તમાચા લગાવ, એટલે...'

'હા! પાછા હાથીશંગ! બધા યે શંગ ને શંગ! શંગ એમની ઘેર. મને તો થાય છે કે ક્યાં આ "ઊઠ પાણા, પગ ઉપર પડ" એવું શામળે કરી આપ્યું છે! એને શું?' એમણે મને પણ ઘણી સણાવી

અંધારું થઇ ગયું હતું. હું મોડેથી ઘેર આવ્યો અને હાર ઓસરીમાં બેઠો. અંદરથી ભાભીનો અવાજ આવતો હતો: 'તમે કહો છો, પણ આ શામળમાં તે કંઇ અક્કલ છે? પેલા ગોવલાના ભાઇને ફટાવ્યો તે એ ટાકરડાને તે કાંઇ કદર છે? આજે, દુરગા, શું બન્યું નિશાળમાં? કહે જો તારા બાપાને!'

ને ડુસકાંના તાલ પૂરીને ગાતો હોય તેમ રાગડો તાણીને દુરગો પોતાની આપવીતી કહેવા લાગ્યો:

'અમને આંઆંઆંક ન આવડ્યાઆઆ ... એટલેએએ...'

એ અટકી ગયો. એણે 'અમને' પોતાને માટે જ, પોતાને આટલી અગત્ય અપાય છે એથી બહુવચનમાં વાપર્યું હશે, કે પછી પોતાના જેવા બીજા પણ ઘણા હતા એવું ઓથું લેવા વાપર્યું હશે! મોટાભાઇનો અવાજ સંભળાયો: 'એટલે શું? બોલી નાખને ઝટપટ?'

ભેટ

•શાર્દૂલવિક્રીડિત•

(૧)

કોણે ભેટ ધરી મને શરીરની? શ્યામાભ્ર વીંધી ઊંચે
આકાશે વિહરી શશી સૂરજ ને તારા તણી ચેતના
સાધીને ઢગ પાપના પ્રજાળતા કિર્ણોવતી આંખની?
ચોદે ભુવન જ્યાં શમે પણ છતાં ના ફાટ ક્યાં યે પડે,
કે જે અલ્પ ન લાગતું ય જરીકે નિઃસીમ હૈયા તણી?
જાડયોમાં પણ ફેરતા વિશદતા ફેલાવી ગોરંભાતા
પૃથ્વી આભ વીંટી રહી પમરતા એવા મહા પ્રાણની
કોણે ભેટ ધરી મને?

(૨)

કોણે ભેટ ધરી મને જીવનની? શૈલેશના શિખરે
ઉત્સાહે ચડવા મને જગવતી નિત્યે દઇ પ્રેરણા,
સંહારી પથસંકટો સરળતા આપે કરી શક્તિની?
ઉષાની ફુલપાંદડી મઘમઘે એવી મીઠી ઊર્મિની?
ગાઢાં ઘોર તિમિરમાં વિલીન થૈ સર્વે નવાં રત્નને
આ વિશ્વે ઘૂમીને અનંત નિરખે તારી પ્રભા પ્રેમની
એવાં ગંભીર ચિંતનો વિમળ ને સૌન્દર્યપ્રજ્ઞા તણી
કોણે ભેટ ધરી મને?

(૩)

કોણે ભેટ ધરી મને જગતની? ત્રિખંડ મૂર્તિ તણી?
મોટાં પ્રકૃતિધામ નિત્ય નવલાં, શય્યા લીલી શષ્પની?
તેજોના રસસાગરો, જળ તણા ફૂટે ફુવારા તણી?
વાયુની લહરી ચરાચર વિષે એકાત્મતા પ્રેરતી,
તેની? ચોદિશ ગુંજતા અણુ અણુ મુક્તિ તણા ગીતની
કોણે ભેટ ધરી મને?

(૪)

ને આ સૌ તુજ પાદમાં ધરી પછી નિષ્કામ થઇને રહું,
કોણે ભેટ ધરી મને અણુદીઠી એવી મનોવૃત્તિની?

'મોહિનીચન્દ્ર'

એમને સહેજ પણ બોલવું પડે એ ગમતું નહિ. એમણે જાતે પોતાની જીભનો બહુ જ જૂજ ઉપયોગ

દીધા. એમનો જુસ્સો ઊતરી રહ્યા પછી મોટાભાઇએ માત્ર ગણેલાં બે વાકય કહ્યાં:

'હવે આ હોળી તો પંમદા'ડે આવી. અખાતરીએ જોઈ લઇશું. હું તો જાણું છું કે મકનાજીનો હિસાબ ઓણના વરસમાં પતી જાય એટલે બસ!'

હોળીની સાંજે દુરગો લાંબીવાર સુધી ઘેર દેખાયો નહિ એટલે ભાભી ગભરાયાં. મને બહાર ઓસરીમાં ચોપડી વાંચતો દેખીને ખીજાઇ ઊઠયાં:

'કાઇ છે તમા? બધા ભાણીભણીને પાટલા ફાડી નાખે છે તે! મારો છોકરો આ નવા દાંડામાં કયાંક કેકની હડફેટે ચડી જશે એની પરવા છે કોઇને? ઓછામાં પૂરૂં કોટમાં નવી સેર પહેરીને ગયો છે!'

બીજો કલાક નીકળી ગયો. અંધારૂં થયું ને ભાભીનો જીવ હેઠ અદ્ધર ચડી ગયો. એમણે મને ઊધડો લીધો: 'એ નઘરા! મોટા ભણેશરી નવાઇના! મારા છોકરાનો જીવ જ લેવા બેઠો છે ને? દિવાળી ગાળેથી એને જળો વળગાડી આપી છે તે બાપડો ચૂસાઈ તો ગયો જ છે, ને હડીસોગળેલો છોકરો મારો કંટાળીને કયાંક......'

ક્રોધથી એમની જીભ પણ કાંપવા લાગી અને આ અપશુકનિયાળ વાકયને એ આગળ લંબાવી શકયાં નહિ. હું ઊઠયો અને આખા ગામમાં તપાસ કરીને છેવટે, કદાચ કૂવે હશે એમ માની ત્યાં ગયો. ફાગણી પૂર્ણિમાનો ચંદ્ર ખેતરોના કયારા દૂધથી ભરી દેતો હતો. કૂવા કાંઠે મુખીનો ખેડુ અને બીજાઓ પાથરા પર પડયા હતા. જઇને મેં પૂછયું:

'દુરગો દેખ્યો કયાંઇ?'

મારા અવાજથી મુખીના ખેડુએ પડખું ફેરવ્યું અને અચંબામાં એ ઊભો થઈ ગયો.

'અરે! હોળી પેટાવી એટલાંમાં?' કહીને એ પૂર્વ દિશામા ઝાકળિયા તરફ જોઇ રહ્યો.

'કયાં આપણા બળા ભણી?' કરતોક ને ગોવંદો બેઠો થયો ને આથમણી દિશામાં જોઇ રહ્યો. વીજળીનો આંચકો લાગ્યો હોય એમ બધા છળીને બળા ભણી દોડયા.

બાવાની માફક હું ઊભોઊભો જોતો હતો. બંને બાજુ બે હોળીઓ સળગતી હતી.

બળાના ઝાકળિયાની આસપાસ આઠદસ છોકરા આનંદમાં કૂદંકૂદા કરતા હતા. અગ્નિઝાળોના અજવાળામાં મેં દુરગાને પણ એ બધાની વચ્ચે કૂદતો જોઇ લીધો. એમણે ફાગ છેડી:

હાથીડાના હાથીશંગે બબ્બે ઘોસો મારી રે,
બબ્બે રે કુદકારે કૂદો ઘેરિયા,
લાલ કેશા!

બીજી તરફથી ગોવંદો હાથીડાને અને એક છોકરાને બાવડેથી પકડીને ઘસડી લાવ્યો: 'ધણીનું ખળું આખું બાળી નાખ્યું. મોટાભાઇ મારૂં શું કરશે? મને આયખામાં પણ કોઈ ખેડુ રાખશે હવે?'

હાથીડો રોતો રોતો બોલતો હતો:

'મને આ મગને કહ્યું કે પેલા—દુરગો ને એ ઝાકળિયાની હોળી કરવા આવે છે; એટલે દુરગાનું ખળું અમે ન બાળી નાખીએ પછી!

અને એ મોટેથી રડવા માંડયો. મગન પણ રોતો હતો. ગોવંદાની આંખે પાણી નીકળતું હતું, પણ એના કંઠમાંથી કશો અવાજ નીકળી શકતો નહોતો.

બળતે હોળવવા સાથમાં ખેડુઓના હોંકારા સંભળાતા હતા.



આ વાર્તાનાં પ્રસંગચિત્રો આલેખનાર: રસિકલાલ પરીખ

તો ડઘાઈ જ ગયો હતો. પોરના એકુનો મોટાભાઇએ પાછો પકડયો હતો એ મને સાંભરી આવ્યું. મકના ખાંટનું ખાતું પતી જાત એને બદલે હવે જિંદગીભર આ ખળાના વળતરમાં એક છોકરાને એકુ રહેવું પડશે કે શું એવી એવી મને આશંકા થવા લાગી. અને હોળી પછીનું ગોવંદાનું પંદરમું વરસ, એનો આખા આદમીનો પગાર, ચારપાંચ વરસની કમાણીના પાંચવીસો રૂપિયા, રૂપાળી કન્યા, ઘરખોરડાં, એ બધું ઘઉંના ખળામાં ભડભડ બળતું હતું. અને કોઇ પણ ભોગે હાથીડાનું ભણતર, ભવિષ્યની બાલેસ્ટણની પદવી, મામલતદારી, સ્મારક તરીકે ઝાકળિયાને ઠેકાણે હવેલીનું ચણતર,— એ બધી સ્વપ્નપરંપરા ઝાકળિયાની બળતી ઝાળોની પાંખે ચડીને ઊડી રહી હતી.

ઊછળતી અગ્નિઝાળો આસપાસ ઘેરિયાઓ કૂદતા હતા:

લેણુંદેણી કરશું પૂરી, લીધું એટલું દેશુ રે,
ખરો રે લેશું હોળીને વાય દે,
લાલ કેશા !

બંને હોળીઓની ઝાળો પવનના ઝપાટાથી થોડી ઝૂકીને પાછી ટટાર થઇ અને પછી ધીરેધીરે ઢળવા લાગી. પણ એ સિવાય એક ત્રીજી હોળી ગોવંદાના હૃદયમાં સળગી ઊઠી હતી અને એની ઝાળો વધ્યે જ જતી લાગતી હતી. નિસાસો રૂંધીને એ બોલ્યો:

'હાથીડા, તું બાલેસ્ટણ થાય તો આટલું ખળાનું નુકસાન તો એક પલકમાં વાળી આપે ને?' અને મારે જવાબ આપવાનો હોય એમ મારી સામું જોઈ બોલ્યો, 'તમે મોટાભાઇને કહી દેજો કે મારા બાપાને આમાં ભેરવે નહિ. હાથીડો એક પલકમાં ભરી દેશે!'

જન્મારાઓથી ઝાંઝવાં પાછળ દોડવાની ટેવ પડી ગઈ હોય અને એમાં આમ ભ્રમણા ભાંગી જાય ત્યારે ઊલટું વળી બેવડા બળથી એ ઝાંઝવા માટેની આતુરતા કેમ વધે છે એ ગોવંદાની દશા પરથી વરતાઇ આવતું હતું. સહન કરવાની જાણે જન્મોની તાલીમ હોય અને આવા ઘૂંટડા કાંઇ વિસાતમાં ન હોય એમ એ ઝાકળિયાની ઢળતી જતી ઝાળો તરફ તાકી રહ્યો. અને જામતી ચાંદનીમાં એ નાના બુઝર્ગ માણસની વેદનાને આંખોમાંથી દૂધ જેવી ટપકતી હું જોતો હતો, ત્યાં નાસીને વાડની પેલી બાજુ પહોંચેલા ઘેરિયાઓનો ફાગ સંભળાયો:

તમ્મારે અમ્મારે હિસાબ ચૂકતે,
લાલ કેશા !

સામે, ઝાકળિયાની ઝાળો એના છાપરાની રખોડી પર પોઢી જવા કરતી હતી.

'વાસુકિ'

બહેનો માટે પરીક્ષા

પાર્વતીબાઇ નામની એક હિંદુ અભણ વિધવા બહેન સેવાભાવથી પ્રેરાઇ અભ્યાસ કરી હિંદ તેમજ અમેરિકાનો પ્રવાસ કેવી રીતે કરે છે તેનો પોતાના શબ્દોમાં સુંદર ખ્યાલ આપતું 'મારી કહાણી' નામનું પુસ્તક અમદાવાદના 'પ્રસ્થાન' કાર્યાલયે 'સરસ્વતી ગ્રન્થમાળા'માં આઠ આનાની કિંમતે પ્રકટ કર્યું છે. ગુજરાતની બહેનોમાં આ પુસ્તક વંચાય તેવી યોજના થાય તો તેમની ઉન્નતિમાં તે કંઇક ભાગ ભજવી શકે એમ લાગવાથી બહેનો માટે પરીક્ષા તા. ૨૨-૭-૩૪ ને રવિવારે સવારે ૭થી ૧૦ સુધીના સમયમાં, પરીક્ષામાં બેસનાર બેનને ગામે, શાળાનાં હેડ મિસ્ટ્રેસ કે મુખ્ય શિક્ષક કે કોઈ સદ્‌ગૃહસ્થની દેખરેખ નીચે, લેવામાં આવશે. ગુજરાતની કોઇપણ બહેન આ પરીક્ષામાં બેસી શકશે. તો, જે બહેનને બેસવાની ઉમેદ હોય તેમણે નામ, ઉમર, અભ્યાસ, ધંધો અને પોસ્ટ સાથે પૂરા સરનામા સહિત અમને તા. ૧-૭-૩૪ સુધીમાં જણાવવું.

'પાટીદાર' માસિકની ઈનામી નિબંધ હરિફાઇમાં મળેલું રૂા. ૧૦)નું ઇનામ બેન કાન્તાબેન આપાજી અમીને આ માટે આપ્યું છે, અને તેમાં ચરોતર એજ્યુકેશન સોસાએટી તરફથી બીજા રૂા. ૧૬) ઉમેરી કુલ રૂા. ૨૬) સુધીનાં ઇનામ, મેળવેલા ગુણને ક્રમે, નીચે પ્રમાણે પુસ્તક રૂપે વહેંચી આપવામાં આવશે: પહેલું ઇનામ ૧, રૂા. ૫; બીજું ઇનામ ૧, રૂા. ૪; ત્રીજું ઈનામ ૧, રૂા. ૩; ચોથું ઇનામ ૧, રૂા. ૨; પાંચથી સોળ ઇનામો ૧૨, દરેક રૂા. ૧નું.

પરીક્ષામાં બેસવા ઇચ્છનાર બહેનને આ પુસ્તક ચ. એ. સોસા૦ ની ઑફિસમાંથી અરધી કિંમતે (એટલે ૦-૪-૦થી) મળી શકશે; તો જેમને પુસ્તક વાંચવા ન મળી શકે તેમ હોય તેમણે સવાપાંચ આનાની પોસ્ટની ટિકિટ અમને મોકલી અમારી પાસેથી તે મંગાવી લેવું.

આશાભાઇ નરસિંહભાઇ પટેલ
મંત્રી, ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ

પાંચાલી (મિશ્રોપજાતિ)

. . . . . . ઉમાશંકર જોશી

શહેરની ઝાકઝમાળ રોશની
જેનાં મોડાં જીવનતેલથી બળે,
સંસ્કારિતામાધુરી પંડિતોની
અજ્ઞાન જેનાં પર જીવતી રહે,
અને છટા વૈભવ ભદ્રલોકના
દરિદ્રતા જે તણી જીવતી ચહે,
એવાં રાંકાં,
અર્ધાં ઢાંક્યાં,
અંધારામાં દૂર રહેતાં મજૂરે..

ત્યાં રોજ લે ફાનસ જાય રાત્રિએ
ઉમંગી કો એક યુવાન, પેટવે
અજ્ઞાનમાં અક્ષરજ્ઞાનદીવડા.
જુવાનિયા સૌ, વડિલો ય કો વળી
ટોળે મળી એક રચી કુંડાળું,
બારાખડી, આંક અને પલાખાં
શીખી શીખીને નિજની દરિદ્રતા
તણા ખરા આંક ઉકેલતા શકા.

ને ગોષ્ઠી—કાંતણની, વણાટની
વાતો નવા દિવસની ઉગેલાના.
કોનો મકદ્દમ બહુ રાડ પાડે
ને કોણને દંડ ફિજૂલ તો થયો,
એવી ઘણી યે ખબરો સપાટે
રજુ થતી, જે અખબાર શ્હેરનાં
જાણે ન, છાપે ન, ગણી જ તુચ્છ શી.
અને બીજી યે ઘરગથ્થુ વાતો
થતી ઘણી ખાનગી–અર્ધખાનગી:
વિટંબણાઓ સુધરાઇની, પીડા
ભાડૂતની કોટડીઓ તણી, અને
ચર્ચા થતી જાહિર તંદુરસ્તીની.

બહોળું કુંડાળું રચી એક રાત્રિએ,
અગાસથી કાજળકાળી રાત્રિએ,
જ્યારે ઝબૂકી
ધારેથી ઢૂકી
કો તારલો તેજસળીથી આંજતાં
અંધારનાં આંજી જતો જ આભમાં,
એની વધુ શ્યામ થતી જ રાત્રિએ,
બેઠા હતા સૌ, વચમાં મૂકી દીવો
પ્રસારતો ચોદિશ તેજ ઝાંખું,
કંતાપલાં, મેલથરોથી વાસતાં
કાળાં શરીરો ભણી આંખ ખેંચતો.
ધારે રહી શિક્ષકમિત્ર પૂછતો:
'નાહ્યાવિનાના અહીં કોણ કોણ, કહો?
કરો ઊંચા હાથ!' અને ટપોટપ
ઊંચા થયા હાથ, રચી લઘુ વન.

ખિન્ન થઇને એ હિતમિત્ર બોલતો:
'કહો અહીં શું સુધરાઈની કે
માલો તણા માલિકની કસૂર છે?'
અને પછી પ્રેમપ્રકોપથી ઘણું
એવું બીજું બોધરૂપે વદી રહ્યા.
એ દિ' તણું ભાષણ ખૂબ ચાલ્યું
શ્રોતા ય વક્તા મહીં ડૂબિયા હતા;
ચોકી ઊઠયા ત્યાં સહુ યે અચિંત્યા.

પાસે હતો (એક જ, ચાર ચાલીઓ
વચ્ચે) મૂકેલો નળ પાણીનો જે
સામે ખૂણે ભીંત નજીક, તેહને
ટાંકી રહી આગળથી, કુંડાળે
ઘૂમી રહી'તી ગરબે મજૂરણો.

'ક્યાં રંગમાં ભંગ કર્યો?!' વદ્યું જ કો,
બીજે કહ્યું, 'આજ ઘણું ચલાવ્યું!'
'બાકીનું કાલે!' 'બસ, ના! પૂરું કરો!'
અવાજ જાગ્યા, નવ કો સુણાયા;
ને ઊઠીને શિક્ષકમિત્ર ચાલ્યો
મજૂરણોના ગરબા ભણી, પૂછે
'રહેવા દિયો ભાઈ, બહુ જ આજ તો
છે દેર કીધી, ટકશે બિચારીઓ
એ ક્યા લગી કામ પૂરું કર્યા વિના?
ક્યારે સૂશે?' કોક વધ્યું, ન તે સુણ્યું.
ને પ્હોંચ્યો પાસે, પૂછવા જતો ત્યાં
મજૂરણો સૌ થઇ એક હારમાં
દિવાલ બાંધી નિજ દેહની ઊભી,
દુર્ધર્ષ જોદ્ધા અટકાવતી શકે!

'ના, ના' વશો!' બોલતી કોક, ને તહીં
ખંગાઇ થંભી જઇને આર્યએ
ડૂબી, ધીમે શિક્ષક પૂછવા જતો,
'ખલેલ શાને . . . ?'
'જોને 'લિ આને
ન્હાતાં અહીં આપણ ત્યાં પુગી જતાં
ના લાજ આવે!' સુણી એ જઇને
પાછા ફરી શિષ્યની મંડળીમાં
પૂછ્યું, 'કયો સ્નાનતણો પ્રકાર આ?'
ધારેથી કોકે કહ્યું, 'ભાઇ, ચાથરૂં
ડીલે મળે એક જ, તે ઉતારી
કોરે મૂકીને જરી નાહી લેવું,
કે ઓથ લેને; પછી પ્હેરી લેવું!'
'ને એ ન ધોવું?' યુવકે પૂછ્યું રીસે,
'એ ન્હાવું, ના ન્હાવું, બધું બરાબર!'
ને બોલતાં વેંત જ ચોંકી જેને
હૈયા મહીં કૈં વરતાઈ જાતાં
કે કોકની આંખ તણે ઇસારે
પામી જઇ ભેદ, વદે વ્યથાથી,
'શું સૌ ચલાવે—કદિ કેમ ના કહ્યું
એ તો તમે?'-એક જ ઓઢણું અહીં?'
'તે ભાઇ, ક્યાંથી
બીજું? જિંદગીથી
ચલાવીએ એક જ થી; નવાઇ ના!'

ને તુર્ત દૈ ફાનસને બુઝાવી,
બીજે ખૂણે મંડળી ગોઠવી બધી.
એ દિ' વ્યથાથી ઉકળી બળીને
અખૂટ ધારે વછુટી જ વાચા:
'યંત્રો મહીંથી નિપજે ન વસ્ત્રો;
વસ્ત્રો વણે છે મજૂરી તમારી.
વસ્ત્રો વીંટયાં એક નહિ, હજારો,
સચેત મોંઘાં શરીરે તમારે.
—છતાં તમે તો સહુ યે નવસ્ત્રાં!!
સહસ્ર એ વસ્ત્ર સ્વરક્તમૂલ્યાં
ઠીક તમારે થયાં એંચાખેંચી
દુઃશાસનો શાસી રહ્યા તમોને..
પાંચાલીઓ! ક્યાં લગ સાંખશો હજી!
ને રાત ખૂટી, પણ લેશ ના ખૂટી
એ વેગધારા શબ્દને સચેતતી

ઉત્તર હિંદનો ખાંડનો ઉદ્યોગ

આજે કઇ દશાએ છે તેનો ચિતાર આપતો શ્રી પ્રભુદાસ ગાંધીએ મહાત્માજી પર લખેલો પત્ર

પરમ પૂજ્ય બાપુજીની પવિત્ર સેવામાં,

રુદ્રપુરમાં ચાલતા ખાંડના ગૃહઉદ્યોગ વિષે પૂછ્યું હતું. પણ વર્ધા આવતાં પહેલાં હું થોડા કલાક જ રુદ્રપુર રહેલો, અને તે ય સ્વાગતી કેદીની જેમ. એટલે એ ઉદ્યોગ વિષે કંઇ જાણી શક્યો ન હતો. આ વેળાએ જેટલું જાણ્યું છે તેટલું આપને લખી જણાવું છું. આ ઉદ્યોગ રૂના ગૃહઉદ્યોગ જેટલો દેશવ્યાપી તથા સમાજની મૂળ જરૂરિયાતનો નથી. છતાં ગંગાકાંઠાના આ જિલ્લાઓમાં શેરડીના ઉદ્યોગને ઉપમા આપવી હોય તો ગુજરાતકાઠિયાવાડના કપાસ ઉદ્યોગની આપવી ઘટે. મેરઠ, બિજનોર અને મુરાદાબાદ ત્રણે જિલ્લાનાં ખાદીકેંદ્રોમાં હું આ મહિને ફર્યો, અને કાનનાર વણનારનાં ગામડાંઓ જોયાં તેની સાથેસાથે ગામડેગામડે ફરતા કોલુઓ પણ જોયા. શેરડીના રસ પીધા અને પીતાંપીતાં ખેડુઓના નિસાસા તથા ખાંડની મીલોને અપાતા શાપ પણ સાંભળ્યા.

શેરડીની એકે મીલ જોવાનો અવસર હજી મને નથી મળ્યો. ગોલાગકરણનાથની જમનાલાલજીની મીલની ખાંડ વેચવાનું કામ મુંબાઈમાં નીલકંઠ કરે છે તેની પાસેથી વિદેશી ખાંડની સરસાઇ દેશી મીલોની ખાંડ કરતી હોવા વિષે સાંભળ્યું છે. પરદેશી ચાની જેવી ચોરસ દાણાની અને ચળકતી શુભ્ર ચાની પણ નીલકંઠે ચખાડી છે. પરંતુ ખાંડની એ મીલોથી ગામેગામના ખેડુતો પુષ્ટ થયા છે કે સુકાયા છે એ વિષે તેની પાસેથી કંઈ સાંભળ્યું નથી. નીલકંઠ તો મુંબાઇમા રહે છે, પણ સંભવ છે કે ગોલામાં રહેતા રામેશ્વરજીને પણ પૂરી ખબર નહિ હોય કે ખાંડની મીલોથી દૂરદૂરનાં ગામડાંના ખેડુતોમાં આતંક ફેલાઈ ગયો છે.

કહે છે કે ચારેક વરસ ઉપર સરકારને અથવા જમીનદારને ભરવાના મહેસૂલ જેટલાં નાણાં શેરડીનો પાક ઊતર્યે મળી આવતાં, પણ હવે તો વરસો વરસ ઘઉં, ચણા વગેરેની જેમ શેરડી યે માથે પડવા લાગી છે. બારડોલી કે માતરમાં રીતસર આંકડાઓ મેળવી ખેડુતોની ખોટ સિદ્ધ કરવામાં આવેલી તેમ જો અહીં પણ કરવામાં આવે તો ખેડુતો શેરડીનાં વાવેતર વધારવાની નકામી મહેનત છોડી ઘાસ જ વાવતા થઇ જાય ! પરંતુ ગણિતના જ્ઞાનનો અભાવ તથા ચોમેરની વેપારી હરીફાઇનું જુગટું ખેડુતોને ચાલતી આવેલી પ્રણાલીમાં જકડી રાખે છે. બધે બજારભાવ બેસી ગયા છે તેની અસર ખાંડ ઉપર પણ થાય એ સ્વાભાવિક છે. પણ શેરડીના અત્યારના ભાવ સાંભળી સ્તબ્ધ જ થઈ જવાય છે. ચાર ચાર આને પાકો મણ શેરડી મીલોવાળા ખરીદી રહ્યા છે. ક્યાં એક કે બે આને સાંઠાની વાત અને ક્યાં બે આને મણ (ગુજરાતી મણ) શેરડી ! એ વાવવી, પાવી, કાપવી, અને ગાડાં ભરી માઇલો સુધી લઈ જવી એ બધું એ બે આનામાં સમાઇ જાય છે ! બાળવાના લાકડાંનો ભાવ પણ અત્યારે અહીં આઠ આને પાકા મણનો છે. મેરઠમાં આ દશા ઉપર ચર્ચા ચાલતાં આચાર્ય કૃપાલાનીજી કહેતા હતા કે 'આટલા ઓછા ભાવ મળે છે છતાં ખેડુતો પોતાની શેરડીનાં ગાડાં ભરી બબ્બે ને ત્રણત્રણ રાત તથા દિવસ સુધી મીલને દરવાજે ઊભા રહે છે ત્યારે તેમની ગાડી ખરીદાય છે એવા કિસ્સા પણ અનેક છે. છતાં ખેડુતો અજ્ઞાન તથા આળસને લીધે તથા રોકડાં નાણાં મેળવવાના લોભે મીલો તરફ તણાયે જ જાય છે. હિંદુસ્તાની ખેડુતે સુઝનું તો દેવાળું કાઢ્યું છે.'


મેં કેટલીક જગ્યાએ પૂછી જોયું કે શેરડી મીલોને ન આપતાં જાતે ગોળ કરી વેચ્યો હોય તો શું ઉપજે? જે જવાબો મળ્યા તે ઉપરથી જાણ્યું કે એ રીતે પણ પાકા મણના ચાર કે પાંચ આનાથી વધુ નથી ઉપજતું. પરંતુ શેરડી મીલમાં જવા કરતાં ગામડે ગામડે ગોળ અને ખાંડ કરવામાં બીજા ઘણા પેટા લાભો છે:

(૧) બળદો અને હાડિયાઓને આખા શિયાળાનો ઉદ્યોગ મળી રહે છે; (૨) કોલુને કારણે ગામના ઘણા ગરીબોનો ટાઢથી બચાવ થાય છે, કારણ કે રસનો તાવડો ચાલુ હોય ત્યાં ટોળું વળી સૌ સૂઈ રહે; ઓઢવા પાથરવાની ખાસ જરૂર ન પડે. (૩) શેરડીનાં સુકાએલાં છોતાંનું બળતણ મળે જેથી ઘણું છાણું બળાતું બચે અને ખાતર વધે. ગામડિયાઓ છાણાંને બદલે રાંધવામાં પણ સૂકાં છોતાં વાપરે છે. (૪) શેરડીનાં ઉપરનાં પાંદડાં ઢોરને થોડેથોડે કરી તાજાં મળ્યા કરે,

તેથી શિયાળામાં બીજા ચારાનો ખપ ન પડે. મીલ-માં શેરડી એકસામટી જાય છે તેથી પોણા ભાગથી પણ વધુ ચારો ઓછો જાય છે. ઘણા ખેડુઓએ તો મને એટલે સુધી કહ્યું કે ઓણ શેરડી મફત જાય છે–બીજ, મજૂરી ને મહેસૂલ કાંઈ નીકળે એમ નથી; ફક્ત ઢોરને ચારો મળે છે એ અમારો લાભ. (૫) ગામડે ગામડે કોલુ ફરવાથી ઘેરેઘેર રસ અને ગોળ છોકરાં-ઓને મળે શિયાળાની ઠંડીમાં ગરીબમાં ગરીબ હોય તે પણ રસની ખીર * ખાઇ પોષણ મેળવે પણ હવે જ્યાં શેરડી મીલોમાં જાય છે ત્યાં આખું વરસ રસનું ટીપું યે ચાખવા આખા ગામમાં ક્યાં ય નથી મળતું. ખીરની તો આશા જ ક્યાંથી? અને ઘર આંગણે સેંકડો વીંઘાં શેરડીનાં વાવેતર છતાં ગોળ સ્વપ્નાની વાત થવા લાગી છે! (૬) મેલો ગોળ ઢોરને મળતો તે યે ગયો.

રસ અને ગોળના ઉદ્યોગ વિષે લંબાણથી લખ્યું, કારણકે આખા યુક્ત પ્રાંતના દરેક ઘરનો આ ઉદ્યોગ છે અને એ યંત્રોનો ભોગ થઇ પડ્યો છે. હવે ખાંડ વિષે.

આ પ્રાંતમાં ખાંડનો ગૃહઉદ્યોગ સૌથી વધુ બિજનોર જિલ્લામાં ચાલે છે. બિજનોર જિલ્લાની ધામપુર મંડી દેશી ખાંડની મોટામાં મોટી બજાર છે. પંજાબ આખામાં ત્યાંથી ખાંડ જાય છે. હલ્દૌરમાં હજી ત્રણ વરસ ઉપર ટ્રેન આવી. તે પહેલાં તેની બધી ખાંડ ગાડાં ભરીભરીને બાર માઇલ દૂર ધામપુરમાં વેચાતી. હવે હલ્દૌર સ્ટેશનેથી જ રજપુતાના, પંજાબ વગેરે સ્થળે સીધો માલ જતો જોયો. ઘરગથ્થુ ખાંડ બનાવનારાં બિજનોર જિલ્લાનાં બે મુખ્ય કેંદ્રોમાંનું બીજા નંબરનું કેંદ્ર હલ્દૌર છે. હલ્દૌરમાં પચ્ચીસેક ખંડસાલી છે. દરેક સ્વતંત્ર રીતે પોતાનો ઉદ્યોગ ચલાવે છે. અહીં દર વરસે બારથી પંદર હજાર મણ ધોળું સફેદ બુરૂં ઉત્પન્ન થાય છે. તેની મિઠાશ ચીની કરતાં સવાઇ હોય છે. પહેલાં આ ઉદ્યોગમાં જે ઉત્પાદક વરસના શુમારે દસદસ હજાર રૂપિયા કમાતા તેની આવક હવે બેચાર હજારથી યે વધતી નથી. ચોક્કસ આંકડા સરળતાથી મને નથી મળી શક્યા એટલે તેની જે કંઇ આફત થઇ છે તે જ જણાવી છે.



ખાંડ બનાવવાની રીત પણ જાણવા જેવી છે.

(૧) શેરડીના રસનો ગોળ ન બનાવતાં તેની राब બનાવાય છે. (દેવનાગરીમાં લખેલા શબ્દો પરિભાષા છે.) राब એ નરમ જાતનો સ્વાદદાર ગોળ હોય છે. ગોળ માટે રસ ઊકળે તેથી ઓછો આ ઉકાળવામાં આવે છે. ઉકાળતી વખતે થોડું મીઠું, તેલ તથા सुल्केलाई (એક જાતની છાલ) નો રસ ભેળવી राब નાં માટલાં ભરી લેવામાં આવે છે. આટલું કામ તો દરેક ખેડુત જ કરી લે છે. પછી

(૨) खंडसाली નાં માણસો ગામેગામથી राब નાં માટલાં ખરીદી લાવે છે અને માટલાંમાંની राब કાઢી खंडसाली ના પગારદાર મજૂરો તેને ઊનના નાનાનાના કોથળામાં ભરે છે. એવી બારેક પોટલીની ઝીઓક ફીટ ઊંચી થપ્પી લગાવે છે અને તેના પર ઘંટીનું પડ મૂકી તેને પગ વડે કચરે છે.

(૩) राब કચરાવાથી તેમાંથી ચોતરફથી રસ ટપકે છે. એ રસને शीरा કહે છે. ૭ ફૂટની ઊંચી થપ્પી કચરાતી કચરાતી ચારેક ફૂટ જેટલી ઊંચી રહી જાય ત્યારે તેમાંનો બધો शीरा નીકળી જાય છે.

(૪) राबમાંથી બધો શીરો ગળૂરે નીચોવી લીધાની પરીક્ષા खंडसाली કરી લે એટલે એ राब अंड्डामां ભરાય. અંધારા ઓરડામાં દસેક ફૂટ લાંબા પહોળા ને પાંચેક ફૂટ ઊંચા ખપાટિયાના બનેલા હોજની અંદ

* આ તરફ શેરડીના રસમાં જાડા ચોખા રાંધી સરસ ખીર બનાવાય છે. જેને પોસાય તે એ ખીર દૂધ સાથે ખાય અને તેમાં અખરોડ, બદામ, કોપરું વગેરે પણ નાખે.

કહે છે. દસેક દિવસે એ અડ્ડો ભરાઇ જાય ત્યારે કાચીકેરી કે કેળાંની લૂમને પકવવા ઘાસ પાથરી દે તેમ અડ્ડામાંની રાબને છએક ઇંચનાં થરથી ઢાંકી દે. તેના પર ભારે લાકડાં પાથરે ને પછી ઓરડામાં તાપણી કરી ઓરડો બંધ કરી દે.

(૫) આમ દસેક દિવસ સુધી રાબ એ અડ્ડામાં રહે અને રહ્યાંસહ્યા શીરો પણ આપોઆપ એમાંથી નીતરી જાય. સાથેસાથે રાબનો લાલ રંગ ઊડી જઈ તે સફેદ થતી જાય. દર ત્રીજે દિવસે પાંચેક મણનો સફેદ રાબનો ઘાણ અડ્ડામાંથી કાઢી લેવામાં આવે.

(૬) શીરા વિનાની એ રાબને અડ્ડામાંથી કાઢે ત્યારે તેને બિઘાવ કહે છે. બિઘાવને આંગણાઓમાં મોટાં બૂંગણ પાથરી તે ઉપર સૂકવે છે. ત્યાં તે પડીપડી મૂકાય તો તો ગાંઠા બાઝી જાય અને તેમાં રતાશ પણ રહી જાય, એટલે પંદરેક ફૂટ ચોરસ બૂંગણ પર ચાર ઇંચ જેટલો બિઘાવનો થર કરી ત્રણચાર મજૂરો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી તેને મસળતા રહે છે. લોટમાં મોયણ ભેળવવા જેટલો મસળવો પડે તેથી યે વધુ આ સુકાતી બિઘાવને મસળવી પડે છે. મસળવાનું કામ મજૂરો પગેથી જ કરે છે. પગની સફાઇની ચીવટ મજૂરને તથા તેના ઉપરી ખંડસાલીને હમેશાં હોય છે, કારણકે ધૂળ કે મેલનો કાળો રંગ લાગે તો ખાંડની કિંમત ઘટે.

(૭) બિઘાવ જ્યારે સૂર્યના તાપથી સુકાઇ જાય ત્યારે તદ્દન ધોળો મેંદા જેવો રંગ પકડે છે. કાળાશ કે રતાશ તેમાં મુદ્દલ નથી હોતી. મીલની ચીનીમાં ને આ ખાંડમાં ફેર એટલો કે ચીની દાણાદાર હોય છે ને આ દળેલા લોટ જેવી બારીક હોય છે, અને રંગે તેના કરતાં કંઇક પીળી અને મેલી હોય છે. બજારમાં એ જ વેચાય છે. ઘરમાં ખાવાને તેની ચાસણી કરી ફરી બૂરૂં બનાવી લે છે. તે ચીની કરતાં વધારે સાફ હોય છે.

(૮) હવે રાબમાંથી જે શીરો નીકળ્યો હોય તે એક નીક વાટે કુંડીમાં ભેગો થાય છે. ત્રણ વરસ પહેલાં આ શીરો રૂપિયાનો અગિયાર પાકા શેર વેચાતો, હવે બેચાર આને મણ વેચાય છે! કેટલીકવાર તો એ બીલકુલ ન ખપવાથી તેના મોટા કૂવા ભરાય છે ને સડે છે.

(૯) રાબનો ભાવ આકરો હોય ત્યારે શીરાને ફરી ઉકાળી તેની ફરી રાબ બનાવે છે. પણ તેમાંથી જે ખાંડ બને તે પીળી ને ઊતરતા પ્રકારની હોય છે.

(૧૦) શીરાનો બીજો ઉપયોગ તમાકુના વેપારીઓ કરે છે. શીરામાં તમાકુનો ચૂરો મિલાવીને તે વેચે છે. આખા યુક્ત પ્રાંતમાં એવા તમાકુનો વેપાર બહુ મોટો છે ને છેક તિબ્બત સુધી એ જાય છે. હમણાં જો કે સીગરેટ બીડીની વપરાશ વધવાથી તથા બીજી બાજુ શીરાનો દારૂ બનાવો બંધ થયો તેથી શીરાની એવી કોઇ ખપત નથી.

(૧૧) શીરો ઉકાળી તેમાંથી ગોળ પણ બનાવવામાં આવે છે. એ ગોળ કસ વિનાનો ને કઠણ લાકડા જેવો—ખૂબ ચવડો હોય છે. બે પૈસે પાંચ રતલ લેખે એ વેચાય છે. ઢોરોના કામમાં એ આવે છે અને રાજપુતાના જેવા પ્રદેશમાં જ્યાં શેરડી થતી નથી ત્યાં ખૂબ વેચાય છે.

હમણાં હમણાં ગંગાની નહેરમાંથી વીજળી કાઢી મેરઠ, બિજનોર અને મુરાદાબાદ જિલ્લામાં સરકારે તેની ભારે જાળ ગૂંથી લીધી છે. તાર, ટપાલ, સડક ને નિશાળ વિનાનાં ગામડાં પાસેથી પણ આ વીજળીના થાભલાની હાર પસાર થાય છે. વીજળી વડે જ્યાંત્યાં કૂવામાં બોરીંગ કરી પંપ મૂકી શેરડીના વાવેતરને સરકાર પાણી પહોંચાડે છે; પણ એ પાણીનું મહેસૂલ એટલું આકરૂં છે કે ખેડુત જેટલો તણાઇ મરી વધુ પાક ઉગાડે તેટલો વધુ ભૂખભેગો થઇ જાય છે. આ વીજળીથી ગામડે ગામડે લોટ તો દળાતો થયો જ છે. હવે રાબમાંથી બિઘાવ બનાવવાના ઇંગ્લંડના બનેલા નાના નાના સંચાઓ પણ પ્રચલિત થયા છે. પગેથી કચરી તથા અડ્ડામાં પકવીને લગભગ પંદર દિવસે રાબમાંથી શીરો નીતરી રહે તો તેની જગ્યાએ આ યંત્રો પંદર મિનિટમાં રાબમાંથી શીરો નીચોવી નાખે છે.

છતાં, વિદેશી કે મીલની અથવા વીજળીના નાના સંચાથી બનાવેલી ચીની અને ખાંડ કરતાં પણ જૂની ઢબે બરાબર પકવાઇને તૈયાર થએલી ખાંડની કિંમત કંઇક વધુ મળે છે, કારણકે એ ખાંડ એટલી શુદ્ધ હોય છે કે તેની બનેલી મિઠાઇ બહુ વધારે વખત ટકે છે.

આપ તો ખાંડ જેવી કૃત્રિમ અને આરોગ્યઘાતક વસ્તુને સમૂળગી છોડી દેવાની જ સલાહ આપો; પરંતુ જેઓ ખાંડ ખાવાનું નથી છોડી શકતા તેમણે ખાંડની કથા જાણી લીધી હોય તો વિદેશી ખાંડ,

સ્વદેશી ગોળની ખાંડ, વીજળીના સંચાની ગામડાંમાં બનેલી ખાંડ, પૂર્ણ દેશી ઢબે બનેલું બુરૂં, અને ગોળ —એ બધામાં, શું ખાવાથી સ્વદેશી વ્રતને આંચ નહિ આવતી તેનો વિવેક તેઓ કરી શકે એ ઉદ્દેશથી આ પત્રની નકલ મારા મિત્ર બચુભાઈ રાવતને 'કુમાર'માં છાપવા મોકલી આપું છું. આ છે તેના કરતાં વધારે ટૂંકાણમાં ન લખી શકવાથી આપનો જે વધુ સમય મેં છીનવ્યો છે તે સારૂ ક્ષમા માગું છું.

લિ. આપના આજ્ઞાંકિત છોરૂ
પ્રભુદાસના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

ગુજરાત ઉપર 'કુમાર'ના ઉપકાર વિષે કવિતા


(સ્વ કવિ દલપતરામની માફી માગીને)



પત્ર ગયાં ને છત્ર ગયાં વળી તંત્ર ગયાં ઝાઝાં અખબાર,
ત્યારે રાયપુરેથી પ્રકટ્યું પ્રગત ઊગતાં! માટ 'કુમાર';
દેખ બિચારી બકરીને પણ કોઈ ન તેમાં ચિતરે, ભ્રાત
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.



ડિગ્રી વિહોણા માલ વિનાના એમ હવે નહિ કહેશે કોય,
શરીર સારૂં તે નકી પ્યારૂં એમ બધા નજરેથી જોય;
સ્વાસ્થ્ય અને શક્તિ સાથે સૌંદર્ય બતાવે જે સાક્ષાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.



ચિત્રકલાની સૂની પ્રાંતિ ઢંઢોળી જીવન્ત કીધી,
કૅમેરા શટરો, ફલકો પર પીંછી તણી દીક્ષા જ દીધી;
એ સઘળું કરીને નીપજાવ્યા ચિત્રો ચીતરનારા સાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.





કવિતાઓ સમજાવી તેણે વળી સમજાવી રિલેટિવિટી,
કૅમેરા ફોટા સમજાવ્યા ને વધુમાં ય ઇલેક્ટ્રીસિટી;
ભાતભાતનાં મંડલ કાઢ્યાં ઉપજાવી છે નવલી નાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.

શૌર્ય અને વિજ્ઞાન તણા લેખોને આપી મોટું સ્થાન,
પર્વત આરોહણ તારાગણ કેરૂં છે જ વધાર્યું જ્ઞાન;
હાસ્ય સમા આપરસને તેણે દૂર થકી જ લગાવી લાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.

'આવતી કાલ તણા નાગરિકો' રખે મશ્કરા બની જાશે,
કે એ સહુ નિજ પૂજ્ય તણી મશ્કરીનાં ગીતો બહુ ગાશે,
એમ વિચારી હાસ્ય તણો નિજ માસિકમાં કીધો છે ઘાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.

રાવતલીપી શોભાને કૈં કૈં માસિક મુખપૃષ્ઠ ભર્યાં,
સિલ્હુટના ઓળા ચિતરી જનનાં ચિત્તને કંઈ મુગ્ધ કર્યાં;
ચિત્રો કાવ્યો કે લેખોમાં નહિ હસવાની ક્યાં યે વાત,
એ ઉપકાર કુમાર તણો ગણી હરખ હવે ગાંડી ગુજરાત.

છતાં જાગિયાં માગિયાં ખૂબ છાજે,
ત્યાંહીં અંક કુમારના તો બિરાજે;
ગણાવ્યા બધા તેથી છે ગુણ આમે
'રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.'

મુનિકુમાર મ. ભટ્ટ



તમારે રેડિયો એન્જિનીઅર થવું છે?

સાહસિક સ્વભાવના ચતુર જુવાનો માટે એક નવી ખેડવાળા ધંધા વિષે માહિતી

બધાને રેડિયો એ માત્ર વિનોદનું સાધન લાગતું હશે, પરંતુ તેની સાથે કેવી મહત્ત્વની પદવીઓ, સાહસો અને ઉદ્યોગોને નિકટનો સંબંધ છે એ જો જાણો તો તમને રેડિયોનો રાજ્યવિસ્તાર સાર્વભૌમ દેખાશે.

હવા મારફતે મુંબાઇના સમાચારો ને ગાયનો સંભળાવવા ઉપરાંત દેશદેશના સમાચારો ને સંદેશા તથા અગત્યના તારો રાતદિવસ રેડિયો ઉપર ચાલુ હોય છે. સ્ટીમરો અને બલૂનોમાં તો રેડિયોની ખબરો તથા વાતચીતો પર જ માણસોની ગતિ અને જિંદગી ટકી રહી હોય છે. અને હવે તો થોડા જ વખતમાં રેડિયો મારફત સામસામી વાતચીત સાથે બોલનારાની છબીઓ જોવાનું ભાગ્ય પણ દુનિયા મેળવશે. એને પરિણામે તેમાંથી કેટલીયે જાતના ધંધા અને ઉદ્યોગોનાં રૂપાંતર કે વૃદ્ધિ થશે તે વિચારવું મુશ્કેલ નથી. આવા એક નવી ખેડવાળા ધંધામાં સાહસિક ચતુર જુવાનો પોતાનું ભાગ્ય અજમાવવા નીકળે તો બેકારીવાળી જગ્યાઓની ગર્દી કમી થવા સંભવ છે.

પણ એ દિશામાં સંપૂર્ણતા પામવાને વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ પાકો જોઇએ. તેમાંયે આપણા દેશના મુડદાલ ભણતરથી ઘડાએલા વિદ્યાર્થીને તો બીજા દેશોના હિસાબે આ લાઇનમાં કેવળ નવેસરથી જ શરૂ કરવા જેવું લાગે. આપણા મૅટ્રિક થએલા છોકરાને 'બોલ્ટ' કે નટની ખબર ન પડે, એરોપ્લેન કે એરશિપ શું તેની જાણ ન મળે. ભાષા અને વ્યાકરણની પંચાતથી બીચારો પરવારે ત્યાં ઘરડો થઇ જાય. કોઇક જ અમાપ શ્રમ ને બુદ્ધિબળે બહાર પડે. આવાને કદાચ કંઇ સાધન ન મળ્યું હોય તોય વિકાસ સાધી શકે; પણ બીજાઓને તો જિંદગીભર સામાન્ય જ્ઞાનથી પણ અબુધ રહેવાનું જ સરજાયું લાગે છે. ઘરમાં વીજળીની બત્તી બંધ થઇ જાય તો ફ્યૂઝ તાર નાખતાંયે ન આવડે. આજની કેળવણી યુનિવર્સિટીનાં કારકૂની કારખાનાંમાં જે જથ્થાબંધ માલ તૈયાર કરે છે તેમાંથી દેશને જોઇએ તેટલા સિવાયના બાકીનો વધાર ખાને સડે છે અને મરે. કોઇ જાતની કલાકૌશલ્યની સંસ્થાને સરકાર પણ કાપકૂપને બહાને નમાલી કરી મૂકે છે. તેવામાં રેડિયો એન્જિનીઅરિંગની વાતને તો સ્થાન પણ ક્યાં મળે?

આવી હાલાકી છતાંય રેડિયો એન્જિનીઅર થવાની મુરાદવાળા માટે કેટલાક રસ્તા સૂચવી શકાય તેમ છે. તે ત્રણ પ્રકારના છે. પહેલો તો રીતસર ઉચ્ચ પ્રકારની વિદ્યાલયની કેળવણી મેળવવાનો. તે દેખીતી રીતે જ ખર્ચાળ છે, પણ જેને સાધન હોય તેણે તો તેમ જ કરવું બહેતર છે. રેડિયો એન્જિનીઅરિંગ માટે ફીઝિક્સ (ભૌતિકશાસ્ત્ર) અને ગણિતશાસ્ત્ર મુખ્ય પાયા છે. આ બે વિષયથી ડરતા હોય તેમણે રેડિયો તરફ નજર કરવી નહિ. મુંબાઇ યુનિવર્સિટીનો B.Sc.નો અભ્યાસ પ્રાથમિક જ્ઞાન માટે પૂરતો ગણાય. છતાંયે કોઇ એન્જિનીઅરિંગ કૉલેજમાં ત્રણ વર્ષ કાઢે તો ઇચ્છવાજોગ છે. તેથી કેટલાંક યંત્રો અને યંત્રમયતાનો અનુભવ થશે. તે પછી બૅંગલોરના સાયન્સ ઇન્સ્ટીટ્યૂટમાં દાખલ થવું, અને બેત્રણ વર્ષ ત્યાં કામ કરી આગળના મહત્ત્વના અભ્યાસ માટે પરદેશ જવું.

રેડિયોની વ્યવહારૂ તાલીમ માટે હિંદુસ્તાનમાં જરાયે સગવડ નથી. બે કે ત્રણ વર્ષ રેડિયોનાં પરદેશી કારખાનાંઓમાં ગાળવાં જ પડે. બધા માટે આ માર્ગ સરળ નથી એવાં ખાતાંઓમાં દાખલ થવા ખૂબ લાગવગ જોઇએ; અને ખર્ચનો સવાલ પણ ખરો. એક વાર દાખલ થયા પછી ત્રણ વર્ષ જુદાંજુદાં ખાતાંઓમાં સંગીન પાકું જ્ઞાન, અનુભવ અને ક્રિયાશક્તિ મેળવવા મથવું. પછી બ્રોડકાસ્ટિંગ, વેપારી વાયરલેસ ટેલિગ્રાફી, બીમ સર્વિસ વગેરેની દરેકની કારીગરી, ઉપયોગ ને ચલાવવાની ક્રિયા જુદાંજુદાં હોય છે એમાંથી કયું લેવું તે પોતાને મળેલા વખત, સાધન અને સગવડ ઉપર આધાર રાખે છે. પણ અભ્યાસજીવન પૂરૂં થયું એટલે કૃતકૃત્યતા માનવાની નથી. ખરી કેળવણી તો એકાદ કામગીરી મળે ત્યારે જ શરૂ થાય છે. આ વિષય રોજ ને રોજ વિકાસ અને પ્રગતિ પામતો જાય છે એટલે સંતોષ પકડી બેઠા કે પાછા પડ્યા જ છો. આપણા દેશમાં તો ઉદ્યોગકળાનાં મંડળો યે નથી કે જ્યાં વારંવાર ભાષણો, ચર્ચા, પ્રયોગો, વાતચીત, મેળાપ વગેરેથી લાભ

મેળવી શકાય. આની સાધિસીધી માહિતી આપણને મળતી નથી, પણ આપણે તે વિષયનાં વર્તમાનપત્રો, વગેરે તો નિયમિતપણે નજરતળે રાખી જ શકીએ.

હવે બીજો માર્ગ. તે ખરેખર સરસ છે. દિવસ આખો કામગરી અને રાત્રેરાત્રે અભ્યાસ. ખરેખરી સાહસબુદ્ધિવાળા જુવાને રેડિયો કારીગર તરીકે જ ઝુકાવવું એ જ સાચો રસ્તો છે. થોડા પૈસા હોય તો ઇંગ્લંડ, જર્મની કે અમેરિકા જવું; પણ ત્યાં યે યુનિવર્સિટીમાં ન જોડાતાં કોઇ રેડિયોના કારખાનામાં જ જોડાવું. દિવસે મહેનત કરવી અને રાત્રે કોઇ ટેકનિકલ સ્કૂલના વર્ગોમાં જઇ જરૂરનું જ્ઞાન તથા પ્રયોગશાળાનું શિક્ષણ મેળવવું. આ રીતે વખત તો લાગે છે, પણ ઘણા એ રીતે જ પાર પડ્યા છે.

ત્રીજો માર્ગ એવો છે કે મહાન પદ માટે નાનામાં નાનું પદ સ્વીકારવું. જેમની પાસે નાણાંની સગવડ ન હોય, પણ શરીરે જે ખડતલ, કામથી જરા યે કાયર ન બને કે રખડપટ્ટી ને પ્રવાસથી કંટાળે નહિ એવા હોય તેમને આ રીત બહુ જ અનુકૂળ આવે એવી છે. એમાં આવા ક્રમની જરૂર છે: પ્રથમ તો કોઇ પણ દરિયાઈ વેપાર ખેડનારી કંપનીના દરિયાખાતેના વાયરલેસ ઑપરેટરની જગ્યા પર નેમ બાંધવી. તે જગ્યા માટે લાયકાતનું સરકારી સર્ટિફિકેટ જરૂરનું છે, એટલે થોડુંક ઘડતર માગે છે. સોળ કે સત્તર વર્ષનો કુમાર પણ તેમાં શરૂઆત કરી શકે છે. બહુ કેળવણીની યે ત્યાં જરૂર નથી. યુનિવર્સિટીની મૅટ્રિકનું સર્ટિફિકેટ આરંભમાં આવશ્યક છે. અંગ્રેજી ભાષા અને ગણિત ખાસ જરૂરનાં. તે પછી કોઇ પણ સ્કૂલ કે સંસ્થામાં ઑપરેટરનો કોર્સ કરવો. આ માટે પોસ્ટલ કોર્સ નકામા છે. પણ હિંદુસ્તાનમાં તે શીખવાને રૂ. ૨૦૦થી વધુ ખર્ચ થતો નથી. ફર્સ્ટ ક્લાસ સર્ટિફિકેટ મેળવવાને મોર્સ ટેલીગ્રાફી પ્રમાણે મિનિટે ૨૫ શબ્દો તારમાં લેવા આપવાની ઝડપ મેળવવી જોઇએ. ઇલેકિટ્રસિટી અને મૅગ્નેટિઝમ ઉપર એક લેખી પ્રશ્નપત્ર, ટેકનિકલ વાયરલેસ પર એક પત્ર, કમર્શિયલ વાયરલેસ ટ્રાન્સમિટર ઉપર એક પ્રયોગાત્મક જવાબ એટલું હોય છે. સ્ટેશન પકડવું, ભૂલો પકડવી, રેડિયોનાં વાપરવાનાં યંત્રો સમજવાં, વહાણ પરથી અપાતી ભયસૂચક નિશાનીઓ, ટુંકાક્ષરી કોડ, Q નિશાનીઓ, દુનિયાના રેડિયો રેગ્યુલેશન, તેમજ વાયરલેસ સંબંધ ધરાવના માર્ગોનો અભ્યાસ કરવો—આ બધું કોઇ પણ ઉદ્યોગી અને ખંતીલો વિદ્યાર્થી અઢાર મહિનામાં તૈયાર કરી પરીક્ષા આપી શકે. એ પાસ થાય એટલે તેને એક સર્ટિફિકેટ મળે જેને બળે વ્યવહારૂ વાયરલેસ તારખાતામાં કે ટેલીફોન ખાતામાં જે યંત્ર વપરાય છે તે ચલાવવાની લાયકાત પ્રાપ્ત થઈ ગણાય. હિંદુસ્તાનમાં ડાયરેક્ટર જનરલ ઑફ વાયરલેસ તરફથી આ સર્ટિફિકેટ આપવામાં આવે છે. ઇંગ્લંડમાં પોસ્ટ માસ્ટર જનરલ આપે છે. દરેક દેશમાં તે ખાતાનો એક હોદ્દેદાર એવો હક્ક તથા સત્તા ધરાવે છે. સર્ટિફિકેટ ગમે તે દેશનું હોય, છતાં તેની કિંમત બધે સરખી જ અંકાય છે.

પણ આવું સર્ટિફિકેટ મેળવ્યા માત્રથી વાયરલેસ સ્ટેશન તાબામાં સોંપાતું નથી. બરોબર છ મહિના દરિયામાં આસિસ્ટંટ તરીકે નોકરી કર્યા બાદ તે સેકંડ ગ્રેડ વાયરલેસ ઑપરેટર ગણાય છે.

ત્રણ વર્ષની નોકરીને અંતે તે પહેલા ગ્રેડમાં આવે છે અને વારા પ્રમાણે સીનિયર વાયરલેસ ઑફિસરની પદવીએ પહોંચી શકે છે. આ જગ્યાની જવાબદારી જેમ ઘણી તેમ પગાર પણ તેવો જ ભારે હોય છે. મોટી પૅસેંજર બોટ ઉપર તેના હાથ નીચે કેટલાક મદદનીશો હોય છે. તેઓ બધું ઑફિસકામ કરે છે ને તે પોતે ઉપરી તરીકે નજર રાખે છે ને હુકમો આપે છે.

સાડા ત્રણ વર્ષની આ જુનિયર સર્વિસ દરમ્યાન કોઇ પણ ખંતીલો જુવાન પોસ્ટલ કૉરસ્પોન્ડન્સ કોર્સથી (ટપાલ મારફત) આગળનું જ્ઞાન મેળવી શકે છે. ઘણીએ એવી યોજના માટે ૧૫ પાઉન્ડની ફી પડે છે અથવા માસિક એક પાઉન્ડના હપતા પણ થઈ શકે છે.

એક તરફ જુનીયરશિપ પૂરી થાય-થોડા ને પૈસા પણ થાય, ત્યાં બીજી તરફ તેના અભ્યાસથી તે એકાદ જાણીતી સંસ્થા જેવી કે ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગ–લંડન, ટેકનિકલ રેડિયો એસોસીએશન–લંડનની, ડિગ્રી માટે લાયક બની જાય ને તરત પરીક્ષા આપીને તથા રેડિયો એન્જિનીઅરનું પદ ધરાવી શકે છે. પછી એકાદ વર્ષ કોઇ જાણીતા કારખાનામાં રહે એટલે રહ્યુંસહ્યું જ્ઞાન હાથ કરી લે. એની લાયકાતથી જ કોઇ પણ કારખાનું તેનો સમાસ કરશે. આ સમયનો પ્રવાસખર્ચ, તેમજ નિભાવખર્ચ આગલી

બચતમાંથી જ વાપરવાનાં. ઘેર આવવાનો ખર્ચ કોઇ નોકરી કરીને પણ બચાવી શકે. એમાં શું ? જે મહેનત કરીને રળવામાં માન સમજે નહિ તે કદી આગળ વધે નહિ. જે આવી મુસીબતો ખેડી ઘડાયો છે તેને લાયક જગ્યા મળતાં વાર પણ ન લાગે. આવા માણસને સ્વદેશ આવતાં પહેલાં નિમણૂક મળી જવાનો સંભવ છે.

દુનિયા આખીના વહાણવટામાં આજે રેડિયો મહત્ત્વનું સ્થાન પામ્યો છે અને તેના નિષ્ણાતોનાં માન અને સગવડ વધતાં જ જાય છે. રેડિયો ઑપરેટર વહાણનો એક અફસર ગણાય છે. દરિયાના અનુભવ પછી તેઓ બંદરમાં કે કારખાનામાં મોટા પગારવાળી જગ્યા મેળવી રહ્યા છે. પણ પગારનો લાભ બાજુએ મૂકો તો યે જિંદગીમાં આ ધંધાથી સાહસ અને રોમાંચક અનુભવોની તક મળે છે. વાયરલેસ ટેલીગ્રાફીનાં પરાક્રમો તો જગમશહૂર છે. જગત આખાનો પ્રવાસ, નવાં દૃશ્યો અને મેળાપો રેડિયો ઑપરેટરને માટે અતુલ ભાગ્ય સમાં નીવડે છે.

હિંદનું વહાણવટું ભલે નજીવું છે ને તેના કિનારા પર પરદેશની કંપનીઓ જ જમાવટ કરી રહી છે છતાં ચલાવી લેવામાં આવે છે, એટલે હિંદી જુવાને પહેલાં બહાર જ નસીબ અજમાવવાનું છે.

હિંદુઓ ઘરઘુસ સ્વભાવના છે. દરિયાની રોમાંચક જિંદગી તેમની કલ્પનાને ઉશ્કેરનારી થાય અને આ નવી દિશા તરફ પ્રેરે તે માટે હિંદી વેપારીઓ અને હિંદી કંપનીઓએ તેમના જુવાનોને તક આપી આગળ લાવવા જોઇએ.

હિંદુસ્તાન રાજકીય હક્કો માટે તલસી રહ્યું છે અને દરિયાઇ વ્યવસ્થા તથા સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો નિર્ણય કરી ચૂક્યું છે તેમજ દુનિયાની હારમાં આવવા મથી રહ્યું છે, તેમાં વાયરલેસ રેડિયોના જ્ઞાતાઓ માટે ઉજળું ભાવિ છે.

બધા પ્રાંતની સરકારો તથા બધાં દેશી રાજ્યો ગામડાંના સંબંધો માટે તેમજ ટ્રેનમાં વ્યવહાર રાખવાને રેડિયોની યોજના વિચારી રહ્યા હશે અને આ ઊઘડતી દિશામાં ઉમેદવારો થવાને કંઇક રેડિયોનિષ્ણાતો, ઑપરેટરો અને એન્જિનીઅરોને તક મળવાની જ.

સાહસિક જુવાન રેડિયો મિકૅનિક તરીકે કારખાનું ચલાવી શકે. સામાન બનાવી કે વેચી શકે અને થોડા જ વખતમાં માલદાર પણ થઇ શકે એવો સંભવ છે.

સિંધીઆ સ્ટીમ નેવિગેશન જેવી કંપનીઓ હિંદી જુવાનોને આગળ ધપાવવાની તક જવા દેતી નથી. કેટલા યે જુવાનો પ્રામાણિક તનતોડ મહેનત કરી જિંદગીની કમાણી અને સેવા મેળવવા ઇંતેજાર છે. કોઇ દિવસ તેમનો ચડિયાતો દિવસ આવશે જ. હિંદના દેશી રાજાઓ, પોર્ટ ટ્રસ્ટો વગેરેમાં ઑપરેટરોની જરૂર વધશે. સરકારી ખાતાંઓમાં જૂના નોકરોને તૈયાર કરી કામ

ભારતીય યુવાન, ઊઠ, આગળ વધ. કામે લાગ અને મહેનત ફળશે જ. ત્યાં સુધી ધીરજ ધરી પ્રસન્નતાભર્યો ટકી રહે.

હવે પછી રેડિયોની કરામતો પર 'કુમાર'માં ટૂંક વખતમાં આવનારી લેખમાળા પર ધ્યાન આપતા રહેજો.

(ડી. પી. શાહ, એમ. ટી. આર. એ. (લંડન)ના લેખ ઉપરથી)

જવાસો *

(મરાઠી સાખીનો ઢાળ)

ધગધગતા દવ ધરતીમાં ને લીલાં વન વિલાયે,
વનદેવીનાં વસંતવસનોના રંગો પલટાયે;
પાતાળેથી પાણી પીતાં તરુવર કંઠ સુકાયા,
નાનકડી કંઇકંઇ નદીઓના આતમદેવ મુઝાયા.
  વરસતી ઘોમ મહીં ખીલે ફૂણી કંઇ ડાંખળીઓવાળું,
  સળગતા ખેતરની વચ્ચે જવાસા કેરું રે બાળું.

નાનકડાં એનાં મૂળમાં એ કોણ અમીરસ સીંચે ?
લીલીકુંજર દેહડી એની ઉનાળે કયમ ભીંજે ?
વર્ષાનું જળ અડતાં એનાં અમીજળ થાય અલોપ !
હીસે દાઝી વનવેલી શો બળી જાય એ રોપ.
  ઉનાળે હીર જીવન કેરું બતાવી સંતોષે ખાસે,
  'પરાયું પાણી ના વાંછું' વદીને વર્ષામાં વિલસે.

જેઠાલાલ ત્રિવેદી

* એ દામનું પાંદડું બાળું ઉનાળામાં લીલું હીમ બની ખીલે છે. પણ વરસાદનું પાણી એના પર પડતાં જ એનો સ્વાશ્રયી આત્મા દાઝી ઉઠે છે અને ચોમાસામાં વરસાદ પડતાં જ તે બળી જાય છે.

વર્ષામંગળ

વરસોવરસ નિત્યનૂતન વર્ષા આવે છે; વરસોવરસ નૂતનોત્સાહથી શાંતિનિકેતન તેનો ઉત્સવ ઊજવે છે. એવા એક ઉત્સવનો પરિચય અગાઉ કુમારમાં આપ્યો હતો; આજ ત્યાંના એક વિદ્યાર્થીની ડાયરી માંની નોંધ આપીએ છીએ;—આગામી વર્ષા માટે એ એટલી જ નૂતન પ્રેરણાદાયી નીવડે એ આશાએ.

卐

વર્ષામંગળ અહીંના ખાસ ઉત્સવોમાંનો એક છે. ઉત્સવની કલ્પના જ કાવ્યમય છે. આવા ઉત્સવો કંઈ ધાર્મિક મહત્ત્વના નથી હોતા. એ તો કુદરત અને માનવજીવનના નિકટ સહવાસનું સહજ પરિણામ હોય છે. કુદરતના ભાવો અને વાત્સલ્યની વર્ષા જોઇ મન નાચી ઊઠે, અને એ નિર્મળ નૃત્ય એ જ વર્ષામંગળ.

બપોરે ગુરુદેવ (કવિશ્રી)ને હાથે વૃક્ષારોપણ થયું. શરૂઆતમાં ભાતભાતનાં લાલપીળાં ચીર પહેરેલું વૈતાલિકોનું સરઘસ નીકળ્યું. શંખ અને ઢોલક વગાડતા તેમજ ઝીવટના તાલ સાથે ગાતાનાચતા વૈતાલિકો જાણે વર્ષાને વૃક્ષારોપણમાં આમંત્રણ દેવા જતું ન હોય, તેમ શાલવિથિકામાં થઇ આમ્રકુંજની ઘટામાં ગયું.

આ જ વખતે ગુરુદેવ પધાર્યા. સૌથી ઊભા થઇ જવાયું. તેઓ બાળક જેવી ઉત્સુકતાથી ચોકમાં ભાતભાતનાં અનાજોથી પૂરાએલી રંગોળી તરફ જોઇ રહ્યા. એક ચોરસ આકૃતિની ચારે બાજુ ચોખા અને કંકુની જ્વાલાકૃતિ અને તે દરેક આકૃતિને છેડે એકએક કોડિયું પેટાવીને દીપમાળા ગોઠવેલી. આકૃતિની બરાબર મધ્યે વૃક્ષારોપણની વેદિ તૈયાર કરવામાં આવી હતી.

થોડી વારમાં તો વૈતાલિકો વર્ષારાણીને લઇ આનંદભેર આવી પહોંચ્યા. જાણે આકાશમાંથી સંગીતની હેલી મચાવતા કિન્નરો ઊતર્યા! બે પરીઓએ (બાળાઓએ) આગળ આવી પોતાના દેશના જાણે કોઇ યુગસ્રષ્ટા ઋષિ હોય તે પ્રમાણે ગુરુદેવને સાષ્ટાંગ નમન કરી તેમની પૂજા કરી. પછી બધા વૈતાલિકો હાથમાંનાં ફૂલઝાડ નીચે ગોઠવી દઇ આકૃતિની આસપાસ ક્રમમાં ગોઠવાઇ ગયા. ગુરુદેવે હાથમાં ઝારી લઇ બાલવૃક્ષ પર જલસીકરનાં છાંટણાં કર્યાં. અને તેની રક્ષા માટે પૃથ્વી, પાણી, પ્રકાશ, વાયુ તેમજ આકાશ એ પંચ મહાભૂતોને વારાફરતી આ પ્રમાણે ભલામણ કરી:

'હે પૃથ્વી, તારા હૃદયનું ધન ફરી હૃદયમાં ધર. તેને શક્તિ દેજે ને અમારાં વચ્ચે ચિર મિત્રતા સ્થાપજે.

'હે મેઘ, ઇન્દ્રની ભેરી બજાવી આ બાલવૃક્ષને જાગ્રત કર ને તારાં જલસીકરથી તેને સદા ચેતનવંતુ રાખ.

'હે પ્રકાશ, વિશ્વની હે પ્રથમ વાણી, આ બાલક તરફ હમેશાં શુભ દૃષ્ટિ રાખજે.

'હે મરૂત, આષાઢમાં તારી વાંસળી વાગે છે. આ બાલવૃક્ષને તારા સંગીતની દીક્ષા દે. તારા સૂરો સાથે તેને નાચતાં શીખવ.

'હે વ્યોમ; તારાં સાહસ અને ઉદાર દૃષ્ટિ માટીના ગર્ભમાં રૂપસૃષ્ટિ રચે છે. તારા નીરવ પ્રકાશમાં આ શ્યામલ મૂર્તિ પ્રાણમૂર્તિ શોધે છે. તારી કરુણાદૃષ્ટિથી આ બાલવૃક્ષને ધન્ય કર.'

અને પછી વિધિના અંતમાં તેઓએ માંગલિક શબ્દોથી બાલકનો સત્કાર કર્યો: 'હે બાલવૃક્ષ, તારાં કોમળ પર્ણોમાં પ્રશાંત અને પ્રચ્છન્ન તેજનો સંચય કર. શ્રાવણવર્ષાના આ યજ્ઞમાં અમારૂં તને નિમંત્રણ છે. અમારો પાડોશી બનીને—મિત્ર બનીને તું સદા અમારી સાથે રહે. અમારા આંગણામાં છાયા ફેલાવ. કુસુમવર્ષણે અમારા માર્ગના કંકરો ઢાંકી દે. વિહંગ વૈતાલિકોને તારા હૃદયમાં આશ્રય દે. વર્ષેવર્ષે વર્ષાના સંગીતમાં તેમજ અમારા નિત્ય સંધ્યાવંદનમાં તું તારા સૂર પૂરજે. આજ આનંદનો દિવસ છે. તારા પલ્લવપુંજમાં અને પુષ્પમાં આજના શુભ દિનને અમર બનાવ. તારા મંગળ માટે ગવાએલા રવીન્દ્રના સૂરો મેઘગર્જનામાં મળી ગયા છે; કદમ્બની સુરભિમાં ભળી ગયા છે.'

વૃક્ષારોપણ વિધિ પૂરો થયો.

અત્યાર સુધીના બધા જ વર્ષામંગળ ઉત્સવો કરતા આ વખતનો ઉત્સવ તેમાં હાજર રહેલાં મહેમાનોને લીધે વધારે દીપી ઊઠતો હતો. પ્રખ્યાત નૃત્યકાર શ્રી ઉદયશંકર તેમની ફ્રેંચ સાથી મિસ સિમ્કી સાથે આગલી રાત્રે અહીં આવેલા. ઉત્સવમાં હાજર રહેવાનુ આમંત્રણ તેઓએ સ્વીકાર્યું. ત્યારથી જ તેને માટેની બધી તૈયારીઓમાં અનેરૂં ચેતન રેડાયું હતું. તેઓ

આવ્યા તે રાત્રે જ સિંહાભવનમાં ખાસ તૈયાર કરવામાં આવેલા અભિનયપીઠ ઉપર તેમણે કેટલાંક નૃત્યો બતાવેલાં. ગુરુદેવ પણ હાજર હતા. મદારીનું નૃત્ય બધાને ખૂબ જ ગમી ગયું. શરીરના પ્રત્યેક અંગ પરનો અડગ કાબૂ મંત્રમુગ્ધ કરી દે તેવો હતો. દેવાંગના ઉર્વશીના એ લાડીલા ઉદયશંકરનો એકેએક અંગમરોડ અદ્‌ભુત હતો. એક નૃત્ય મિસ સિમ્કીએ પણ કરેલું.

શ્રી ઉદયશંકર અને મિસ સિમ્કી એમના બીજા સાથીદારો સાથે વૃક્ષારોપણ વખતે પણ હાજર હતા. તેમના નિખાલસ ને મીલનસાર સ્વભાવથી તેઓ થોડા જ સમયમાં બધાં સાથે ખૂબ ભળી ગયાં. નાનામોટાં બધાં જ જાણે પોતાના મિત્રને મળવા જતાં હોય તેમ શ્રી ઉદયશંકર પાસે વિનાસંકોચે જતાં. તેમના મુખ પર છવાઈ રહેલા મોહક હાસ્યમાં સૌને આમંત્રણ હતું.

વૃક્ષારોપણ પૂરું થયા બાદ સાંતાલ (અહીં વસતાં મૂળ વતનીઓ) સ્ત્રીઓનું ટોળું આવ્યું. સાથે ઢોલક અને બીજાં વાદ્યો હતાં. સાથે કેટલાક સાંતાલ પુરુષો પણ હતા. તે બધાં લગભગ બે કલાક સુધી ખૂબ નાચ્યાં શ્રી ઉદયશંકરે તેઓનો નાચ એક જિજ્ઞાસુ અભ્યાસીની પેઠે ખૂબ રસપૂર્વક જોયો.

સાંજે સાત વાગ્યે નૃત્યનો કાર્યક્રમ હતો. દર વર્ષામંગળે આ કાર્યક્રમ હોય જ છે; પણ આ વેળા તેને માટે ખાસ તૈયારી કરવામાં આવી હતી. શાંતિનિકેતનમાં થતાં નૃત્યો દેખાડવા માટે જ તો! શ્રી ઉદયશંકરને ખાસ આગ્રહથી આમંત્રણ કર્યું હતું. એ કાર્યક્રમ કવિશ્રીના રહેઠાણ 'ઉત્તરાયણ' સામેના ચોકમાં હતો.

કુ૦ શ્રીમતીને ગુજરાત સારી પેઠે ઓળખે છે. અમદાવાદવાળા શેઠ હઠીસીંગનાં તેઓ પૌત્રી અને શાંતિનિકેતનનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. શ્રી ઉદયશંકરે તેમના નૃત્યની સૌથી વધારે તારીફ કરી. તેને વિષે તેઓ વારંવાર એક જ શબ્દ બોલતા 'અદ્‌ભુત!' વળી એ અદ્‌ભુતમાં એક બીજો વધારે અદ્‌ભુત ઉમેરો થયો, અને તે એ કે એમના એક નૃત્ય સાથે કવિશ્રીએ પોતે ગાન કર્યું. સોનામાં જાણે સુગંધ મળી. કવિશ્રીએ બીજું ગીત બોલાબોલ હાવભાવ સાથે ગાયું હતું.

શ્રી વાસુદેવના નૃત્યે પણ સૌનું ધ્યાન ખેંચ્યું. પ્રલયની ગર્જનાઓ, મેઘનો પ્રચંડ ગડગડાટ, આંખોને આંજી દે એવા વીજળીના ચમકાર અને એ બધા તાંડવ પાછળ રહેલી વિશ્વનિયંતાની વિચારશીલ યોજના તેમના પ્રત્યેક હાવભાવમાં પ્રકટ હતી. શ્રી વાસુદેવના નૃત્ય સંબંધે મિસ સિમ્કી સાથે વાત કરતાં શ્રી ઉદયશંકરે ત્યાં જ કહેલું: 'He was simply majestic.'

અહીંની અન્ય વિદ્યાર્થિનીઓના તેમજ નૃત્યશિક્ષકનાં નૃત્ય પણ કોઈકોઈથી ઊતરે એવાં ન હતાં. છેલ્લું નૃત્ય હતું પ્રખ્યાત ચિત્રકાર શ્રી નંદલાલ બોઝનાં પુત્રી ગૌરીનું. વિદાયનું એ આખરી નૃત્ય જીવનમાં વિદાયનો કોઈ પણ પ્રસંગ આવતાં આંખ સામે ખડું થાય એવું હતું.

શાંતિનિકેતનનાં નૃત્યો પૂરાં થયા બાદ કવિશ્રીએ શ્રી ઉદયશંકરને એકાદ નૃત્ય બતાવવા આમંત્રણ કર્યું. અને તેઓએ તરત જ તે સ્વીકાર્યું. નૃત્ય માટે સજ્જ થતાં પહેલાં તેઓએ કહેલું: 'આવાં સરસ નૃત્યો થયા પછી મને અભિનયપીઠ પર આવતાં અતિ સંકોચ થાય છે.' તેઓશ્રીના આ કથનમાં પોતા માટે જેટલી નિરાભિમાનવૃત્તિ હતી તેટલી જ શાંતિનિકેતનનાં નૃત્યો માટેની સાચી કદર પણ હતી. તેણે એમ પણ કહેલું કે જો મારી પાસે સમય હોય તો અહીં રહીને હું મારા વિષયમાં ઘણી નવી તૈયારીઓ કરી શકું શ્રી ઉદયશંકરના છેલ્લા નૃત્ય વખતે તો પ્રેક્ષકોએ જાણે શ્વાસ લેવો પણ બંધ કર્યો હોય એવી નીરવ શાંતિ પથરાએલી હતી. નૃત્ય પૂરું થતાં તેમણે કવિશ્રીને વંદન કર્યાં અને જવાબમાં આશીર્વચનો મળ્યા કે:

'તમે દેશ વિદેશ ફરીને તમારી નૃત્યકળાથી યથેષ્ટ કીર્તિ મેળવી છે. હું જાણું છું તેમ તમને તમારી શક્તિઓથી હજુ પૂરો સંતોષ નથી. કોઈ પણ કળાને અંત નથી એ વાત તમારા ખ્યાલ બહાર ન જ હોય. નૃત્યકળાના વિષયમાં ઘણું નવું જાણવાજોવા માટે તમારું મન સદા તલસતું રહે છે. તમારા હૃદયમાં અસંતોષનો જે અગ્નિ જળી રહ્યો છે તેમાંથી એક દિવસ વિશુદ્ધ રૂપે નૃત્યદેવી જરૂર પ્રગટ થશે.

નૃત્યકળા વિલાસિતાને પોષે છે એ ખ્યાલ જ ભૂલભરેલો છે. શૌર્ય, શક્તિ, વીર્ય, પરાક્રમ એ પણ એ જ કળાની બાજુ છે. આ તો નવરાની લલિતકળા, એમ કહી તેને કોઈ હસી કાઢી ન શકે. દરેક લલિતકળાની ઓથે વજ્રશક્તિ છુપાએલી છે. આપણા દેશની દીન, પરાધીન દશામાં તમે તમારી કળામાંથી આ શક્તિઓને મૂર્ત કરો અને પ્રજાને પ્રાણવાન, વીર્યવાન બનાવો.'

પ્રભાશંકર ભટ્ટ



વિક્રમશીલા અને વારાણસી, પાટલિપુત્ર અને પાવાપુરી—એવાં પ્રાચીન ઐતિહાસિક સ્થળોની યાત્રા કરાવતું

પંદર દિવસનું પર્યટન

પૂજાની રજાઓ (ઑક્ટોબર વેકેશન) નજીક આવતી હતી એટલે શાંતિનિકેતનથી અમે છસાત ગુજરાતી વિદ્યાર્થીઓએ કેટલાંક ઐતિહાસિક સ્થળો જોઇ આવવાનું નક્કી કર્યું. ૨૪મી ઑક્ટોબરની રાત્રે શાંતિનિકેતન છોડ્યું. ચંદ્ર ઠીક ઊંચે ચઢ્યો હતો. આખું આશ્રમ નિદ્રાધીન થતું હતું. બધે શાન્તિ હતી. તાડવૃક્ષોનો ફફડાટ અને શિરીષપર્ણોની કર્ણમધુર શિરશિરાટી સાંભળતા, નવાનવા પ્રદેશો જોવાના ઉત્સાહ અને આનંદમાં, ખભે અને હાથે ઝોળીઓ લટકાવી બોલપુર સ્ટેશનનો માર્ગ લીધો. અમારી ટુકડીમાંના અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતા એક ભાઇએ સ્વાભાવિક રીતે જ ખજાનચીનું કામ પોતા ઉપર લઇ લીધું. આખી મુસાફરી દરમ્યાનનું ખર્ચ અને તેની નોંધ રાખવાનું કામ તેમને સોંપવામાં આવ્યું. ટિકીટો લેવાઇ અને સાહેબગંજ લૂપ લાઇન (E.I.R.)ની ગાડી આવી પહોંચતાં એમાં ચડી બેઠા.

વિક્રમશીલા

પાછલી રાત્રે ત્રણ વાગ્યે કહલગાંવ (colgong) સ્ટેશન આવ્યું. ત્યાં ઊતરી, રાત વેઇટિંગ રૂમમાં જ પસાર કરી. સવાર થતાં જ શૌચાદિ કામથી પરવારી વિક્રમશીલાની શોધમાં ચાલ્યા. કહલગાંવ એ બહુ નાનું ગામડું છે. ગામમાંથી પસાર થઇ, વચ્ચે બજારમાંથી થોડોક નાસ્તો લઈ ગામને પૂર્વ છેડે નદીના કિનારા પર આવી પહોંચ્યા. એ નદી ગંગાની એક શાખા છે. કિનારા પરથી હોડી ભાડે કરી વિક્રમશીલા તરફ હંકારી. બેએક માઇલ દક્ષિણ તરફ જતાં નાનીનાની ટેકરીઓ વાળો પ્રદેશ આવે છે. આ સ્થળને 'પાથરઘાટા' કહે છે. આ પ્રદેશમાં શોધખોળ, ખોદકામ અને તપાસ પછી પુરાતત્ત્વના વિદ્વાનોનો અભિપ્રાય થાય છે કે અહીં જ પ્રખ્યાત વિક્રમશીલાનું રાજ વિશ્વવિદ્યાલય હતું.

આ પ્રદેશ ખરેખર રમણીય છે. એક બાજુ વળાંક લેતો ગંગાનો શાંત અને પ્રસન્નગંભીર પ્રવાહ, બીજી બાજુ લીલીછમ લીલોતરી પથરાએલો ટેકરીવાળો ફગ-ફુપ પ્રદેશ. બંને પર દૃષ્ટિ ફેરવતાં જોનારની આંખો ઠરે છે. એવા પ્રદેશમાં આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં ગૌડ દેશના પ્રતાપી રાજા પરમસૌગત ધર્મપાલદેવ બૌદ્ધ સાધુઓ અને વિદ્યાર્થીઓ માટે વિહાર સ્થાપે એમાં આશ્ચર્ય નથી.

વિક્રમશીલાની ઘણીખરી હકીકત માટે આપણને તિબેટના બૌદ્ધ ઇતિહાસકાર તારાનાથનો જ આધાર છે. હુએન્‌સંગ કે ઇત્સિંગ બંનેમાંથી કોઇએ પણ આ વિદ્યાપીઠનો ઉલ્લેખ કર્યો નથી, તેથી આ વસ્તુ વિક્રમશીલાની સ્થાપનાના સમયનું એક પ્રમાણ આપે છે.

તારાનાથના કહેવા પ્રમાણે અહીં આઠ હજાર વિદ્યાર્થીઓનો વાસ હતો. આ મહાવિહારને ફરતી ઊંચી દીવાલ હતી અને તેનાં ૭ દ્વાર પર ૭ દ્વારપંડિતો બેસતા. કોઇ પણ નવો આગંતુક એ દ્વારપંડિતની પરીક્ષામાંથી પસાર થયા પછી જ વિહારમાં દાખલ થઇ શકતો. બૌદ્ધ ધર્મ અને તંત્રસાહિત્યનો અહીં ખૂબ પ્રચાર હતો. કાશ્મીરી રત્નવજ્ર, આચાર્ય જેતારી તથા તેનો શિષ્ય અતિશ અને એવા બીજા મહાન પંડિતો ત્યાં વસતા. આચાર્ય અતિશ પાછળથી દીપંકર શ્રીજ્ઞાનનું નામ ધારણ કરી એ વિહારનો મુખ્યાધિષ્ઠાતા થયો. એ જ દીપંકરને લેવા તિબેટના રાજાએ દૂત મોકલેલો. એ દૂતની ચમકતી કુતૂહલભરી ઝીણી આંખો જાણે વિહારમાં મળેલી સભામાં અતિશને શોધતી ફરે છે એવું દૃશ્યચિત્ર આ વિહાર જોતાં આપણી આગળ ખડું થઇ જાય છે. નાલંદા વિદ્યાપીઠ પછી આ વિક્રમશીલાની જ ખ્યાતિ હતી.

—અને આજે એ મૂક પ્રદેશમાંથી પૂર્વનાં સ્મરણો ઊઠે છે. જેમજેમ ટેકરીઓ ચડીએ છીએ તેમતેમ એક પછી એક કંઇ ને કંઈ સ્મરણાવશેષ નજરે ચડે છે. કિનારા પરનો વિશાળ વડલો અને તે પછીનું હાલના પૂજારીઓનું મંદિર છોડતાં, ડાબી બાજુએ

બોધિસત્ત્વની કાળા પથ્થરની પ્રસન્ન મુખમુદ્રાવાળી મૂર્તિ નજરે પડે છે. ઉપર ફરતાંફરતાં ગુફાઓ જોઇ શકાય એવું છે, પણ ત્યાં ઠેરઠેકાણે જંગલ ઊગી નીકળેલું હોવાથી સ્પષ્ટ દેખાતું નથી. આખા પ્રદેશનો ઘેરાવો ત્રણચાર માઇલનો છે. ટેકરીઓની વચ્ચેવચ્ચે ફળદ્રુપ ખેતરો છે. એમાંથી એક નાનાશા ગામડામાં પહોંચાય છે. સમગ્ર દુનિયાથી તદ્દન ભિન્ન અને છૂટું પડેલું એવું એ સ્થાન છે.

આ પ્રદેશમાં હજી બહુ ખોદકામ નથી થયું–કોણ જાણે શા કારણથી. કદાચ ત્યાંના પહાડો પર ઊગી નીકળેલું જંગલ સાફ કરવામાં ખૂબ મહેનત પડતી હશે. ગમે તેમ હોય પણ ત્યાં ખોદકામ થતાં ઘણાં મહત્ત્વનાં ચિહ્નો બહાર નીકળી આવે એમ લાગે છે. અમે ટેકરીઓ પર અને ખેતરોમાંથી રખડતા પસાર થતા હતા ત્યારે કેટલેક ઠેકાણે ચળકતા લીસા પથ્થરના, સ્તંભના ટુકડા પડેલા જોયા. એના રઝળતા અવશેષો તો હજી કેટલાયે હશે !

બખ્ત્યાર ખિલજીનું એ ભૂખ્યું દળ મગધનાં પવિત્ર સ્થાનોનો નાશ કરતું અહીં પણ ચડી આવ્યું અને તોડફોડ કરી ચાલ્યું ગયું.

પાવાપુરી

વિક્રમશીલાનું ભવ્યતાભર્યું પ્રાચીન ગૌરવ સંભારતા અમે પાછા ફર્યા. સાંજ પડી હતી. નદીનાં પાણી ઓસરી જવાથી હોડી ચાલી શકી નહિ. મહામહેનતે હોડીના સઢવાળા વાંસમાં દોરડું બાંધી કિનારા પરથી પગે ચાલીને એક માણસ હોડીને ખેંચીને ચાલ્યો ત્યારે માંડમાંડ સૌ ઘાટ પર આવી પહોંચી શક્યા. રાત્રે દસ વાગ્યે ટ્રેન આવતાં એમાં ચડી બેઠા. રાત્રે બે વાગ્યે વળી કયૂલ જંકશન પર બદલી કરવી પડી. પ્લેટફૉર્મ પર જ પાંચ વાગ્યા સુધી પડી રહેવું પડ્યું. સાત વાગ્યે બખ્ત્યારપુર સ્ટેશને ઊતર્યા ત્યાંથી ખટારા જેવી નાની ગાડીમાં ચડી, વચ્ચે આવતાં બેત્રણ ગામડાંઓનાં નાનાં બજારમાંથી પસાર થઇ બિહાર શરીફ આવી પહોંચ્યા. અહીં અમારી ટુકડીમાંના એક બિહારી ભાઇનું ઘર હતું. ત્યાં પહોંચી નિરાંતે આરામ લેવા માંડ્યો.


સાંજનો વખત શહેરની સહેલ કરવામાં ગાળ્યો. શહેર ઘણું જૂનું છે એ સ્પષ્ટ જણાઈ આવે. પૂર્વકાલનાં સ્મરણો જગાવતાં ખંડિયેરો રસ્તા વચ્ચે જ ઊભાં છે. આ સ્થળે 'ઓદંતપુરી' નામનો એક વિહાર હતો, પણ એના અવશેષો મળ્યા નથી. 'બિહાર કૉલેજ'ને આંટો મારતા, પશ્ચિમ તરફ આવેલા બહોળા વિસ્તારવાળા પર્વત પર ચડ્યા. વિદ્વાનો આ પર્વતને જ હ્યુએન્સંગે વર્ણવેલો 'ઇન્દ્રશૈલ પર્વત' માને છે. હ્યુએન્સંગના કહેવા પ્રમાણે આ પર્વત પર બુદ્ધે વાસ કર્યો હતો અને ત્યાં ઇન્દ્રે એમનો ઉપદેશ આપ્યો હતો. પર્વતની આજુબાજુના ઢાળ પર તો આજે પથ્થરો વેરાએલા પડ્યા છે. પર્વતની ટોચે બેસવા માટે એક સુંદર ઓટલો બાંધેલો છે ને પાસે જ એકલું અટૂલું એક નાનું સરખું ઝાડ ઊભું છે. ચાંદની રાત હતી. દક્ષિણમાંથી ઠંડો મીઠો વાયુ આવતો હતો. મોડે સુધી ત્યાં બેસી આનંદ લૂંટ્યો. નછૂટકે જ ત્યાંથી ઊતરવું પડ્યું.

બીજે દિવસે સવારે પાવાપુરીનાં દર્શન કર્યાં. મહાવીરની આ નિર્વાણભૂમિ. ત્યાં ખાસ જોવા જેવું તો 'જલમંદિર' છે. નાના સરખા સરોવરની વચ્ચે સફેદ પુષ્પ જેવું એ બેઠા ઘાટનું પણ સુંદર અને પ્રમાણસરની બાંધણીનું છે. મંદિરને ખૂબ ઊજળુંઊજળું રાખવાના ઉત્સાહમાં જૈનો અઢળક ધન ખરચી નાખે છે; પણ એથી મંદિરોની કારીગરી દેખાતી બંધ થઈ જાય છે એ નુકસાન તરફ એમની દૃષ્ટિ જતી નથી. 'જલમંદિર' ઉપરાંત બીજાં પણ એકબે મંદિર ગામમાં છે.

પાવાપુરીથી પાછા ફરી નાલંદા જવા માટે તૈયારી કરવા માંડી. પણ જેવા બિહાર શરીફના સ્ટેશન પર પહોંચ્યા ત્યાં ગાડી ઊપડી. હવે શું ? ઘણી વાટાઘાટ પછી એવો નિશ્ચય થયો કે બીજાં સ્થળો જોઈ આવી પાછા વળતી વખતે નાલંદા–રાજગૃહ જોવાં, એટલે બપોરે બે વાગ્યે પાછી મુસાફરી શરૂ કરી.

પટણા–પાટલિપુત્ર

બખ્ત્યારપુર બદલી કરી સાંજે પાંચ વાગ્યે પટણા આવી પહોંચ્યા. ત્યાં ઊતરવાનું ઠેકાણું અમે નક્કી કર્યું હતું.બિહારના પ્રખ્યાત કાર્યકર્તા રાજેન્દ્રબાબુનું 'બિહાર વિદ્યાપીઠ' હતું ત્યાં પહોંચ્યા, પણ રાજેન્દ્રબાબુ પટણાથી બહાર ગએલા હોવાથી એમને તો મળી ન શકાયું. વળી વૅકેશન હોવાથી ત્યાં વિદ્યાર્થીઓ પણ ચારપાંચ રહ્યા હતા. એમણે અમારો સારો સત્કાર કર્યો. વિદ્યાપીઠનું સ્થાન ખૂબ સુંદર છે. આજુબાજુ વૃક્ષોની ઘટાઓ આવી રહેલી છે. સામે જ ગંગા નદી વહે છે. રાત્રે



પાવાપુરીનું જલમંદિર—દૂરનું તથા નજીકનું દૃશ્ય

ત્યાં કિનારા પર ચાલ્યા. ક્ષિતિજમાંથી ઊંચે ઊગતા ચંદ્રમાનું રક્તવર્ણું ગોળ બિંબ ગંગાના પાણીમાં પ્રતિબિંબ પાડતું હતું એ દૃશ્ય ખરેખર રમણીય હતું. અહીં નદીમાં વહાણ–સ્ટીમરોનો સારો વ્યવહાર ચાલે છે.

બીજે દિવસે સવારે પાટલિપુત્રના અવશેષો જોવા ચાલ્યા. અત્યારે પટણા શહેરથી થોડે દૂર દક્ષિણ-પૂર્વમાં જે 'કુમ્હરાર' નામે સ્થળ છે ત્યાં જ પ્રાચીન ભારતવર્ષનું પ્રખ્યાત રાજનગર પાટલિપુત્ર હતું. અત્યારે તો એ સ્થળ અઢી હજાર વર્ષના વાયરા પછી તદ્દન ભૂંસાઇ ગયું છે, છતાં યે ખોદકામ પછી ઘણી મહત્ત્વની વસ્તુઓ તે સ્થળેથી નીકળેલી અને તેમાંની ઘણીખરી આજે કલકત્તાના મ્યુઝિયમમાં શોભા વધારી રહી છે. ત્યાંથી કાષ્ઠના સ્તંભ વગેરેના ટુકડા મળી આવવાથી તે અશોકના રાજમહેલના અવશેષો હશે એવી માન્યતા ઘણા વિદ્વાનોની થઈ છે; એટલું જ નહિ પણ આ ઉપરથી ત્યાં ખોદકામ કરાવનાર ડૉ. સ્પૂનરે તો એમ પણ સાબિત કરવા મહાન પ્રયત્નો કરેલા કે અશોક પારસી હતો, કારણકે કાષ્ઠનાં ઘરો તે વખતે ઇરાનમાં બંધાતાં. આ 'સ્પૂનરિઝમ' નામે ઓળખાતા વાદ સામે અનેક જાતની ટીકાઓ થઇ હતી. ગમે તેમ હોય, પણ શોણ અને ગંગા પર વસેલા પ્રાચીન પાટલિપુત્રની ખ્યાતિ પૂર્વે ખૂબ હતી. ઠેઠ ઈ. સ. પૂર્વે ૫૫૪ માં અજાતશત્રુ ત્યાં લિચ્છવીઓની આડે કિલ્લો બાંધે છે; અને તે પછી નિર્વાણભૂમિ કુશીનારા જતાં બુદ્ધદેવ ત્યાં થોભેલા ત્યારે હજી એમાં ઘરો બંધાતાં હતાં અને એમણે એવી ભવિષ્યવાણી કરી હતી કે આ સ્થાન ભારતમાં ખૂબ પ્રખ્યાતિ પામશે. અને ખરેખર એકાદ શતાબ્દી પછી પ્રતાપી ચંદ્રગુપ્ત મૌર્યના સમયનું પાટલિપુત્ર મગધના મહાન સામ્રાજ્યનું પાટનગર બને છે, ને તે પછી તો એની ચડતીપડતીનાં મોજાંઓ વહ્યાં કરે છે. જ્યાં સામ્રાજ્યો ચડ્યાં ને પડ્યાં, જ્યાં નગરો પર નગરો વસ્યાં એ પાટલિપુત્ર આજે કુમ્હરાર નીચે સમાધિ લેતું પડ્યું છે. વરસાદને લીધે ખોદેલી જમીન પર પાણી ભરાઇ ગએલું હોવાથી અમે બહુ જોઇ શક્યા નહિ. કેટલેક ઠેકાણે હજી યે રઝળતા પડેલા ચળકતા પથ્થરના સ્તંભના ટુકડા જોયા.

બપોરે પટણા શહેર જોવા ચાલ્યા. શહેરના બે ભાગ થએલા સ્પષ્ટ જણાઇ આવે છે. એક બાજુ જૂની ઢબનો ગીચ વસ્તીવાળો ભાગ અને બીજી બાજુ કૉલેજો તથા બીજાં સરકારી મકાનોની ભવ્ય હાર; એક બાજુ ગરીબીથી ઊભરાતો પ્રજાવર્ગ ને બીજી બાજુ વૈભવથી છલકાતો શ્રીમંત વર્ગ:—બંને સમાજની એક વિચિત્ર ને વિષમ સ્થિતિનું દુ:ખદાયક ભાન કરાવે છે. શહેરમાંનું ગુરુ ગોવિંદસિંહનું જન્મસ્થાન–ગુરુદ્વાર જોવાલાયક છે. પણ સૌથી વધારે રસ આપે એવું સ્થાન તો પટણાનું નવું મ્યુઝિયમ છે. રાજપુત મહેલની ઢબથી બંધાએલું એ ભવ્ય મકાન જોઇને જ જોનારની આંખ કંઇક કળાવિમુગ્ધ બની ફરતી રહે છે. અંદર

દાખલ થતાં જ સામે એક ચામરધારિણી પરિચારિકાની 'મોર્યન્ પૉલિશ' નામે ઓળખાતા પૉલિશથી ચળકતી, લીસા પત્થરની સુંદર ઊંચી મૂર્તિ નજરે પડે છે. બાકી તો મ્યુઝિયમમાં ચારે બાજુ અનેક જાતના કળા અને સ્થાપત્યના નમૂના ગોઠવાએલા પડ્યા છે. જેમ જોતા જઈએ તેમ અસંતોષ વધતો જાય દરેક મૂર્તિ પર જાણે એક એક દિવસ અભ્યાસ કરીએ. ત્યાં ખાસ ધ્યાન ખેંચે એવી વસ્તુ એક પ્રાગૈતિહાસિક કાળના પુરાણા ઝાડનો અવશેષ (Fossil) છે. એની લંબાઈ પણ કંઈ ગાંસેક ફૂટ છે. આટલાં વર્ષોથી ઘસાઈ ઘસાઈને એ પત્થર જેવો નક્કર બની ગયો છે. એ જોઈને આશ્ચર્યમુગ્ધ જ થઈ જવાય.

બનારસ-સારનાથ

પાટલિપુત્રનાં મીઠાં સંસ્મરણો ભરી સારનાથનાં દર્શન કરવા બીજે દિવસે ત્રણ વાગ્યે અમે બનારસ પહોંચ્યા. બનારસ સ્ટેશન પર યાત્રાળુઓને પંડાઓ ફરી વળે છે એવું સાંભળ્યું હતું. અમને આવો અનુભવ લેવાની હોંસ હતી, પણ અમારો દેખાવ જોઈને અમારી પાસે કોઈએ આવવાની હિંમત જ ન કરી. સ્ટેશન પરથીજ સીધા 'કાશી વિદ્યાપીઠ'માં ગયા અને આચાર્ય નરેન્દ્રદેવને મળી ત્યાં બે'ક દિવસ ઊતરવાનું સ્થાન મેળવ્યું. તે દિવસ તો આરામ જ લીધો.

બીજે દિવસે અગિયારેક વાગ્યે સારનાથ જતી ટ્રેનમાં બેઠા. સારનાથનું સ્ટેશન અરધાએક કલાકમાં આવી પહોંચ્યું. સ્ટેશનથી પૂર્વ તરફ એકાદ માઈલ પર પ્રાચીન 'ઋષિપત્તન' (સારનાથનો સ્મરણાવશેષ) આવેલું છે. સ્ટેશનથી અમે પગે ચાલ્યા. સુંદર પાકી સડક ચાલી જાય છે. રસ્તા પર વચ્ચે ડાબી બાજુએ એક જૂનું સ્તૂપાકાર મકાન છે. એને જગતશેઠનો 'સ્તૂપ' કહે છે. ખરી રીતે હાલનું મકાન તો પ્રમાણમાં અર્વાચીન છે. પહેલાં એની નીચે પુરાણો સ્તૂપ હતો. એના ઉપર પાછળથી અકબરે બીજો ઈંટોનો બનાવેલો સ્તૂપ ચણાવ્યો છે ને ઉપર લેખ કોતરાવ્યો છે. સ્તૂપના ઉપરના મથાળે ચઢી આજુબાજુ નજર નાખતાં સુંદર દૃશ્ય દેખાય છે. એક બાજુ સારનાથનો અશોકે બંધાવેલો ધમ્મેક સ્તૂપ તથા નવો બંધાએલો બૌદ્ધ મૂલગંધકુટિ વિહાર, અને બીજી બાજુ દૂર વિંધ્યાચળની હાર તથા ગંગાની રૂપેરી રેખા. એક બાજુ દૂર દૂર સુધી લીલાંછમ ખેડાએલાં ખેતરો અને બીજી બાજુ સપાટ મેદાન.

સારનાથ ખૂબ પ્રાચીન તીર્થ છે. ખાસ કરીને ગૌતમબુદ્ધે અહીંથી 'ધર્મચક્રપ્રવર્તન' કર્યું એથી આ સ્થળની ખ્યાતિ વધી. ચીની યાત્રી હ્યુએનસંગ આ સ્થળનું મનોરંજક વર્ણન આપે છે; પણ અત્યારે તો એ બધું સ્વપ્નવત્ લાગે છે. માત્ર ખોદકામ પછી બહાર નીકળેલા અવશેષો જોઈને સંતોષ માનીએ. એક બાજુ અશોકવર્ધને બંધાવેલો ધમ્મેક સ્તૂપ પૂર્વનાં સ્મરણો જગાવતો ઊભો છે; બીજી બાજુ જ્યાં પૂર્વ સમયમાં વિશાળ વિહાર હતો ત્યાં માત્ર પત્થરોના ઢગલાઓજ આજે જણાય છે. બાકીની વસ્તુઓ ત્યાંના સંગ્રહાલયમાં મૂકવામાં આવી છે. બેઠી ઢબના સુંદર અને સુઘડ એ સંગ્રહાલયના મકાનને જોતાંવેંત કોઈ પવિત્ર મંદિરનો ભાસ થાય. અંદર પગ મૂકતાં જ સામે ત્રણ સિંહોવાળો અશોકસ્તંભનો ઉપરનો ભાગ જોવામાં આવે છે. આખો યે સંગ્રહાલય સારનાથ, ગયા અને આજુબાજુના સ્થળોમાંથી પ્રાપ્ત થએલી અસંખ્ય વસ્તુઓથી ભરેલો છે. મૂર્તિઓ, તોરણો, કઠેરા, છત્રીઓ વગેરે જોઈ સંતોષ જ ન થાય. આખા યે સંગ્રહાલયમાં ભગવાન બુદ્ધની પવિત્ર ભાવના પ્રસરી રહી લાગે. ક્રમવાર ગોઠવાએલા એ અવશેષો. મૌર્ય, શુંગ, કુશાન, ગુપ્ત ને તે પછીના ભારતીય ઇતિહાસના કાળના અમૂલ્ય નમૂનાઓ છે. પણ એ સૌમાં શ્રેષ્ઠ તો સારા યે સંગ્રહસ્થાનમાં જેની મીઠી પ્રસન્ન સુવાસ ફેલાઈ રહી હતી, જેના અસંખ્ય અવતારો નિર્જીવ પથ્થરો પર સજીવ થતા જણાયા, એ બુદ્ધની 'ધર્મચક્રપ્રવર્તન'વાળી શાન્ત, સૌમ્ય, મૈત્રી અને કારુણ્યભરી, પવિત્ર મુખારવિંદવાળી મૂર્તિ છે. જમણા હાથનો મરોડ, અને ડાબા ઘુંટણ પર સ્વાભાવિક મૃદુતાથી મૂકેલો ડાબો હાથ, મુખ પાછળનું પ્રભામંડળ, ઉપર બે બાજુએ તેમના બે પ્રમુખ શિષ્યો સારિપુત્ર અને મૌદ્ગલાયનનું ઊડતું દૃશ્ય—બધું કંઈ એવું ચમત્કારિક છે કે ત્યાંથી ખસવું જ ન ગમે; જાણે એમના મુખમાંથી અવ્યક્ત પણે નીકળતા ઉપદેશને સાંભળ્યા જ કરીએ . . . .

અમે ગયા ત્યારે મૂલગંધકુટિવિહાર હજી પૂરો બંધાયો નહોતો. બહાર જયપુરી કારીગરો, એ વિહારમાં સ્થાપવા માટે 'ધર્મચક્રપ્રવર્તન'વાળી મૂર્તિના [illegible] રાના પથ્થરની મૂર્તિ ઘડતા હતા.

સારનાથ અસંતોષમાં જ છોડ્યું ને સાંજે પાછા બનારસ વળી આવ્યા. બનારસ શહેર ખૂબ ગંદું લાગ્યું. એની અસંખ્ય ગલીકૂંચીઓ ધૂળ અને કચરાથી ભરેલી છે. કાદવકીચડ તો હોય જ. ભારતનું સૌથી પુરાણું ને પ્રસિદ્ધ આ શહેર, જેણે હજી સુધી યે એની ધાર્મિક પ્રતિષ્ઠા જાળવી રાખી છે તેના આવા હાલ જોઈ દુઃખ થયા વિના ન રહે. ઘાટેઘાટે એ જ પુરાણી સંસ્કૃતિના આજના વારસદારો, ભાવુક નરનારીઓ દેખાય. 'ગંગાસ્નાન ને પાપભસ્મ'ના મંત્રો જપતાં આ ટોળાં જોઈ આશ્ચર્ય સાથે દુઃખ થાય. બ્રાહ્મણ પૂજારીઓનાં મુખ જોઈ હસવા સાથે ગંભીરાઈ આવી જતી. કોઈ નવી જ દુનિયામાં આવી ચડ્યા હોઈએ એવો ભાસ થતો.

પુણ્યપવિત્ર ગંગાજીની પણ લોકો દિનરાત ભક્તિ કરીકરીને પોતાના દેહ અને મનની બધી યે મલિનતા એને સમર્પી દે છે એનો ખુલ્લો પુરાવો એ નદીનાં મલિન થઈ ગયેલાં પાણી આપી રહ્યાં છે. શહેરની ગટરોમાંથી દિનરાત મેલ આવીઆવી નદીનાં સર્વભક્ષી પાણીમાં ભળી જાય છે ને 'પવિત્ર' બની જાય છે! એમાં ન્હાયા એટલે પુણ્ય પામ્યા!

અને કાશીનાં મંદિરો? આખું શહેર એમની ધમાલથી ગાજી રહેલું જણાય છે. ધાર્મિક યાત્રાળુને એ મોક્ષપુરી લાગશે; પાશ્ચાત્ય મુસાફરને એ હિંદુસ્તાનની સમગ્ર સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ અને પુસ્તકમાં વિસ્તારથી વર્ણવવાને યોગ્ય તેમજ કૅમેરાની પ્લેટોને શણગારવા યોગ્ય જણાશે; દેશ અને સમાજમાં ક્રાંતિ પ્રેરનારા અત્યારના સંસ્કારી હિંદી તનુજને એ દુઃખનું સ્થાન જણાશે. કાશીનું દર્શન મોક્ષ આપે કે નહિ, પણ મનની શાંતિ તથા શરીરના સ્વાસ્થ્યને તો જરૂર હાનિ પહોંચાડે. મંદિરોની આકરમાળ જોઈએ અને ત્યાં ચાલુ રહેતી ભીડમાં દેશદેશથી આવેલાં ભાવુક જનોનાં ટોળાં જોઈએ ત્યારે પ્રભુનાં દર્શનની વાત તો ન સાંભરે, પણ સમાજની દુઃખદ સ્થિતિનું જ દર્શન તરત જ થઈ આવે.

મંદિરો વગેરેના ઘોંઘાટમાંથી માંડ છૂટા પડી 'કાશી નાગરી પ્રચારિણી સભા' જોવા ગયા. રાય કૃષ્ણદાસનો અમૂલ્ય કલાસંગ્રહ ખૂબ ઉત્સાહથી જોયો. હિંદુ યુનિવર્સિટીમાં વૅકેશન હોવાથી બધું બંધ હતું એટલે એ જોવાની હોંસ પાર ન પડી. પણ બહારથી એના વિસ્તૃત મેદાનમાં ઊભેલાં ભવ્ય મકાનો જોઈ મુગ્ધ થયા.

(ચાલુ) રતિલાલ મહેતા

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


આ માસની હરીફાઈમાં ભાગ લેનારાઓની સંખ્યા ઠીકઠીક ગણાય; અને ફોટોચિત્રોમાં રજૂ થએલી વિષયની વિવિધતા તથા કારીગરી પણ વખાણવા લાયક કહેવાય.

પહેલું, બીજું, અને ત્રીજું ઇનામ અનુક્રમે ભાઈ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)ના 'સરિતાતટે' ને, ભાઈ પ્રાણલાલ જનીના 'બગોરી ગાળવા'ને તથા કનૈયાલાલ શેઠ (સુરત)ના 'પરબ'ને મળે છે. ભાઈ રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ)ના 'પ્રકૃતિ અથવા જય મહાદેવ' ને ઉત્તેજનનું ઇનામ આપવામાં આવ્યું છે

આ સાથે રજૂ થએલાં ફોટોચિત્રો અભ્યાસપૂર્વક જોતાં જણાશે કે દરેક હરીફે ચિત્રના વિષયની પસંદગીમાં પોતપોતાનું વ્યક્તિત્વ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. ઉનાળામાં નદીકાંઠે બાળકો રેતીમાં રમત કરે છે ત્યારે તેઓ કુદરતી રીતે અવનવાં ચિત્રો ઉપજાવી રહે છે. તેવે સમયે સુંદર ચિત્રદર્શ પારખી કાઢી તેમની અજાણમાં કૅમેરાનો ત્વરિત ઉપયોગ કરી લેવામાં સફળતા સમાએલી છે ભાઈ પ્રાણલાલે 'સરિતાતટે'નાં બાળકોના પ્રતિબિંબ સાથે તેવું ચિત્ર ઝડપ્યું છે. ઊભેલા બાળકની નજર કૅમેરા તરફ આકર્ષાઈ હોય તેવો ભાસ થાય છે તેટલી જ આ ચિત્રમાં ક્ષતિ છે. જેટલી તન્મયતાથી બેઠેલાં બે બાળકો વાડકામાં રેતી ભરી રહ્યાં છે તેટલી જ એકાગ્રતાથી ઊભેલું બાળક પણ તેમની રમતમાં ભાગ લેતું હોત તો આ ફોટોચિત્ર અતિ ઉત્તમ બનત. ભાઈ જનીએ મોકલેલા 'બગોરી'ના પ્રિન્ટના મથાળેથી અમે લગભગ પોણા બે ઇંચ જેટલો ભાગ કાપીને ફોટોચિત્ર છાપ્યું છે. ચિત્રનો વિષય બળદો અને માણસ છે, તેથી તેમને મહત્ત્વનું સ્થાન આપી જોનારનું ધ્યાન ખેંચે તેવી રીતે ચિત્રની જગ્યામાં ગોઠવવાં જોઈએ. એમના પ્રિન્ટમાં મથાળાના ભાગમાં ઝાડીએ અકારણ જગ્યા રોકેલી હોવાથી મુખ્ય વિષયનું મહત્ત્વ ઘટતું હતું. આવું હોય ત્યારે એવો નકામો ભાગ કાઢી નાખવાથી ચિત્ર તેના સાચા આકર્ષક રૂપમાં આવે છે. આવો નકામો ભાગ કયો છે તે શોધી કાઢવાની દૃષ્ટિ કેળવવી એ જ ખરાં ચિત્રો પારખવાની શક્તિ છે; અને કાળજીપૂર્વકના અભ્યાસ, નિરીક્ષણ તથા મહાવરાથી તે આવી જાય છે વળી આ ચિત્રનું દૃષ્ટિબિંદુ ઊંચેથી લીધેલું હોવાથી તેમાં નવીનતા ભાસે છે.

ત્રીજું ઇનામ લઈ જનાર 'પરબનાં પાણી'નો વિષય સમયોચિત અને સુંદર છે. તેમાં પણ ગરમીમાં આવી પશુઓ તરસ્યાંની તૃષા છીપાવી જે શાંતિ આપે છે તેનો ખ્યાલ ઝાડની ઘટા અને છાયાને લીધે ઉઠાવ આવે છે. આખા યે વિષયની રચના કલામય અને 'ડેકોરેટિવ' છે. પરંતુ પ્રિન્ટ ઉપરથી એમ જણાય છે કે કાં તો નેગેટિવ લેતાં એક્સપોઝર ઓછું આપ્યું છે, અગર પ્રિન્ટ બહુ કૉન્ટ્રાસ્ટી કાગળ ઉપર કાઢ્યો છે. તેમાંથી જે ખામી હોય તે સુધારીને તે ભાઈ આ વિષય ફરીવાર પાડે એમ ઇચ્છીએ છીએ.

છેલ્લા ત્રણ માસથી અમે ચિત્રોનાં નામ પ્રિન્ટ સાથેના



(૧) પ્રકૃતિ-રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ), ઉત્તેજના ઇનામ; (૨) પ્રતિબિંબ-સુરેશચંદ્ર છોટાલાલ (પાલનપુર), નોંધપાત્ર; (૩) ઘર તરફ-પ્રાણલાલ જાની, નોંધપાત્ર; (૪) બપોરી ગળતા-પ્રાણલાલ જાની. બીજું ઇનામ; ૫) સરિતા તટે-પ્રાણલાલ પટેલ (અમદાવાદ), પહેલું ઇનામ. આ અંકના પૂઠા ઉપરનું ચિત્ર : પરબનાં પાણી-કનૈયાલાલ શેઠ (સુરત), ત્રીજું ઇનામ.

કરતા આવ્યા છીએ આ મહિને આવેલા ભાઇ રામપ્રસાદ વ્યાસના ચિત્રના નામમાં ફરી પાછી એ ભૂલ થઇ છે. નામમાં અજુગતાં આરોપણ કે ખોટી ઊર્મિલતા ન આવી જાય તેની સાવચેતી રાખવી જોઇએ અને યથાર્થતા જાળવતાં, સૂચક તથા ટૂંકાં નામોની જ પસંદગી કરવી જોઇએ. એમના ચિત્રમાં દહેરી ઉપરના છાયાપ્રકાશ આકર્ષક છે, તેમજ આજુબાજુનાં ઝાડોનો ઉપયોગ કરી દહેરીનો જે દરવાજો ઉપજાવ્યો છે તે દીપી ઊઠે છે; તોપણ ચિત્રના વિષયોના આકારની અસ્પષ્ટતા, (blurness) કૅમેરા અને તેની ઉપસામગ્રીના વપરાશમાં કચાશ સૂચવે છે. આવું બને ત્યારે વિષયો જો સ્થાયી હોય તો તેના બીજા પ્રયાસ કરીને સારૂં પરિણામ લાવવા મથવું જોઇએ.

આ ઉપરાંતનાં બે નોંધપાત્ર ચિત્રોમાં બંનેમાં એક રીતે વિષયનું સામ્ય છે. બંનેએ ગ્રામ વિષયો પકડ્યા છે. ભાઇ પ્રાણલાલ જાનીએ વિષયની સ્વાભાવિકતા જાળવેલી હોવાથી સુરેશચંદ્ર (પાલણપુર)ના 'પ્રતિબિંબ'માં દેખાતી કૃત્રિમતાથી તે બચી ગયું છે.

માધુકરી



પૂજારી

(શિખરિણી સૉનેટ)

રુદ્રાક્ષની માળ ગળે ન ધારી મેં,
કર્ણો વિંધાવ્યા નવ કેસૂડાંભર્યા;
કપાળ મારૂં નવ ભસ્મશોભીતું,
પાદાબ્જમાં પાવડીઓ ન હે પ્રભુ!
પૂજારી હું, ને મુજ હાથ ખાલી છે,
ન મ્હેકતા પુષ્પ ન ચંદનો લીધાં;
ન કંકુ ના દીવડી આરતી અરે!
ભક્તિભીનું હૈડું ય એકલું રડે.

છે એક દીવો મુજ ઉરદેશમાં,
પ્રેમેભર્યો મેં પ્રિય પાય છે ધર્યો;
દશાંગુલી વંદન પુષ્પ કુંકુમો,
નમ્યાં દગો આરતી, અર્ધ્ય હે પ્રભો!
છે હાથ ખાલી પણ હૈયું તો ભર્યું,
મૂર્તિતણું પૂજન ગોધુ માહરૂં.

શિવકાન્ત દવે



કુતુબમિનાર પાસેનું ગુરુકુળ

સાંજનો વખત હતો અને હું ખળખળ વહેતી માતા ગંગાના કિનારા ઉપર આવેલી 'પંચકુટિ'માં બેઠો હતો. આખા ગુરુકુળનું વાતાવરણ શબ્દોના ઘોંઘાટથી મુખરિત થઇ રહ્યું હતું સાંજના ભોજન પહેલાંનો છૂટીનો વખત હોઇ વિદ્યાર્થીઓ પોતપોતાનાં જુદાંજુદાં જૂથ બાંધી વર્ગમાં બનેલા બનાવોથી માંડીને રસોડામાં બનતી બાબતો ચર્ચી રહ્યા હતા. એ સોમાં આવા એક જૂથનો નેતા દેવદત્ત આગળ તરી આવતો હતો. જરા પાતળુ સુદ્રઢ શરીર, આંખો પર ચશ્માં, દ્રઢતા અને પ્રેમ પ્રકટ કરતો ચહેરો, એ બધું જોતાં દેવદત્ત એ બધાથી જુદો પડતો હતો. ગુરુકુળની કળાપાઠશાળા વિભાગનો એ સર્વાનુમતે મંત્રી ચૂંટાયો હતો. એ કળા પાઠશાળાની વાર્ષિક સભા ભરવાની યોજનાઓ જ્યારે તેણે વિદ્યાર્થીઓ પાસે રજુ કરી ત્યારે બધા વિદ્યાર્થીઓએ તે યોજના સપ્રેમ વધાવી લીધી. દેવદત્ત સંસારી જાળની વાતો વિષે કદી વિચાર જ કરતો નહિ. માનવસેવા અને એ સેવા માટેની યોજના તથા તેનો અમલ એ તેનો જીવનઆદર્શ કે સિદ્ધાંત જે કહો તે હતો! અભ્યાસ પણ તેના જીવનમાં ગૌણ સ્થાન જ ધરાવતો. તેની પરીક્ષા પાસે આવી લાગી હતી તે છેલ્લા વર્ષમાં હતો અને ગુરુકુળના જીવનનું પણ તેનું આ છેલ્લું વર્ષ હતું. પણ તે તો પોતાની ભજનમંડળીમાં મશગૂલ હતો. આ ગુરુકુળની ભજનમંડળી એટલે ગુરુકુળનો સંગીતવર્ગ, અને દેવદત્ત એ સંગીતવર્ગનો પ્રાણ હતો. નવરાશના વખતમાં નદીકિનારે આવેલ ઝાડના શીતળ છાયા નીચે મૃદંગ અને અન્ય વાદ્યો સાથે પોતાના શિષ્યવર્ગને સંગીતની તાલીમ આપતો તે અચૂક નજરે પડે. તેનો તીણો અને મૃદુ રાગ વાતાવરણમાં પરાગ પૂરતો અને શિષ્યમંડળમાં કોઇ જીવનનો અજબ પમરાટ ફેલાઇ રહેતો. એ તેઓનો ગુરુ તેમજ તેઓનો મિત્ર બની રહેતો.

એક દિવસ બપોર પછી તે મારી ઓરડીમાં આવ્યો અને વિવેકભાવે નમન કરતાં મને પૂછ્યું કે હું તેને અંગ્રેજીના વિષયમાં મદદ કરી શકું તેમ છું? હિન્દીનો અભ્યાસ કરવા માટે હું ગુરુકુળમાં દાખલ થયો હતો. દેવદત્તે આવી માગણી કરી, એટલે અમે એમ ઠરાવ્યું કે તેણે મને હિંદી શીખવવું અને મારે તેને અંગ્રેજી શીખવવું. મને તો એ કામ સહેલું અને રસવાળુ થઇ પડ્યું કારણકે તેનું પાઠ્ય પુસ્તક રસ્કિનનું "સીસેમ ઍન્ડ લિલીઝ" નામનું પુસ્તક હતું. આ પુસ્તક તો મેં મારા શિષ્યોને શીખવ્યું હતું. જેમજેમ હું એક પાનું શીખવી પસાર કરતો ગયો તેમ તેમ દેવદત્તનો આત્મા સચેત થતો ગયો. એનાં કારણો ખોળતાં હું દેવદત્તમાં જન્મસિદ્ધ શિક્ષક થવાનો ચાહ અને યુવાનોનો સેવક બનવાનો આદર્શ જોઇ શક્યો. તેણે કેળવણી કેવી હોવી જોઇએ એ વિષે પોતાના વિચારો બાંધી લીધા હતા અને ઘણી વખત રાત્રે તારાઓના તેજમાં, જ્યાં બુદ્ધિ અને જાતમહેનત એ બન્ને ખીલે તથા જ્યાં ખેડુતનાં બાળકો પોતના ગુરુની હૂંફમાં—એની મૈત્રીમાં રહી એ ગુરુકુળને પોતનું ઘર માની રહે—એવું ગુરુકુળ બાંધવાનાં મીઠાં સ્વપ્નો સેવ્યાં હતાં.

પરીક્ષાઓ પૂરી થઇ અને તે મુસાફરી ઉપર નીકળી પડ્યો. તેનાં માતાપિતા પંજાબના એક દૂરના ગામડાગાં રહેતા હતાં અને તેનો ભાઈ દિલ્હીમાં હતો. તે જે જે ગુરુકુળમાં જતો તે તેને આવકારી લેતું. તે ઈંદ્રપ્રસ્થમાં આવ્યો. અહીંની હાઇસ્કુલમાં તેણે બાળપણના સુખી દિવસો ગાળ્યા હતા. હમણાં એ સંસ્થાના વાર્ષિક સમારંભનો દિવસ આવી લાગ્યો હતો અને કાર્યકરો ફંડ ઉઘરાવવા શહેરના વેપારીઓમાં તથા જમીનદારોમાં ફરી રહ્યા હતા. દેવદત્ત સેવાની આ તકને જતી ન કરી અને બીજી બાબતો ભૂલી જઈને ગજવામાં પોતાની નાની સંગીતની ચોપડી ઘાલીને ટોકલાકના ખંડીએર કિલ્લા પાસે આવેલા બાદરપુર ગામે પહોચી ગયો. તેનાં પુરાણાં વૈદિક કાળ માટે પ્રેમ ઉત્પન્ન કરે તેવાં ગાયનો ગામડાના ખેડુત લોકો તથા તેમની સ્ત્રીઓ ખૂબ ધ્યાન તથા પ્રેમથી સાંભળવા લાગ્યાં. મહરૌલી ગામમાંથી કેટલાક માણસો આ તરફ ઉજાણી કરવા નીકળી આવ્યા હતા, તેમાના એકે દેવદત્તની મેધા અને કાર્ય કરવાની શક્તિ માપી લીધી અને બીજે દિવસે સવારે તો તે માણસે આપણા આ ગુરુકુળના ઊગતા સ્નાતકને રામતાલની નાની પાઠશાળામાં લાવીને મૂકી દીધો. રામતાલ એ મહરૌલીથી એક ગાઉ દૂર કુતુબમિનાર પાસે આવેલું છે. દેવદત્તને જે કામ જોઇતું હતું તે અહીં મળી ગયું, એટલે તેનામાં રહેલું સાચું તત્ત્વ ઝળકી ઊઠ્યું. તેને જે સાચા લોકસમૂહની સેવા કરવી હતી તેની વચ્ચે તે હતો. પોતે રચેલી સ્વપ્નસૃષ્ટિ તેને પોતાની આસપાસ ખડી થતી લાગી.

સ્વામી શ્રદ્ધાનંદે દિલ્હીની આસપાસનાં ગામોમાં જે કેટલીક પાઠશાળાઓ સ્થાપી હતી તેમાંની એક પાઠશાળા રામતાલમાં પણ હતી. ખંડાએર કિલ્લાની જરા પેલી બાજુ એક નાની તલાવડી છે અને તેના કાંઠા ઉપર એક જર્જરિત મંદિર છે. એક દિવસે એક ફરતારામ સંન્યાસી આ મંદિરમાં આવીને ઊતર્યા અને મંદિરને પોતાનું ઘર બનાવ્યું. ગામના લોકો જેઓ તળાવડીમાંથી પાણી ભરવા આવતા તેઓ મંદિરમાં રહેલી મૂર્તિને તથા સન્યાસીને પગે લાગતાં. શ્રદ્ધાનંદે આ ગામમાં એક વેદપાઠશાળા ખોલી હતી. પણ હમેશ બને છે તેમ, પાઠશાળા જ્યારે ખુલ્લી મૂકાઇ ત્યારે ગામલોકોએ તેને નિભાવી રાખવાની જવાબદારી સ્વીકારેલી હોવા છતાં શરૂઆતના થોડા વખત પછી તેઓ પાઠશાળા તરફ બેદરકાર થયાહતા અને હવે તો શાળાનું માત્ર નામનું જ અસ્તિત્વ રહેવા પામ્યું હતું આ જગ્યાએ દેવદત્તને લાવવામાં આવ્યો હતો. રાત્રે તેણે ખુલ્લા મેદાનમાં લોકોને ભારત અને તેની પ્રાચીન સંસ્કૃતિ, આધુનિક બેકારી તથા પતન અને શિક્ષણ એ બધા વિષયો વિષે સાદી ભાષામાં વાતો કહી. આ સાદાં લોકો દેવદત્ત પાસેથી પ્રેરણાનું પાન કરવા લાગ્યાં અને તેઓના ઘરેડિયા જીવનમાં ચેતન લાવનાર આ યુવકને તેઓ પોતાના પ્રેમથી નવડાવી નાખવા લાગ્યાં. બીજે દિવસે સવારે તે તેમનાં ઘરો જોઇ આવ્યો અને તેઓની નિશાળ પણ જોઇ. શાળા માત્ર નામની જ હતી. પણ થોડા જ વખતમાં તે બાળકોનો વંદનીય બની ગયો. જ્યાંજ્યાં દેવદત્ત જાય ત્યાંત્યાં તેની પાછળ તેની બાળસેના તો હોય જ. દેવદત્ત તેઓના ભાવિનો વિધાતા બની રહ્યો.

જે બારેક નવા શિષ્યોનું ટોળું તેની આસપાસ જામ્યું હતું તેઓની મદદથી તેણે એ જર્જરિત મંદિરની આસપાસની ભૂમિને વાળીચોળી સાફ કરી નાખી. પાઠશાળા માટે તૈયાર મકાન ન હતું કે ન હતા હરદ્વાર ગુરુકુળમાં અધ્યયન કરી જીવન ગાળતા વિદ્યાર્થીઓ. પણ તેથી દેવદત્ત નિરાશ થયો નહિ કે પાછો પડ્યો નહિ; કારણકે તે જાણતો હતો કે કોઇપણ સસ્થા સ્થપાયા પછી તેના બાલ્યકાળનાં વર્ષો મુશ્કેલીવાળાં જ હોય છે અને તેમાં યે ખાસ કરીને આવી રાષ્ટ્રીય અને ધાર્મિક સંસ્થાનું શરૂઆતનું કાર્ય તો ખૂબ મુશ્કેલીવાળું હોય જ. તે ઉપરાંત પોતાને આવી નાની અને નમ્ર શરૂઆતથી જ આ ગુરુકુળને શરૂ કરી તેને ઉછેરવાનું હતું એ બાબતથી તે અજાણ ન હતો. વિદ્યાર્થીઓ તેની પાસે રહેવા તો આવ્યા, પણ તેઓને ભોજન આપવા માટે તેની પાસે પૂરા પૈસા પણ ન હતા, કે ન હતી એટલી પથારીઓ કે જે ઉપર તેઓ સૂએ: તો પછી તેઓને તે વસ્ત્રો તો ક્યાંથી જ પૂરાં પાડી શકે? તેઓ પોતાનું સવારનું ભોજન પોતાને ઘેર કરી આવી બાકી રહેલો આખો દિવસ તેના સહવાસ તથા પ્રેમભરી સંભાળ નીચે ગાળે તેમ ઠરાવ્યું પણ પછી થોડા જ દિવસોમાં આ છોકરાંઓનાં માતાપિતા પોતાનાં બાળકોનાં જીવનમાં થએલો ફેરફાર હેરત પામી જોઇ રહેવા લાગ્યાં વહેલી સવારમાં જેવો કુકડો બોલે કે તેઓ તુરત જ પથારીમાંથી ઊઠી પાસેનાં ખેતરોમાં કે જંગલમાં ફરવા કે દોડવા ચાલ્યા જતા અને થોડી વાર પછી પાછા ફરી બાવળનું દાતણ લઈ પોતાના આજ દિવસ સુધી ખરાબ થએલા દાંતને સાફ કરવા બેસી જતા. અત્યારની હબસી પ્રજાના આદ્ય સર્જક બુકર. ટી. વૉશિંગ્ટને પોતાની ટસ્કેજી નિશાળમાં ભણતા વિદ્યાર્થીઓને પણ પહેલવહેલાં દાંત સાફ કરવાનો સંદેશો આપી તેનો ઉપયોગ શીખવ્યો હતો. આપણાં શહેરોમાં નાનાથી તે મોટા સુધી બધા દાંત સાફ રાખવા કેળવાએલા હોય છે, પણ ગામડામાં છોકરાંઓ તે જાણતાં જ નથી હોતાં, એટલું જ નહિ પણ કોઇક તો મોં પણ ધોતાં નથી. એટલે દેવદત્તે તેઓને સવારમાં દાતણ કરતા, સ્નાન કરતા તથા શરીરની અન્ય રીતે ચોખ્ખાઇ રાખતા કરી દીધા. સવારમાં સ્નાન વગેરે કરી તેઓ મંદિરની સામે જે હવનકુંડ હતો તેની આસપાસ બેસી જઇ તેઓને દેવદત્તે શીખવેલી પ્રાર્થનાઓ બોલતા-બોલતા અગ્નિદેવને અર્ઘ્ય આપતા. પ્રાર્થના અને મનન થઇ રહ્યા પછી તેઓ પોતાને હાથે ધોએલાં વસ્ત્રો પહેરી દેવદત્ત સાથે પોતાનાં સંસ્કૃત, હિંદી અને ગણિતના સવારના પાઠ તૈયાર કરવા બેસી જતા. દસ વાગતાં તેઓ ઘેર જઇ રસોડાના કામમાં માતાને કાં તો મદદ કરતા અથવા બજારમાંથી કાંઇ લઇ આવવું

હોય તો લઇ આવી ઘરના બીજા કામમાં કે બાપને ખેતી-કામમાં મદદ કરતા. રોટલા ને શાકનું સાદું ભોજન લઇ એક વાગ્યે પાછા ગુરુકુળ આવતા અને ગુરુકુળની આસપાસ આવેલાં ઝાડોની છાયા નીચે થોડો વિસામો લઇ પછી તેઓ પોતાના પાઠ લખવા બેસતા અને રેંટીઓ કાંતતા. જરા તાપ ઢળે એટલેકે લગભગ ચારેક વાગ્યે દેવદત્ત સાથે તેઓ કુહાડા લઇ નીકળી પડતા અને આસપાસની કાંટાળી ઝાડી કાપી નાખી જમીનને સાફ કરતા. આમ થોડા જ વખતમાં આસપાસની જમીનને વસવાટ કરવા લાયક બનાવી દીધી એટલું જ નહિ, પણ એ ભૂમિ રળીઆમણી અને આકર્ષક બની ગઇ. આ કામ દરમ્યાન તેમણે એક નાનું એવું મકાન બાંધી દીધું અને પાસે જે કુવો અને અવેડો હતાં તેને સાફ કરી સમારી દીધાં. આ ઉપરાંત કુતુબમિનારના મુખ્ય રસ્તાને જોડતો પાઠશાળાનો રસ્તો બાંધી દીધો કે જેથી દિલ્હીથી કુતુબમિનાર તરફ જતો કોઇ પણ મુસાફર કે માણસ પોતે બાંધેલ આ નાના ગુરુકુળની મુલાકાત લઇ શકે. ખરેખર, દેવદત્તનું આ પ્રકારનું જીવન કોઈ પણ મનુષ્યને માનવજાતની સેવા બજાવવાની પ્રેરણા કરે તેવું હતું. પથ્થરો ઉપાડતા, તેને સરખી રીતે પોતાનાં ઓજારોથી બેસાડતા કે હાથથી રોલ ખેંચતા દેવદત્તને આ બાળકો સાથે ગામના લોકો જોતા ત્યારે તેઓના જીવનમાં કાર્યની પ્રેરણા પૂરાતી. એક કેળવણી પામેલા—જે સારામાં સારી રીતે અંગ્રેજી બોલી શકતો તેવા–માણસ પાસેથી આ ગામડીઆઓએ આ બધાંની આશા રાખી ન હતી. દેવદત્ત અને તેઓના શિષ્યોની આવી ઉત્સાહભરી પ્રવૃત્તિ અને શક્તિમાં ગામનાં લોકોને વધારે ને વધારે વિશ્વાસ બેસતો ગયો અને તેથી તેઓએ તેને મંદિરની આસપાસ આવેલી જંગલની દસ એકરની જમીન ગુરુકુળ બાંધવા માટે કાઢી આપી.

સાંજે ઘરકામ આટોપીને બાળકોની માતાઓ પોતાનાં બાળકો રમતા, કામ કરતા કે અન્ય વ્યવસાય કરતા હોય તેને જોવા ગુરુકુળમાં ઊતરી પડતી. તેઓ પોતાનાં બાળકો માટે રોટલા, શાક અને દૂધ સાથે લાવતી. સાંજનો રમતગમતનો વખત પૂરો થતાં બધાં બાળકો પ્રાર્થના કરવા ભેગા થતા. આ બધું જોઇને તેઓની માતાઓનાં અંતર આનંદિત થઇ ઊઠતાં. જેઓને પોતે કુપાત્ર અને ન સુધરી શકે તેવા ગણી બેદરકાર બની તરછોડ્યા હતા તેઓ આંખો મીચી પ્રભુની પ્રાર્થના કરી રહ્યા હતા; તેઓ પોતે જ પોતાની સંસ્થાનાં છાપરાં અને રસ્તા બાંધી રહ્યા હતા! ગુરુકુલને વિદ્યાર્થીઓના ભરણ-પોષણનો બોજો આવવા દીધા વિના ઘર અને ગુરુકુળ વચ્ચે આવો ગાઢ સંબંધ ઊભો કરવો એ દેવદત્તની અજબ ચમત્કારિક કાર્યશક્તિનું જ ફળ હોય.

બે વર્ષો પસાર થયાં અને દેવદત્તે બે વાર્ષિક સમારંભો ઉજવ્યા. તે દરમ્યાન તે દિલ્હીના વેપારીઓ પાસેથી ઠીકઠીક મદદ મેળવી શક્યો. વિદ્યાર્થીઓની સંખ્યા તો વધતી ચાલી અને હવે રીતસર શાળા ચાલતી હોય એટલે વિદ્યાર્થીઓને પણ ઘેરથી ભોજન મંગાવવામાં મુશ્કેલી પડવા લાગી; એટલે ગુરુકુળમાં જ તેણે વિદ્યાર્થીઓની દેખરેખ નીચે ચાલે તેવું રસોડું ખોલ્યું. જ્યારે પાકની મોસમ હોય ત્યારે બધા વિદ્યાર્થીઓનાં માબાપો તેને માટે ઘઉં, ઘી વગેરે વસ્તુઓ આપતાં.

. . . .

હરદ્વારનું ગુરુકુળ ૧૯૨૬ના એપ્રિલમાં તેનો ૨૪મો વાર્ષિક સમારંભ ઊજવતું હતું. દેવદત્ત પોતાના વિદ્યાર્થીગણને સાથે લઇ પર્યટનમાં નીકળી પડ્યો અને સમારંભ ઉપર હરદ્વાર આવી પહોંચ્યો. દુર્દૈવવશાત્ અહીં તે માતાના ચેપી રોગમાં ઝડપાયો અને માનવજાતની દુઃખી ચીસો સાંભળતો અને એના સાદે સેવા કરવા તત્પર થતો એ પવિત્ર આત્મા ગંગા માતાના પુનિત તટ પર—પોતાની કુલભૂમિ ઉપર દેહોત્સર્ગ કરી ગયો. શામતાલને આ કારી જખમ થોડા મહિના સુધી તો રૂઝાયો નહિ. તેનો સર્જક–ભાવિ પ્રજાનો ઘડનાર ચાલ્યો ગયો હતો. પણ દેવદત્તના ગુરુભાઈઓ દેવદત્તના કાર્યને તેની સાથે સંકેલાઇ જવા દે તેમ ન હતા. તેઓમાંના બેએ એ સંસ્થાનું કાર્ય સંભાળી લીધું અને આજે પણ તેના સ્થાપનારના આદર્શને વળગી રહી તેના જેવી જ શક્તિ દાખવી તે ચલાવી રહ્યા છે. (બનારસમાં દેવદત્તના ગુરુભાઇ શ્રી રામચંદ્રે કહેલા દેવદત્તના જીવન પ્રસંગો ઉપરથી—હિંદીમાંથી ઉતારનાર કાન્તિ ભટ્ટ)

પ્રચારનું પ્રબળ સાધન રેડિયો

આજથી અગિયાર વર્ષ પૂર્વે જ્યારે રેડિયોની શોધ સફળ થઇ ત્યારે એમ લાગતું હતું કે વિજ્ઞાનશાસ્ત્રીઓએ જનતાના મનોરંજનાર્થે એક સુંદર સાધનનો ઉમેરો કર્યો. ૧૯૨૪ ની સાલમાં યુરોપમાં રેડિયોનાં મથક તદ્દન જૂજ હતાં અને તે પણ ખાનગી માલીકીનાં. તે વખતે સંગીત અને ભાષણો દ્વારા મનોરંજન કરવા પુરતો જ તેનો ઉપયોગ થતો હતો. પરંતુ ત્યાંની જુદીજુદી સરકારોને આ એક મહાન શક્તિવાળું શસ્ત્ર લાગવાથી ધીમેધીમે તેનો અધિકાર હાથ કરવાની શરૂઆત કરી.

અદૃશ્ય હવામાં રહેલા આ શસ્ત્રનો ઉપયોગ એક રાજ્ય તરફથી કેવીરીતે થાય તે પહેલવહેલું જર્મનીએ કરી દેખાડ્યું. શસ્ત્રબંધીની છેલ્લી પરિષદમાં અમુક વાંધાસર જર્મની ખસી ગયું અને થોડા કલાક પછી તરત જ ખુદ હિટલરના મુખેથી જર્મનીના બચાવ સંબંધી દલીલો આખી દુનિયાએ રેડિયો દ્વારા સાંભળી. અને થોડા દિવસ પછી જર્મની [illegible] બ્રિટનના પરદેશખાતાના મંત્રીઓ વચ્ચેનું રેડિયોમાં થતું વાક્યુદ્ધ પણ આખી દુનિયાએ શ્રોતાજન બની સાંભળ્યું!

અત્યારે યુરોપનું દરેક રાજ્ય હવામાં રહેલી આ અદૃશ્ય શક્તિ ઉપર સ્વામિત્વ મેળવવા માટે સ્પર્ધા ચલાવી રહ્યું છે. યુરોપનું નાનામાં નાનું રાજ્ય પણ વાયરલેસ પાછળ ખૂબ ખર્ચ કરી રહ્યું છે. તેઓ એકબીજાથી વધુ શક્તિવાળાં વાયરલેસનાં મથકો ઊભાં કરે છે અને બીજાના અવાજને પોતાના બુલં-

અવાજમાં ઢાંકી દેવાના પ્રયત્નો કરે છે.

આ રીતે રશિયામાં મોસ્કોનું જે વાયરલેસનું મથક છે તે જગતનાં તમામ બ્રોડકાસ્ટિંગ મથકો કરતાં ચડિયાતું છે. તે પછી બીજે નંબરે અને રશિયાની હોડમાં જ ઊભું રહે તેવું મથક જર્મનીમાં લગ્ઝેમબર્ગમાં છે. તે દ્વારા હિટલર પોતાને ઘેર બેઠાંબેઠાં ઑસ્ટ્રિયાના રાજ્યતંત્ર વિરુદ્ધ અસંતોષ અને બળવો ફેલાવવા માટે ભાષણો કરે છે; અને આ રીતે થતું પ્રચારકાર્ય ઑસ્ટ્રિયા પાસે વધુ શક્તિવાળાં યંત્રો ન હોવાથી તે અટકાવી શકતું નથી. ફ્રાન્સે બે વર્ષમાં પોતાના દેશમાં વાયરલેસ મથકો ઊભાં કરી નાખવા માટે ૧૫ કરોડ રૂપીઆ મંજૂર કર્યા છે. ઇંગ્લંડે પણ ડ્રોઇટવિચ ગામે જબરદસ્ત સ્ટેશન ઊભું કર્યું છે. ઇટાલીએ પોતાનો વાર્ષિકોત્સવ ઊજવતાં આખી દુનિયાને 'ફૅસિસ્ટ સમાચાર' સંભળાવ્યા હતા.

આમાં કોઇપણ દેશને ભાષાની નડતર તો આવતી જ નથી, કારણકે અનેક ભાષામાં ભાષણો થાય છે. ફ્રાન્સવાળા જર્મન ભાષામાં બોલે તો જર્મનીવાળા ફ્રેંચ ભાષામાં સામો જવાબ આપે છે. ઝેકોસ્લોવાકિયા રશિયન ભાષામાં બોલે તો રશિયા જર્મન-અંગ્રેજી અને ફ્રેંચ એમ ત્રણે ભાષામાં દીધે રાખે છે. કોઈ કોઇથી પાછા હઠે તેવા નથી.

આવું કરવામાં તેમનો મુદ્દો એવો છે કે પોતાના દેશની પ્રજા પોતાના સત્તાધીશોનું જ સાંભળે અને બહારનું ન સાંભળે; ઉપરાંત પોતાના વિચારો બીજા દેશની પ્રજાના કાનમાં પણ જોરશોરથી રેડ્યે રાખવા. એ લોકો એમ માને છે કે ફૅસિસ્ટ ઈટાલીની, સોવિયેટ રશિયાની અને નાઝી જર્મનીની સામાજિક તથા રાજનૈતિક ક્રાંતિ આવાં વેગવાળાં સાધનો દ્વારા થઈ છે. આખી પ્રજાના કાન અને મનને એકીસાથે ખેંચી તેઓ પોતાના મતના કરે છે. આ રીતે રેડિયો દ્વારા ખૂબ જ પ્રચારકાર્ય થાય છે.

આ સાધનથી દેશવટો ભોગવતા રાજવીઓ કે દેશનિકાલ થએલા રાજનૈતિક પુરુષો દૂર પારકા દેશમાં બેઠાબેઠા પણ પોતાના સ્વદેશબંધુઓને પોતાના વિચારો દર્શાવી શકશે અને બળવો કરાવી શકશે. કોઈ નવીન ધર્મસંસ્થાપક એવી જ રીતે પોતાનો ધર્મ ફેલાવી શકશે અને સમાજસુધારક પોતાના સુધારક વિચારો સમસ્ત જગત સમક્ષ મૂકી શકશે. જપ્ત થએલું કે સરકારે મના કરેલું સાહિત્ય પણ 'સેન્સોરશિપ'ની અટકાયત વિના રેડિયો દ્વારા ફેલાવી શકાશે. મહાનમાં મહાન સત્તા તો શું પરંતુ ખુદ વિજ્ઞાન પણ આ હવાઇ યંત્રની સામે કંઇ શોધી શક્યું નથી. માત્ર જેની પાસે વધારે શક્તિવાળાં યંત્ર હશે તે બીજાને આડખીલી રૂપ થઈ શકશે. અને જ્યારે આમાં પ્રગતિ થઇને એક સામાન્ય રેડિયો સેટ ઉપર આટલાંટિક પારથી પણ બધું સાંભળી શકાશે ત્યારે તો ખરી હરીફાઈ થશે; કારણકે ચીન તથા જાપાન આ હવાઇ સત્તા મેળવવામાં યુરોપનાં રાજ્યો કરતાં કંઈ ઓછાં નહિ ઊતરે.

ટૂંકમાં, જેના હાથમાં સૌથી જબરદસ્ત રેડિયો ગ્રિડની ચાવી રહેશે તેના હાથમાં જ મહાન સત્તાની લગામો હશે. આ નવીન શોધથી જગત પ્રગતિને પંથે જશે કે વિનાશને, એ કોયડો વિચારમાં નાખે એવો છે. ('ધી પ્રેસ' રૂપરથી)

જીવનમાં નયનો પ્રવેશ

મને વિચાર થતો કે ઘરમાં એક વસ્તુ હોય, એ ક્યાં છે તેની ખબર હોય, પણ કોઈ માગે ત્યારે તેને વિષે 'નથી' 'છે છતાં હાથ આવતી નથી' વગેરે જવાબ લોકો શું કામ આપતા હશે? આપણી પાસે એક વસ્તુ હોય ને કોઈ તે માગે તો વાપરવા આપવી એ વાત સહજ છે. પણ બીજા તેને સાચવીને વાપરે નહિ, વાપરી રહ્યા પછી યાદ રાખી તે પાછી આપે નહિ, કે આપે તો સાફ કરે નહિ, ને પછી પોતાને જરૂર પડે ત્યારે માગવા જઇએ તો વસ્તુ જડે નહિ એવો અનુભવ વારંવાર થાય છે.

પછી માણસ વિચાર કરવા લાગે છે કે શું કરવું?

એના ત્રણ ઉપાયો હોય છે: કાં તો માણસ બધું સહન કરીને પોતાનામાં તેવા બનાવો પ્રત્યે સહિષ્ણુતા, ઉદારતા ને અક્રોધવૃત્તિ કેળવે.

અથવા તો બીજાને એકબીજાની વસ્તુ લેવાદેવા સંબંધિના નિયમો શીખવે; કે કાં તો 'મારી પાસે છે, આપી શકાય એમ છે, છતાં મારે આપવી નથી.' એમ ચોકખેચોકખું કહી દે.

પણ સામાન્ય જનોમાં પહેલા ઉપાયમાં જરૂરી તેટલી માનસિક તાકાત હોતી નથી; બીજામાં કહ્યું તેવું લોકશિક્ષણનું કામ કરવાની યોગ્યતા ને ધીરજ હોતી નથી; ને ત્રીજામાં કહ્યું તેમ સ્પષ્ટ કહીને તેને પરિણામે ઉત્પન્ન થતો સામાજિક અણગમો વહોરી લેવાની ઇચ્છા હોતી નથી. તેથી સામાજિક નબળાઇનો ને નૈતિક અધોગતિ પ્રત્યે લઈ જનારો ઉપાય જન્મ પામે છે અને બહાનાં બતાવી કહે છે કે 'ભાઈ શું કરીએ ? થઈ રહ્યું છે? હાથ આવતું નથી' વગેરે.


બધા આમ કરે છે તેથી પરસ્પરનો વિશ્વાસ ચાલ્યો જાય છે ને આસ્તે આસ્તે સમાજ ને વ્યક્તિ અધોગતિએ જાય છે.

આ ઉપાયપરંપરા જાણ્યા પછી મનુષ્યે પ્રયત્નથી ત્રીજામાંથી બીજામાં ને બીજામાંથી પહેલામાં આવવાની શક્તિ કેળવવી જોઇએ.

—તારાબેન

સ્કલ્પ્ટોગ્રાફી—કૅમેરાથી ઘાટઘડતર

ઈસાવો મોરીઓકા (Isao Morioka) નામના જાપાની કારીગરે એક એવો અજબ કૅમેરા બનાવ્યો છે કે જે વડે માણસની સર્વ બાજુઓની છબી અનેક રેખાઓમાં એક ફિલ્મ ઉપર પડી જાય છે અને પછીથી તે ફિલ્મ મોટા માપના ઍલ્યુમીનિયમના એક રોલ પર છાપી, કાપી, મૂર્તિના ઘાટ રૂપે ગોઠવતાં માણસનું આબેહૂબ પૂતળું બની જાય છે. આથી કોઇને પોતાનું પૂતળું કરાવવું હોય તો, જેમ ફોટોગ્રાફરને ત્યાં છબી પડાવવા જઇએ તેમ સ્કલ્પ્ટોગ્રાફીના સ્ટૂડિયોમાં જઇ માત્ર ચાર સેકંડ કૅમેરા સાંમે બેસવું પડે છે; પછી આ-



પેલી મુદતે જોઇતા માપનું પૂતળું લેવા જવાનો જ આંટો. આ પૂતળું ફોટોગ્રાફીની જેમ અસલ માણસની આબેહૂબ મૂર્તિ બની રહે છે.

આની સ્કલ્પ્ટોગ્રાફી માટે જે કરામત ગોઠવી છે તેનો સિદ્ધાંત સમજવામાં સહેલો છે, પણ ક્રિયાઓ અટપટી છે. જેની મૂર્તિ કરવી હોય તેને ગોળ ચક્કર ફરતી એક બેઠક પરની ખુરશી આપવામાં આવે છે અને તેનાથી ૩૦ ડિગ્રી પર, મિનિટમાં ૧૯૦૦ ચિત્રો પાડી શકે એવો પાસ હંમેશ તૈયાર

હોય છે. એ કૅમેરામાં એક દાંતાની મદદથી ફિલ્મને ખસતી કરવામાં આવે છે. બેસનારની ખુરશી ચારપાંચ સેકંડમાં આખું ચક્કર પૂરું કરે એટલી વારમાં કૅમેરામાં ૪૫૪ છબીઓ નોંધાય છે. દાંતાના આંચકાથી ફિલ્મ એટલી ઝડપથી ખસે છે કે તેટલા વખતમાં છબી પડવી અશક્ય બને છે, પરંતુ કૅમેરાની બાજુમાંથી એક બીજા યંત્રની તડમાંથી જોસદાર રોશનીનું એક બારીક કિરણ બેસનાર ઉપર ફેંકાય છે અને તેના જ આંકા ફિલ્મ પર નોંધાય છે. પછીથી એ ફિલ્મ ઉપરથી લગભગ દોઢ ફીટ પહોળા ને વીસ ફીટ લાંબા ઍલ્યુમીનિયમના પટ ઉપર મોટી છાપ તૈયાર થાય છે અને હોશિયાર કારીગરો કિરણના આંકા પ્રમાણે તેની ચીપો કાતરી નાખે છે. એ ચીપોને તાર વતી ગોળાકારે બાંધે છે ત્યારે પહેલી વાર માણસનો કાચો ઘાટ બંધાએલો નજરે પડે છે. બાંધેલી ચીપોની વચ્ચેના ખાંચા પૂરવાને તેમાં મીણ ભરી દેવામાં આવે છે એટલે ઘાટ પૂરો બંધાય છે. પછી એક કુશળ શિલ્પી તેની ઉપર સફાઈ અને સ્વચ્છતા ઉતારે છે. ત્યાર બાદ બીજાઓ તેના પરથી પ્લાસ્ટરનું બીબું કરી લે છે અને તેમાંથી અસલ ગાભો કાઢી નાખી તેમાં આરસની બનાવટનો રસ રેડે છે એટલે ગ્રાહકને આપવા યોગ્ય પૂતળું તૈયાર થઇ જાય છે.

('પૉપ્યુલર સાયન્સ'માંથી ચિત્રો સાથે)

અનનાસ

આ ફળને ગુજરાતી અને મરાઠીમાં અનનાસ, અંગ્રેજીમાં પાઇનઍપલ, હિંદીમાં અન્નાનાસ તથા લૅટીનમાં અનનાસા સેટીવા કહે છે. વેસ્ટ ઇન્ડીઝના ટાપુમાંથી આ ફળ ઘણા જથ્થામાં આવે છે, તેથી તે થોડા વખતથી જાણીતું થયું છે. દક્ષિણ અમેરિકામાં પણ તેનો પાક સારો થાય છે. ઉષ્ણકટિબંધમાં અને તેની આસપાસના પ્રદેશોમાં વધુ પ્રમાણમાં તેનો પાક થાય છે. સ્પેનમાં તેને પીનાસ (Pinas), પોર્ટુગાલમાં અનનાસ અને બ્રાઝીલમાં નનાસ (Nanas) કહે છે.

પોર્ટુગીઝો પહેલવહેલો તેનો છોડ હિંદના પશ્ચિમ કિનારે લાવ્યા, પણ તેના પૂર્વ કિનારા પર સારો પાક થાય છે એમ જાણી તેઓ ત્યાં લઇ ગયા, અને મોટા જથ્થામાં ઉગાડવા લાગ્યા. કલકત્તા, બંગાળ, આસામ અને બ્રહ્મદેશમાં આ ફળ ઘણાં થાય છે. ગરમ ભીનાશવાળી આબોહવા અને રેતાળ ચીકણી બગરી માટીવાળી જમીનમાં અનનાસ ઘણા જથ્થામાં થાય' છે એમ માલુમ પડ્યું છે.

હિંદુસ્તાનમાં ઘણી જાતનાં અનનાસ થાય છે. બંગાળામાં અનનાસના જે છોડ ઉગાડવામાં આવે છે તે ઝાડના ક્યારડામાં ઉગાડવામાં આવે છે. સીલોનમાં સૌથી સારાં અનનાસ થાય છે. તે જ્યારે ઊગવા માંડે છે ત્યારે લીલાશપડતાં હોય છે, પણ પાકે છે ત્યારે નારંગી રંગનાં થાય છે. હજુસુધી તેની બીજી જાતો જાણવામાં આવી નથી. છતાં પણ તેની ઘણી જાતો થાય છે એમ માલુમ પડ્યું છે.

અનનાસને ઉગાડવા માટે રેતાળ ચીકણી માટીવાળી અને પાણીની છટવાળી જમીન ઘણી જ અગત્યની છે. તેનો સારો પાક લાવવા માટે તેના ઝાડના થડ આગળ જનાવરોનું ખાતર નાખવામાં આવે છે. આ છોડને ઘણું ખાતર નાખવું પડતું નથી પણ તેના ઉપયોગ જેટલું થોડું જ ખાતર નાખવામાં આવે છે, વધારે ખાતર નાખવાથી તેનો છોડ નાશ પામે છે. ઝાડનાં પાંદડાં કહોવડાવેલી જમીન સૌથી સારો પાક આપે છે.

ઑગસ્ટ મહિનામાં આ છોડને સૂર્યનો તાપ બરાબર તેના ઉપર પડે એવી જમીનમાં ખુલ્લા રોપવામાં આવે છે. દરેક છોડ વચ્ચે બે ફુટનું અને દરેક હાર વચ્ચે ત્રણ ફુટનું અંતર રાખવું પડે છે, કે જેથી તેનાં મૂળ જમીનમાં બરાબર ફેલાય અને પોષાય. જો દરેક હાર વચ્ચે છ ફુટનું અને દરેક છોડ વચ્ચે ત્રણ ફુટનું અંતર રાખ્યું હોય તો તે ઉપર પ્રમાણે કરવા કરતાં યે વધારે પાક આપે છે.

વર્ષાઋતુ બાદ શિયાળામાં—ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં છોડને ફળ આવવા લાગે છે ત્યાં સુધી તેને પાણી પાવું પડતું નથી. તે પછી છેક, જુલાઈ ઑગસ્ટ મહિનામાં તે પાકીને તૈયાર થાય છે. આ પછી સપ્ટેમ્બર, ઑક્ટોબર મહિનામાં તેનો સારો પાક થાય છે. કેટલીક વખત તે ઠંડી ઋતુમાં પણ સારો પાક આપે છે.

અનનાસ પાકી જાય છે ત્યારે તેને ધારવાળા ચપ્પુ વડે કાપી લેવામાં આવે છે અને પરદેશ ચડાવવામાં આવે છે. બીજાં ફળોની માફક તેને ઉપરાઉપરી રાખવામાં નુકસાન થાય છે. દરેક ફળને પરાળમાં લપેટવામાં આવે છે અને એક પેટીમાં બેથી ત્રણ ફળ રાખીને પરદેશ ચઢાવવામાં આવે છે. વધારે પાકી જવાથી પાકેલી કેરીની માફક તે પણ ચંદાઇ જાય છે અને તેમાંથી ફીણ નીકળે છે.

આ છોડનાં પાંદડાં કેવડાને મળતાં આવે છે; તેના ફળની ઉપરનાં ડાળખાં પણ તેવાં જ હોય છે. કેવડાની માફક તેને પણ નાના નાના કાંટા હોય છે અને તેથી જગરુખ અંજીરની માફક પક્ષીઓ તેનો બગાડ કરતા નથી. આ ઝાડને વચમાં જ ફળ આવે છે. કેરીની માફક તેનો મુરબ્બો બનાવી શકાય છે, તે ઘણો સ્વાદિષ્ટ લાગે છે. નાળીએરનાં છોડાંનાં જેમ દોરડાં બનાવવામાં આવે છે, તેમ અનનાસનાં પાંદડાનાં પણ મજબૂત દોરડાં બનાવી શકાય છે. ઝાડાના બંધકોષ માટે આ ફળના નાના નાના કકડા કરી ઉપર સિંધવ અને મરી મેળવી ખાધું હોય તો સારો ફાયદો કરે છે.

(સંકલિત) —જયંતીલાલ શંભુલાલ લોઢાવાળા

ચણા

ચણાને સંસ્કૃતમાં હરિમંથ, હિંદીમાં ચના, મરાઠીમાં હરબરા, બંગાલીમાં ચણક, ફારસીમાં નખુદ અને અંગ્રેજીમાં ગ્રામ કહે છે.

જે લોકો ખેતરે પોંક ખાવા ગયા હશે તેઓએ તો મગ-

ફળીના છોડ કરતાં પણ નાના ચણાના છોડ જોયા તો હશે જ. ચણાના છોડને એક ટૂંકું પણ ઊંડું ગએલું મૂળ હોય છે ને તે મૂળ પર મગફળીના જેવા ગાંઠા હોય છે. છોડના થડ પર બારીક રૂંવાંટી હોય છે.

અનાજની અદળ અને દ્વિદલ એવી બે જાત હોય છે એ વાત તો દરેક જણ જાણતું જ હશે. જે અનાજની બે ફાડ થાય તે દ્વિદલ. ચણા, વાલ વગેરે દ્વિદલી ગણાય. જુવાર, બાજરી, ઘઉં વગેરે અદળ ધાન્ય ગણાય.

ચણાના છોડની ઊંચાઇ આશરે દોઢ ફુટની હોય છે. આસો માસની શરૂઆતમાં મોટે ભાગે તેની વાવણી થાય છે ને ચાર પાચ મહિનામાં તો તે બરાબર ઊગીને તૈયાર થઈ જાય છે.

ચણાના છોડને પ્રથમ પોપટા આવે છે. એ પોપટામાં સામાન્યતઃ એક અને ઘણી વાર બે દાણા હોય છે. એક છોડ પર આવા ૬૦થી ૭૦ પોપટા ઓછામાં ઓછા લાગે છે. જમીન સારી હોય તો દાણો મોટો અને પોપટા પણ વધુ બેસે છે. ઘણા લોકો લીલા કુમળા ચણાને પોપટા સાથે શેકી તેનો ઓળો પાડી પછી ફોલીને ખાય છે, જે ખાવાની ખૂબ જ મઝા પડે છે હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે ચણાનો પાક થાય છે. આપણા ગુજરાતમાં પણ પુષ્કળ પાક થાય છે.

પોપટામાંના ચણા શરૂઆતમાં તો લીલા રંગના હોય છે, પણ પાછળથી સુકાઈ જતાં ફિક્કા બદામી રંગના થઈ જાય છે. આ ઉપરાંત ચણાના છોડનાં પાંદડાં પર એક જાતનો રસ એકઠો થાય છે. એ રસમાં એક પ્રકારનો ઍસિડ હોય છે અને તે ચણાના ખારના નામથી ઓળખાય છે તથા દવામાં વપરાય છે. આ ખારમાં બી પલાળી વાવવામાં આવે તે બધાં ઘણાં જલદી ઊગી નીકળે છે.

ચણા વૈદક દૃષ્ટિએ ઘણું ઉપયોગી ધાન્ય છે. શેકેલા ચણા ઘણા જ પૌષ્ટિક મનાય છે. પલાળીને વાટેલી ચણાની દાળ પણ તેટલી જ પૌષ્ટિક ગણાય છે.

શરીરમાંથી જો પરસેવો બહુ જ નીકળતો હોય તો શેકેલા ચણા, અજમો અને વજનું ચૂર્ણ શરીર પર ચોળવાથી બંધ થઇ જાય છે. રાત્રે સૂતી વખતે થોડા ચણા ખાવાથી સળેખમ મટે છે એમ વૈદકશાસ્ત્ર કહે છે, પણ ચણા ખાધા પછી ઉપર પાણી પીવાની મનાઇ કરે છે. એમ કહેવાય છે કે ચણાનો ખાર કૉલેરા માટે અકસીર છે. એવે વખતે દર્દીને એકથી બે તોલા ખાર આપવાથી આરામ થાય છે. ધાતુપુષ્ટિ, બરોળ, મસ્તકવાયુ, કમળો વગેરે દર્દોમાં ચણાનો છોડ ઘણો ઉપયોગી છે. (સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

સૂર્ય હોલવાઈ જાય તો ?

તમને કદી એમ થયું છે કે વીજળીની બત્તીનો 'ફ્યુઝ' જેમ ઊડી જાય છે તેમ એકાએક સૂર્યનારાયણ જ અલોપ થઈ જાય તો શું થાય ? નહિ ? તો સાંભળો:

આઠ મિનિટ સુધી તો આપણને તેની જરા યે ખબર જ ન પડે, કારણકે સૂર્ય અને આપણી વચ્ચે જે નવ કરોડ ને દસ લાખ માઇલનું અંતર છે તે કાપતા પ્રકાશને આઠ મિનિટ લાગે છે. એ આઠ મિનિટ પસાર થાય એટલે અંધકાર વ્યાપી જાય.

પછી આવે ઠંડી, ને તે એવી કે સો સમુદ્રોને એક છેડાથી બીજા છેડા સુધી ઠારીને બરફ કરી નાખે. પછી થોડી જ વારમાં હવા પણ પહેલાં પ્રવાહી બની જાય ને પછી ઘન બની જાય.

ત્રીજા દિવસ સુધીમાં તો પૃથ્વી પરનાં બધાં પશુઓ અને પક્ષીઓ મૃત્યુ પામે. મનુષ્ય કદાચ બીજા સાત દિવસ જીવે. આ ઠંડીથી થરથરતાં ગરીબ, નાશવંત માનવ પ્રાણીઓનાં ટોળેટોળાં તેમણે ઊભી કરેલી મોટી મોટી ભઠ્ઠીઓની આસપાસ એકઠાં મળેલાં હોય એવા દૃશ્યની કલ્પના કરો. પણ એ અગ્નિઓ પણ જલદી જ ઠરી જવાના અને માનવજાત પણ મરી જવાની ! (નવી રોશની)

નવું વાચન

બ્રાહ્મણુનીગો મૂળ લેખક પંડિત શ્રી દેવશર્મા 'અભય' ના હિંદી ઉપરથી અનુવાદક તથા પ્રકાશક: નારાયણ દલપતરામ ભગત, ખાડીઆ ઘોળેશ્વર મહાદેવ અમદાવાદ, મૂલ્ય-વેદપ્રેમ; **બાલવિજ્ઞાન ભાગ ૩** લેખક: સૌ. વિમળા સેતલવાડ, પ્રકાશક-પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, ૧-૮-૦; **વિશ્વકર્મા પોથી** (પૉકેટ ડાયરી): યોજક-પ્રકાશક: વિશ્વનાથ એન્જીનીઅર, વિશ્વકર્મા કાર્યાલય, હજીરાની પોળ, રાયપુર અમદાવાદ. **નવો અવતાર** (તૃતીય ખંડ) અનુવાદક: વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પ્રકાશક: પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, કિં. ૧-૦-૦; **હાલતાંચાલતાં** લેખક: ગિજુભાઇ; પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્ર૦ મંદિર ભાવનગર, ૦-૧૦-૦; **પ્રતિમાઓ** લેખક: ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક ફુલછાબ કાર્યાલય રાણપુર, ૧-૪-૦; **ભૂતકાળના પડછાયા પહેલો** ભાગ-બીજી આવૃત્તિ-પાકું પૂઠું લેખક: ગુણવંતરાય આચાર્ય, પ્રકાશક ઉપર મુજબ, ૧-૦-૦; **સામાજિક ટૂંકી વાર્તાઓ** ગ્રંથ ચોથો-ભાગ ૯મો, સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ અખંડાનંદ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. કિંમત ૧-૮-૦. **હિમાલયનો પ્રવાસ** (ત્રીજી આવૃત્તિ-જેમાં પ્રવાસવર્ણન પૂરું કર્યું છે) લેખક: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ; ૦-૧૨-૦. **શા માટે?** (થોડાએક માનસશાસ્ત્રીય ઉકેલો) લેખક: હરભાઇ; પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મદિર ભાવનગર, ૦-૮-૦. **મેના યાને ચંબલનું યુદ્ધ** લેખક: નરલિકા તર્જની, પ્રકાશક: જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ; ૨-૦-૦. **જીવનશોધન** લેખક: કિશોરલાલ ઘ. મશરૂવાળા; પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ; ૧-૦-૦.

રોમન વક્તા સિસેરોને કોઈ અમીરે અવગણનાપૂર્વક કહેલું કે 'તમે તો સામાન્ય લોકોમાંના જ ને?' સિસેરોએ જવાબ આપેલો: 'હા, હું સામાન્ય તો ખરો જ; પણ મારા કુટુંબની કુલીનતા મારાથી શરૂ થાય છે, જ્યારે તમારી કુલીનતાનો તમારી સાથે જ અંત આવવાનો છે.'

અનેકાર્થી શબ્દ: હેલ=બોજો, ભાર; છાણાં લાકડાંનું બળતણ ભરેલું ગાડું; સ્ત્રીએ માથે મૂકેલું પાણીનું બેડું; બોજો ઊંચકવાની મજુરીનાદામ,હેલકરીનુંકામ.


કહેવતો કેમ પડી?—'ગધેડાં ચાલે બાર ગાઉ તો કુંભાર ચાલે ચૌદ ગાઉ.' ગધેડાંને નાથ કે લગામ કંઇ ન હોવાથી તેઓ આડાંઅવળાં કે છુટાં ચાલે તેમને સીધાં ને એકઠાં ચલાવવા માટે કુંભારને ચારે તરફ દોડાદોડી કરવી પડે છે.ભાવાર્થ: મૂર્ખને સીધો રાખતાં વધુ મહેનત પડે.

મધ, ઘી, ગંધક અને મીઠા સાથે ડુંગળીનો રસ મેળવી મસા ઉપર ચોપડવાથી ફાયદો થાય છે.

ચશ્માની પહેલવહેલી શોધ તેરમી સદીમાં ફ્લૉરેન્સ (ઈટલી) ના ઍલેસ્સાન્ડ્રો ડી સ્પાઇના નામના સાધુએ કરેલી કહેવાય છે. જોકે કેટલાક માને છે કે રૉજર બેકને પહેલાં તે શોધેલાં.

ઈંગ્લંડની ચોપડીઓનો વેપાર કરનારને એક ફાયદો હોય છે તેની બહુ ઓછાને ખબર હશે. ઇંગ્લંડમાં બુકસેલરોનો ડઝન ૧૩ નંગનો ગણાય છે. તમે અમુક પુસ્તકની એક ડઝન નકલ મંગાવો તો તેઓ તેર નકલ મોકલે. પછી અહીં તો વેપારીને તે નફામાં જ રહેને?

પાનમાં ખાવાના ચૂનાને પાણીમાં ધોળી ઠરવા દીધા પછી ઉપરની આછ નીતારી લઇને તેમાં સરખે ભાગે તલનું તેલ ખૂબ ઘૂંટીને મિલાવવાથી નરમ વેસેલાઇન જેવો મલમ બનશે, જે દાઝ-દરાજ, ખસખુજલી તથા ગડગુમડ ઉપર ચોપડવાથી ઠરશે અને રૂઝ લાવશે.



ચોપડીઓ તથા ચોપાનિયાં ઓફીસમાં રાખવાની આ ફરતી અભરાઇમાં ચોપડીઓને એક બાજુને પડખે ટેકવી રાખવાને A આગળ જે ગોઠવણ કરી છે તે ઘણાને ઉપયોગી લાગશે. જાડા પતરાની એક પ્લેટ, અભરાઈના ચિત્રની બાજુમાં બતાવેલા A વાળા નકશા તથા નમૂના પ્રમાણે કાપીને અભરાઇના તળિયાના પાટિયાની જાડાઈ પ્રમાણે વાળી તેની ઊભી ખાંચમાં ચોપડીના જ માપનું એક પાટિયું કાપી જડી લેવાથી તે ટેકા તરીકે ઊભું રહેશે અને બંને બાજુએ સરકાવી શકાશે.

હબ્શી લોકોની હોળી વખતે. દર વર્ષે કુદરતી રીતે વરસાદ આવે છે. હોળી ભર ઉનાળામાં આવે છે અને ત્રણેક દિવસ ચાલે છે, જે દરમ્યાન ગમે ત્યારે એકાદ વખત આશ્ચર્યકારક રીતે વરસાદ આવી જ જાય છે.



સરગવાના ઝાડનાં મૂળ છાશમાં ઘસીને જે જગ્યાએ વાળો નીકળ્યો હોય ત્યાં જાડો લેપ કરવાથી વાળો બળી જશે.

સીવવાના (કે કોઇપણ એવા ઘરગથ્થુ) સંચાનો પટ્ટો ઢીલો પડી લપસી જતો હોય તો પાંચેક મિનિટ ગરમ પાણીમાં રાખી તડકામાં સૂકવી નાખવો; અને નવો પટ્ટો બહુ સખત પડતો હોય તો ગરમ પાણીમાં રાખ્યા બાદ તરત પૈડા પર ચડાવી ઢીલો કરી નાખવો.

તમારા મોંમાં કેટલા દાંત છે? જગતના ૯૮ ટકા માણસો આ હકીકત જાણતા નથી હોતા. તમે જાણો છો?

રશિયાના સોવીએટ યૂનિયનમાં ૧૫૦ જુદીજુદી ભાષાઓ બોલતા ૧૮૦ જાતના લોકો વસે છે.

ઘોબા પડેલા કચકડાના દડા, ઘુઘરા વગેરેને ગરમ પાણીમાં નાખવાથી, ગરમીથી અંદરની હવા ફૂલીને ઘોબા ઉપડી આવશે અને સમા થઇ જશે.

ફોટોગ્રાફો ઉપર પડેલા ડાઘ મેથીલેટેડ સ્પિરિટમાં બોળેલા ચોખ્ખા રૂના પોતા વડે ઘસી કાઢવાથી સાફ થઈ જશે.

દુનિયામાં ઊંચાઇમાં શિરોમણિ ગણાતાં અમેરિકાનાં રેડવૂડ કે ઑસ્ટ્રેલિયાનાં યુકૅલિપ્ટસ ઝાડ ૩૦૦ ને ૪૦૦ ફીટ ઊંચાં થાય છે; પણ તેનાથી યે ચડે એવી ઊંડાઇના વેલા દરિયામાં થાય છે. રૉબર્ટસનને ઍન્ટાર્કટિક તરફ જતાં વિષુવવૃત્તની દક્ષિણે એવા વેલા મળી આવેલા, જેનો ઉપરનો ભાગ સપાટી પર તરતો હતો પણ મૂળ છેક ૫૦૦ ફીટ ઊંડાં હતાં. બાજુએ બન્નેની સરખામણી કરતું ચિત્ર આપ્યું છે.